BAOU
Education
for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

પ્રથમ વર્ષ બી.એ. - ઈતિહાસ


પેપર - ૧

(મુખ્ય તથા ગૌણ)

**HISM / HISS-101**

## પ્રાચીન ભારતનો ઈતિહાસ

(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)




## વિભાગ-૨ ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીથી મૌર્ય સામ્રાજ્ય સુધી

BAOU Education for all

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપ:' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.

**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

| | |
|---|---|
| **સંપાદન:** | |
| પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય | નિયામક, સ્કૂલ ઓફ હ્યુમિનિટીઝ એન્ડ સોશ્યલ સાયન્સિસ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. સોનલ ચોધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ. |
| **વિષય સમિતિ:** | |
| ડૉ. સોનલ ચોધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ |
| ડૉ.અરુણ વાઘેલા | પ્રોફેસર અને અધ્યક્ષ , ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ |
| ડૉ. લલિત પટેલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ |
| **પરામર્શન (વિષય):** | |
| ડૉ. લલિત પટેલ<br>ડૉ.પ્રફુલા રાવલ | પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ<br>પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ,રાજકોટ |
| ડૉ. પ્રદ્યુમન ખાચર | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, મહિલા કોલેજ, જૂનાગઢ. |
| **લેખન:** | |
| ડૉ. સોનલ ચૌધરી | આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. અમૃત ઠાકોર | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,આદિવાસી આર્ટસ અને કોમર્સ કોલેજ,<br>સંતરામપુર |
| ડૉ. હરપાલ રાણા | અસોસીએટ પ્રોફેસર, અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. |
| ડૉ. મોતી દેવુ | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,ગુજરાત વિદ્યાપીઠ, સાદરા |
| ડૉ. સુરેશ પટેલ | અસોસીએટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ ,શેઠ પી.ટી. આર્ટસ અને સાયન્સ કોલેજ,<br>ગોધરા |
| **પરામર્શન (ભાષા) :** | |
| ડૉ. હેતલ ગાંધી<br>ડૉ. જાગૃતિ મહેતા<br>ડૉ. દિનેશ ભદ્રેસરિયા<br>ડૉ. દિનુભાઈ ચુડાસમા<br>પ્રા. ઉર્વિકા પટેલ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી<br>આસિસ્ટન્ટ પ્રોફેસર, ગુજરાતી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી |

**પ્રકાશક: ડૉ. ભાવિન ત્રિવેદી, કાર્યકારી કુલસચિવ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

Copyright © Dr. Babasaheb Ambedkar Open University – Ahmedabad. June 2020

This publiation is made available under a Creative Commons Attribution-NonCommercial-ShareAlike 4.0 International (CC BY-NC-SA 4.0) https://creativecommons.org/licenses/by-nc-sa/4.0/

**ISBN "979-93-89909-01-2"**

All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means without permission in writing from Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad. While all efforts have been made by editors to check accuracy of the content, the representation of facts, principles, descriptions and methods are that of the respective module writers. Views expressed in the publication are that of the authors, and do not necessarily reflect the views of
Dr. Babasaheb Ambedkar Open University. All products and services mentioned are owned by their respective copyrights holders, and mere presentation in the publication does not mean endorsement by Dr. Babasaheb Ambedkar Open University. Every effort has been made to acknowledge and attribute all sources of information used in preparation of this learning material. Readers are requested to kindly notify missing attribution, if any.

ડૉ .બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**HISM/HISS-101**

# પ્રાચીન ભારતનો ઈતિહાસ
# (પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી)

## વિભાગ-2
## ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીથી મૌર્ય સામ્રાજ્ય સુધી

**એકમ-5**

ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં ગૌતમ બુદ્ધ

**એકમ-6**

ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં મહાવીર સ્વામી

**એકમ-7**

જનપદ અને મહાજનપદની શાસન વ્યવસ્થા, સમાજજીવન, વેપાર સિક્કાઓ અને હસ્તકલા

**એકમ-8**

મગધના રાજ્યોનો વિસ્તાર તથા મૌર્યવંશની સ્થાપના અને સમ્રાટ અશોકની સિદ્ધિઓ

**એકમ-9**

મૌર્ય સામ્રાજ્યનું વહીવટીતંત્ર તથા અર્થતંત્ર

**એકમ-10**

મૌર્ય સામ્રાજ્યનું વિઘટન

## વિભાગ-2 ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીથી મૌર્ય સામ્રાજ્ય સુધી :

પ્રાચીન ભારતનો ઈતિહાસ (પ્રાગ ઐતિહાસિક યુગથી ઈ.સ.ની છઠ્ઠી સદી સુધી) પેપર-1 ના વિભાગ-2 "ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીથી મૌર્ય સામ્રાજ્ય સુધી" માં કુલ પાંચ એકમોનો સમાવેશ થાય છે. જેમાં ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં થયેલ બે મહાપુરુષોથી લઈ મોર્ય સામ્રાજ્યના વિઘટન સુધીની માહિતી આવરી લેવામાં આવી છે.

એકમ– 5 ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીના નવા ધાર્મિક પ્રવાહો જેને સમાજમાં ઉભા થયેલ આંડબરો સામે પ્રતિરોધ કરી નવિ ધાર્મિક દિશા બતાવી. આ સમયે ઉદ્દભવેલ નવા ધાર્મિક પ્રવાહોમાં મહત્વનો એવો બૌદ્ધ ધર્મ, એનો વિકાસ, ધર્મના સિધ્ધાંતો અને ધર્મનો નાશ થવા માટે જવાબદાર પરિબળોની ચર્ચા કરેલી છે.

એકમ- 6 જૈન ધર્મના ઉદય સમયની ભારતની સામાજિક અને ધાર્મિક સ્થિતિ વિશે તથા આ ધાર્મિક વિગતે વાત કરવામાં આવી છે. અહીં જૈનધર્મના 24 માં તિર્થંકર મહાવિર સ્વામી અને તેમના ઉપદેશોની સાથે સાથે જૈન ધર્મની ભારતીય સંસ્કૃતિને આપેલી ભેટની પણ માહિતી આપવામાં આવેલી છે.

એકમ- 7 ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં ધાર્મિક આંડબરો સામે ઉભા થયેલ નવા ધાર્મિક પ્રવાહોથી ધાર્મિક પરિવર્તન આવ્યુ. સાથે આ સમયની રાજકીય સ્થિતિ પણ જાણવી જરુરી છે. આ એકમમાં આ સમયના અલગ અલગ પ્રદેશોમાં શાસન કરતા જનપદો અને મહાજનપદો વિશે ચર્ચા કરવામાં આવેલ છે. પણ જાણવા જરૂરી છે. અલગ અલગ રાજ્યોમાથી કઈ રીતે 'સામ્રાજ્ય' ની રચના થઇ એ સમજવાની દ્રષ્ટિ એ આ એકમ ઘણું મહત્વનું છે.

એકમ – 8, 9, 10 ભારતનું સૌ પ્રથમ એક સૂત્ર મહાન સામ્રાજ્ય એવા મગધના રાજ્યનો વિસ્તાર અને મગધ પર મૌર્યવંશની સ્થાપના વિશે આ એકમમા વિગતે ચર્ચા કરવામાં આવિ છે. સાથે સાથે મૌર્ય વંશનો મહાન સમ્રાટ અશોકની સિદ્ધિઓ અને તેની મહાનતામાં કલગી રૂપ તેની ધાર્મિકનિતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવેલી છે. આવા મહાન સામ્રાજ્યના વિઘટન માટે કયા પરિબળો જવાબદાર હતા. તે વિશે માહિતગાર કરવામાં આવ્યા છે.

# એકમ- 5 ગૌતમ બુદ્ધ અને બૌદ્ધ ધર્મ

**રૂપરેખા**


5.0 ઉદ્દેશો

5.1 પ્રસ્તાવના

5.2 ગૌતમ બુદ્ધનું પ્રારંભિક જીવન

5.3 ગૃહ ત્યાગ અને જ્ઞાન પ્રાપ્તિ

5.4 ધર્મ પ્રચાર અને મૃત્યુ

5.5 બુદ્ધના ઉપદેશો

5.5.1 ચાર આર્ય સત્ય

5.5.2 અષ્ટાંગી માર્ગ

5.5.3 દશશીલ

5.6 બૌદ્ધ ધર્મ સંમેલન અથવા મહાસભા

5.6.1 પ્રથમ બૌદ્ધ મહાસભા

5.6.2 દ્વિતીય બૌદ્ધ મહાસભા

5.6.3 તૃતીય બૌદ્ધ મહાસભા

5.6.4 ચોથી બૌદ્ધ મહાસભા

તમારી પ્રગતિ ચકાસો

5.7 બૌદ્ધ ધર્મની શાખાઓ અથવા સંપ્રદાય

5.7.1 હીનયાન

5.7.2 મહાયાન

5.8 બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર

5.9 ભારતમાંથી બૌદ્ધ ધર્મનો લોપ

તમારી પ્રગતિ ચકાસો

5.10 સારાંશ

5.11ચાવીરૂપ શબ્દો

5.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

5.13 સંદર્ભગ્રંથો

**5.0 ઉદ્દેશો:**

આ એકમ શીખ્યા પછી તમે જાણી શકશો કે.....

- ઈ.સ.પૂ.છઠ્ઠા સૈકાના નવા ધાર્મિક પ્રવાહો
- બૌદ્ધ ધર્મનો ઉદ્દભવ અને વિકાસ
- આ ધર્મના મુખ્ય સિધ્ધાંતો
- બૌદ્ધ ધર્મની તાત્કાલિન સમાજ અને રાજાઓ પર અસર
- બૌદ્ધ ધર્મના લુપ્ત થવાનાં કારણો

**5.1 પ્રસ્તાવના:**

ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીએ ભારતમાં ધાર્મિક ક્રાંતિની સદી હતી. આ સમયને ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં એક મહત્વપૂર્ણ કાળ-બિંદુ માની શકાય. હવે વેદોની કર્મકાંડીય પરંપરાનું મહત્વ ઘટ્યું હતું. ઉપનિષદોએ જીવનની આધારભૂત સમસ્યા વિશે ચિંતન કરવાની સ્વતંત્રતા પ્રદાન કરી હતી. નવાં વિચારો તથા દાર્શનિક સિધ્ધાંતોનું એક એવું અભિપ્રેરક વાતાવરણ બની ગયું હતું કે જેના ફળ સ્વરૂપ અનેક ધાર્મિક પંથો અને સમુદાયની સ્થાપના થઇ. આ ધાર્મિક પંથોમાંથી મુખ્ય બે પંથો જેને ભારતીય સમાજ અને સંસ્કૃતિને વધારે પ્રભાવિત કર્યું છે. એ પંથ છે: જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ. આપણે અહીં બૌદ્ધ ધર્મની ચર્ચા કરીશું.

**5.2 ગૌતમ બુદ્ધનું પ્રારંભિક જીવન (જન્મ અને વિવાહ):**

ગૌતમ બુદ્ધનો જન્મ ઈ.સ. પૂર્વે **563** કે **566** માં શાક્યગણની રાજધાની કપિલવસ્તુમાં થયો હતો. અલબત તેમનો જન્મ હિમાલયની તળેટીમાં પૂર્વ લુમ્બિની વનમાં (આધુનિક રૂમ્મીન દેઈ) નામના ગામમાં થયો હતો. બુદ્ધના જન્મની તારીખ ચર્ચાનો વિષય છે છતાં મોટા ભાગના વિદ્વાનો ઈ.સ. પૂર્વે 563 કે 566 ના મતમાં છે. બુધ્ધના પિતા શુધ્ધોધન રાજધાની કપિલવસ્તુની શાકય જાતિના પ્રમુખ હતા. તેમની માતાનું નામ માયાદેવી અથવા મહામાયા હતું. જન્મના તરત પછી માતાનો સ્વર્ગવાસ થવાથી મહાત્મા બુદ્ધનું લાલન-પાલન માસી મહાપ્રજાપતિએ કર્યું.

મહાત્મા બુદ્ધનું બાળપણનું નામ સિધ્ધાર્થ હતું. એક જનશ્રુતિ મુજબ એમ કહેવામાં આવે છે કે એક જ્યોતિષે ભવિષ્યવાણી કરી હતી કે "ગૌતમ એક મહાન ચક્રવર્તી સમ્રાટ બનશે અથવા તો એક મહાન સંન્યાસી." બાળપણથી જ સિધ્ધાર્થનું ધ્યાન આધ્યાત્મિક ચિંતન તરફ રહેતું. તેઓ એકાંતપ્રિય અને સતત ચિંતનશીલ રહેતા. સંપતિ, રાજપાટ કે પરિવારમાં એમનું મન બેસતું નહોતું. આથી એમના પિતાએ નાની ઉંમરમાં જ યશોધરા નામની સુંદર ક્ષત્રીય કુમારી સાથે સિધ્ધાર્થના લગ્ન કરાવી દીધા. યશોધરાથી એમને રાહુલ નામે પુત્ર પ્રાપ્ત થયો.

**5.3 ગૃહત્યાગ તથા જ્ઞાનપ્રાપ્તિ:**

સિધ્ધાર્થનું જીવન વૈભવવિલાસમાં પસાર થતુ હોવા છતાં તેમનું મન સંસારમાં લાગતુ ન હતું. પોતાના સારથી સાથે નગરયાત્રા દરમ્યાન માર્ગમાં એક દીવસ ક્રમશઃ એક વૃધ્ધ, એક રોગી અને સંન્યાસી અને એક શબને જોવે છે જેના કારણે એમની વિરક્તિ વધી ગઈ અને 29-30 વર્ષની ઉમરમાં પોતાની પત્ની યશોધરા અને પુત્ર રાહુલને સૂતેલી અવસ્થામાં મુકી સંન્યાસી

જીવન વિતાવવા માટે ગૃહ ત્યાગ કરી જ્ઞાનની પ્રાપ્તિ કરવા નીકળી પડ્યા. મહાવીર ગૌતમનું આ ગૃહ ત્યાગ "મહાભીનિષ્ક્રમણ" ના  નામથી ઈતિહાસમાં ઓળખવામાં આવે છે.
સત્ય અને જ્ઞાનની શોધમાં સર્વપ્રથમ એમને આલાર કાલામ અને ઉદ્રક નામના બે ઋષિઓની ભેટ થઇ. આ બંન્નેને ગૌતમે ક્રમશ ગુરુ બનાવ્યા. તેમની પાસેથી યોગ વિદ્યા શીખી. પરંતુ તેનાથી એમની જ્ઞાન-પીપાસા શાંત ન થઇ. પછી તેમને ઉરૂવેલા નામના સ્થળ પર નિરંજના નદીના તટ ઉપર પાંચ અન્ય સાથીઓ સાથે કઠોર તપ કર્યું, જેના કારણે તેમનું શરીર હાડપિંજર જેવું થઇ ગયું. શાસ્ત્રો અનુસાર એમનું ભોજન ઘણું ઓછું હતું. પત્તાનો રસ કે મુઠ્ઠી ભરીને દાળ જ એમના જીવન જીવવાનું સાધન હતું. આ તપશ્ચર્યાના ભારને તેઓ સહન કરી શક્યાં નહિ અને મૂર્છિત થઇ ગયા. આથી તેમને કઠિન માર્ગ છોડીને વધારે ભોજન લીધું. આથી જ્ઞાન પ્રાપ્તિની આશા સાથે રહેતા પાંચ બ્રાહ્મણોએ ગૌતમની તપસ્યા પર વિશ્વાસ ન રહેતા નિરંજના નદીના તટ પર ગૌતમનો સાથ છોડી દીધો. થોડાક સમય પછી બૌધિગયામાં પીપળાના વૃક્ષની નીચે વૈશાખી પુનમના દિવસે તેમને જ્ઞાન પ્રાપ્તિ થઇ. ત્યારથી તેઓ "બુદ્ધ (જ્ઞાની) ના નામથી ઓળખાયા અને જે વૃક્ષની નીચે તેમને જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે "બોધિ-વૃક્ષ" તરીકે ઓળખાયું. આમ, 35 વર્ષની ઉંમરે ગૌતમને બુદ્ધત્વ (જ્ઞાન) પ્રાપ્ત થયું.

### 5.4 ધર્મ પ્રસાર અને મૃત્યુ :

કેવલ જ્ઞાન પ્રાપ્તિ પછી બુદ્ધ સર્વપ્રથમ સારનાથમાં (ઋષિપત્તન) એમણે પોતાના પાંચ ભિક્ષુ સાથીઓને પોતાના પહેલો ઉપદેશ આપ્યો અને તેઓ ગૌતમ બુદ્ધના શિષ્ય થયા. પાંચ સાથીઓને આપેલ સર્વપ્રથમ ઉપદેશ બૌદ્ધ સાહિત્યમાં "ધર્મ-ચક્ર-પવર્તન" તરીકે ઓળખાય છે. પછીથી આ મહત્વ પૂર્ણ ઘટનાની સ્મૃતિમાં સમ્રાટ અશોકે એ સ્થાન પર સ્તંભ અને સ્તૂપનું નિર્માણ કરાવ્યુ.
આ પછી ગૌતમ બુદ્ધ ભ્રમણ કરી પોતાના ઉપદેશનો પ્રચાર કરવા લાગ્યા. એમણે લાયક પુરુષોને પ્રવ્રજ્યા આપી શ્રમણ (ભિક્ષુ) બનાવ્યા. એમાના શિષ્યોની સંખ્યા 30 સુધી પહોંચી ગઈ તો તેમને એક સંઘનું નિર્માણ કર્યું. ધીમે ધીમે શ્રવણોની સંખ્યા વધતાં તેઓમાં એ સમયના ગણતંત્ર પ્રકારનું વ્યવસ્થાતંત્ર ગોઠવ્યુ. બૌદ્ધ ધર્મ ગ્રહણ કરી સંઘમાં પ્રવેશ કરતી વખતે દરેક વ્યક્તિએ જે વચન બોલવાના હતા તે, "બુદ્ધ શરણંમ ગચ્છામી, ધર્મ શરણંમ ગચ્છામી, સંઘ શરણંમ ગચ્છામી" અથાર્ત "હું બુદ્ધ, ધર્મ અને સંઘની શરણમાં જાઉં છું."
તેઓ પોતાના પુત્ર રાહુલ અને ભાઈ નન્દને પણ સંઘની શરણમાં લીધા. પોતાના શિષ્ય આનંદના વિશેષ આગ્રહથી તેમણે પોતાની વિમાતા પ્રજાપતિને પણ સંઘમાં પ્રવેશ આપ્યો. આમ, સ્ત્રીઓને પણ પ્રવ્રજ્યા લેવાની છૂટ મળતાં ભિક્ષુ સંઘની જેમ, ભિક્ષુણી સંઘ પણ રચાયો. રાજગૃહમા સમ્રાટ બિંબિસાર, સારીપુત્ર, મહામૌદ્ગલ્યાન, શ્રીવાસ્તીના શ્રેષ્ઠી સુદત, શ્રીવાસ્તીની વિશાખા  અને વૈશાલીની આમ્રપાલી નામની ગણિકાએ, શ્રીવાસ્તીના અંગૂલિમાલ જેવા ક્રૂર નૃશંશ ડાકુએ બૌદ્ધ ધર્મ અપનાવ્યો. આ ઉપરાંત ગૃહસ્થાશ્રમમાં રહી બુદ્ધના ઉપદેશોનું પાલન કરનારા પુરુષો અને સ્ત્રીઓ ઉપાસકો અને ઉપસિકાઓ તરીકે ઓળખાયા.
આમ, બુદ્ધે સારનાથ, રાજગૃહ, નાલંદા, ગયા, શ્રીવાસ્તી, કપિલવસ્તુ, વૈશાલી, ચંપા વગેરે સ્થળોએ વિહાર કરી, લગભગ 45 વર્ષ  સુધી ધર્મોપદેશ આપ્યો. આમ 80 વર્ષની ઉંમરે ઈ.સ.

પૂર્વે 487માં કુશીનગર (કુશીનાર) નામના સ્થાન પર તેઓ નિર્વાણ પામ્યા. આ ઘટનાને ઈતિહાસમાં "મહાપરિનિર્માણ" કહેવામાં આવે છે.

### 5.5 બૌદ્ધ ધર્મનો ઉપદેશ :

ગૌતમ બુદ્ધનું સ્થાન જગતના મહાન વિચારકોમાં અગ્રપંક્તિમાં છે, ગૌતમ બુદ્ધે ભોગ-વિલાસનો માર્ગ જોયો હતો અને ત્યાગ-તપસ્યાના કઠોર માર્ગનો પણ એમણે જાત અનુભવ કર્યો હતો. એ બંને માર્ગોને 'એકાન્તિક' માની ને એમને "મધ્યમાર્ગનો ઉપદેશ કરતા કહ્યું કે મનુષ્યે અતિ ભોગવિલાસમાં ફસાવવું જોઈએ નહિ. તેમ કઠોર તપ-સાધનાના માર્ગનું પણ અવલંબન કરવું જોઈએ નહિ. એ બંને અંતિમને છોડી મધ્યમમાર્ગ અપનાવો જોઈએ". બોધિગયામા જ્ઞાન પ્રાપ્ત થયા બાદ બુધ્ધ ભગવાને જે ઉપદેશ આપ્યા તે આ છે. સંસાર દુઃખ મય છે, દુઃખનું કારણ તૃષ્ણા છે અને તેનો ઉપાય તૃષ્ણાનો ત્યાગ છે. તેના પરથી બૌદ્ધધર્મના ચાર આર્યસત્યો અસ્તિત્વમાં આવ્યા.

#### 5.5.1 ચાર આર્ય સત્ય :

I. **દુઃખ** : બુદ્ધના મતે સમસ્ત જીવન દુઃખમય છે : જન્મ જરા, મરણ, શોક, રુદન, અપ્રિયનું મિલન અને પ્રિયનો વિયોગ દુઃખ છે. સુખ પણ ક્ષણિક છે. તેનો નાશ થતા પણ દુઃખ જ ઉત્પન્ન થાય છે.

II. **દુઃખ સમુદાય** : પ્રત્યેક ક્રિયાની પાછળ કારણ હોય છે દુઃખનું કારણ સંસારિક સુખોની તૃષ્ણા છે. કામની તૃષ્ણા ઉત્પન્ન થવાથી, લોભ, લાલચ અને સુખ ભોગવવાની તૃષ્ણા વગેરે દુઃખના કારણ છે.

III. **દુઃખ નિરોધ**: 'કારણ' નું નિરાકરણ કરવામાં આવે તો કાર્યનો સ્વતઃ નિરોધ થઇ જાય છે. એ અનુસાર દુઃખના કારણો તથા તેની કારણભૂત પરિસ્થિતિઓનું નિવારણ કરી દેવામાં આવે તો દુઃખનો નિરોધ થઇ જાય, આથી નિદતિ દ્વારા તૃષ્ણા અને દુઃખમાંથી મુક્તિ મેળવાય છે.

**IV.** **દુઃખ નીરોધગામી માર્ગ** : ગૌતમ બુદ્ધે તૃષ્ણા અને સંસારિક દુઃખોનો અંત કરવા માટે મધ્યમ માર્ગનું પ્રતિપાદન કર્યું છે. આ દુઃખનિરોધ માર્ગ જે "અષ્ટાંગી માર્ગ" તરીકે પ્રસિધ્ધ થયા.

#### 5.5.2 અષ્ટાંગી માર્ગ : (સમતોલ અથવા સંયમિત માર્ગ)

I. **સમ્યક દ્દષ્ટિ** : સત્ય, અસત્યને ઓળખવાની અને ચાર આર્યસત્ય સમજવાની ક્ષમતા સમ્યક દ્દષ્ટિ છે.

II. **સમ્યક સંકલ્પ** : ઈચ્છા, તૃષ્ણા અને હિંસાથી મુક્ત સંકલ્પને સમ્યક સંકલ્પ કહેવામાં આવે છે.

III. **સમ્યક વાણી :** સત્ય, વિનમ્ર અને મૃદુતાથી બોલવું અને નિરર્થક વાર્તાલાપ ટાળવોએ સમ્યક વાણી કહેવામાં આવે છે.

IV. **સમ્યક કર્મ** : સારા અને સત્કર્મ. સમ્યક કર્મમાં પાંચશીલ મુખ્ય છે જેની આપણે આગળ વાત કરીશું.

V. **સમ્યક આજીવિકા** : હિંસા, ચોરી, વ્યભિચાર, અસત્ય ભાષણથી દૂર રહી ન્યાય પૂર્ણ માર્ગ પર ચાલીને પોતાની જીવિકા પ્રાપ્ત કરવી.

**VI. સમ્યક વ્યાયામ અથવા પ્રયત્ન**: અહીં વ્યાયામનો તાત્પર્ય શુધ્ધ મહેનત કે પુરુષાર્થ છે.

**VII. સમ્યક સ્મૃતિ** : કાયા , ચિત્ત અને મન શુધ્ધ રહે અને શ્રેષ્ઠ શિક્ષાનું સદા સ્મરણ કરવું.

VIII. **સમ્યક સમાધિ** : રાગ અને દ્રેષથી દૂર રહી ચિત્તની એકાગ્ર બનાવી રાખવું. જેનાથી આધ્યાત્મિક જ્ઞાનની પ્રાપ્તિ થાય. આમ સમ્યક્ સમાધિએ અંતિમ સાધના છે.

**5.5.3 દશશીલ**

ગૌતમ બુદ્ધ આચરણના દશ નિયમો નિર્ધારિત કાર્ય છે. જેમાંના નીચેના પંચશીલ અથાર્ત પાંચ આજ્ઞાઓ બૌદ્ધ ઉપાસકો અને ભિક્ષુઓ માટે અને આ ઉપરાંતના બીજા વિશેષ પાંચશીલ ભિક્ષુઓ માટેના છે. આમ, કુલ દસ શીલ પ્રબોઘેલા છે.

**i.** અહિંસાનું પાલન

**ii.** સત્યનું પાલન

**iii.** અસ્તેય (ચોરી ન કરવી)

**iv.** અપરિગ્રહ (વસ્તુનો સંગ્રહ ન કરવો)

**v.** બ્રહ્મચર્ય વ્રત (ભોગ-વિલાસી ન બનવું)

**vi.** સંગીત અને નૃત્યોનો ત્યાગ

**vii.** અંજન અને સુંગધિત દ્રવ્યોનો ત્યાગ

**viii.** કસમયના ભોજનનો ત્યાગ (રાત્રિ ભોજન ન કરવું)

**ix.** કોમળ શૈયાનો ત્યાગ

**x.** કામિની અને કંચનનો ત્યાગ

આ ઉપરાંત, ગૌતમ બુદ્ધએ કર્મવાદ, પુર્નજન્મવાદમાં, અનિશ્વરવાદમાં વિશ્વાસ મુક્યો છે. જાતિ પ્રથાનું ખંડન કર્યું છે, વેદો અને સંસ્કૃત ભાષાની પવિત્રતામાં અવિશ્વાસ કર્યો છે અને નિર્વાણ જ બૌદ્ધ ધર્મનું પવિત્ર લક્ષ્ય માન્યું છે.

---

**5.6 બૌદ્ધ ધર્મ સંમેલન અથવા મહાસભા**

---

**બૌદ્ધ** ધર્મના ચાર સંમેલન અથવા **બૌદ્ધ** સભા થઇ હતી. બૌધ્ધ ધર્મમાં ઊભા થયેલ મત-મતાંતરો દૂર કરવા તથા સાહિત્ય એકત્રિત કરવા **બૌદ્ધ** ધર્મની મહાસભા યોજાઈ.

**5.6.1 પ્રથમ બૌદ્ધ મહાસભા** મહાત્મા બુદ્ધના મૃત્યુના થોડા જ સમયમાં ઈ.સ. પૂર્વે 483માં રાજગૃહ પાસે સાતકર્ણી ગુફામાં પહેલી બૌદ્ધ મહાસભા થઇ. આ મહાસભાની અધ્યક્ષતા વિદ્વાન **બૌદ્ધ** ભિક્ષુ મહાકશ્યપે કરી હતી. આમાં 500 ભિક્ષુઓએ ભાગ લીધો. અહી બુદ્ધના ભાષણો, વાર્તાલાપો અને પ્રવચનોને એકત્રિત કરવામાં આવ્યા અને અનેક શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા. બુદ્ધના ઉપદેશોને બે પિટ્ટકમાં વહેંચવામાં આવ્યાં. જેને વિનય પીટક અને ધમ્મ પીટ્ટકના નામથી ઓળખવામાં આવે છે.

**5.6.2 દ્રિતીય બૌદ્ધ મહાસભા** : બુધ્ધના મૃત્યુના 100 વર્ષ બાદ ઈ.સ. પૂર્વે 387માં વૈશાલીમાં દ્રિતીય મહાસભાનું આયોજન થયું. આ સંમેલનમાં દસ સિધ્ધાંતોને ધર્મવિહીન ઘોષિત કરવામાં

આવ્યા. આથી વિરોધી ભિક્ષુ આનાથી પૃથક થઇ ગયા. આનાથી **બૌદ્ધ** સંઘમાં વિઘટનની પરિસ્થિતિ ઉત્પન્ન થઇ.

**5.6.3 તૃતીય બૌદ્ધ મહાસભા** : ત્રીજી **બૌદ્ધ** મહાસભા ઈ.સ. પૂર્વ ૨૫૧માં સમ્રાટ અશોક મૌર્યના શાસનકાળમાં થઇ. અશોકે મોગ્ગલીપુત્ત તીસ્સની અધ્યક્ષતામાં તૃતીય **બૌદ્ધ** સંગીતીનું પાટલીપુત્રમાં આયોજન કર્યું. સર્વપ્રથમ **બૌદ્ધ** ગ્રંથોનું નવીન વર્ગીકરણ કરીને અભીધમ્મ પીટકની રચના કરવામાં આવી. આમ ગૌતમ બુધ્ધના સંપૂર્ણ ઉપદેશ ત્રિપિટક નામથી પ્રસિધ્ધ થયા. આ ઉપરાંત સંઘમાં ફૂટ પાડવા માટે કઠોર દંડ આપવામાં આવશે અને **બૌદ્ધ** ધર્મના પ્રચાર માટે વિદેશોમાં ભિક્ષુ અને ભિક્ષુકોને મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ મહાસભાની સમાપ્તિ પછી મોગ્ગલીપુત્ત એ "કથાવસ્તુ" નામના ગ્રંથની રચના કરી. જેમાં મહાસભાના નિર્ણયોના આધાર પર સિધ્ધાંતોનું નિરૂપણ કરવામાં આવ્યું. આનાથી મિથ્યાચાર પર પ્રતિબંધ લાગ્યો.

**5.6.4 ચોથી બૌદ્ધ મહાસભા**: ચૌથી **બૌદ્ધ** ધર્મ સભાનું આયોજન કનિષ્ક ના શાસનકાળમાં કાશ્મીરમાં થયું. આ સભાની અધ્યક્ષતા પ્રસિધ્ધ **બૌદ્ધ** વિદ્વવાન વસુમિત્રએ કરી હતી. આ સંમેલનમાં અશ્વઘોષનો સહયોગ પણ પ્રાપ્ત થયો હતો. આ સભા સુધી બુદ્ધ અનુઆયીઓનો મતભેદ ઘણો વધી ગયો હતો. આથી આ સભામાં ઘણો વાદ-વિવાદ થયો અને મહત્વપૂર્ણ વિષયો પર વિચાર કરવામાં આવ્યો. આ સભામાં ત્રણ પીટકો પર ત્રણ મહાભાષ્યોની રચના કરવામાં આવી. આ સભામાં સંસ્કૃતને **બૌદ્ધ** ધર્મ ગ્રંથોની ભાષા બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. આ સભામાં બૌધ્ધ ધર્મ બે સંપ્રદાયમાં વિભક્ત થઇ ગયો. જેમાં 1. હીનયાન અને 2. મહાયાન. આ બે સંપ્રદાયો વિશે આપને હવે વિસ્તૃત માહિતી મેળવીશું.

**તમારી પ્રગતિ ચકાસો** :

**(ક) ખાલી જગ્યા પૂરો**

1. બુદ્ધનો જન્મ __________દિવસે થયો હતો.
2. બુદ્ધનું બાળપણનું નામ _________ હતું.
3. બુદ્ધે સૌપ્રથમ ઉપદેશ ____________માં આપ્યો.
4. જે વૃક્ષની નીચે ગૌતમ બુદ્ધને જ્ઞાન પ્રાપ્ત થયું તે વૃક્ષને ___________કહેવામાં આવે છે.
5. ગૌતમ બુદ્ધે દુઃખ દૂર કરવા ____________માર્ગનું પ્રતિપાદન કર્યું.

(ખ) બૌદ્ધ ધર્મના કેટલા સંમેલન,ક્યાં યોજાયા હતા?

**5.7 બૌદ્ધ ધર્મના સંપ્રદાય અથવા શાખાઓ** :

સુધારાવાદી બૌદ્ધો "મહાયાની" તરીકે અને રૂઢિચુસ્તો "હીનયાની" તરીકે ઓળખાવા લાગ્યા.

**5.7.1 હીનયાની** : આ સંપ્રદાય મહાત્મા બુદ્ધના ઉપદેશોનું અક્ષરસ: પાલનમાં વિશ્વાસ રાખતો હતો અને માનતો હતો કે એના પાલનથી જ વ્યક્તિ જીવન-મરણના ચક્કરમાંથી મુક્ત થઇ નિર્વાણ પ્રાપ્ત કરી શકે. આ સંપ્રદાય પવિત્રતા, શુધ્ધતા, નિયમ પાલન તથા સદાચાર ઉપર વિશેષ ભાર આપતો : અહીં પોતે પોતાના વ્યક્તિગત નિર્વાણ માટે મથતો હતો. તેને સમસ્ત જન કલ્યાણની કામના નહોતી.

**5.7.2 મહાયાન** : મહાયાન સંપ્રદાય બૌદ્ધ ધર્મના ઉદારવાદીઓનો સંપ્રદાય છે. જેની સ્થાપના આચાર્ય નાર્ગાજુન અને અસંગે કરી. પ્રારંભમાં બૌદ્ધ અનુયાયી બુધ્ધને માત્ર મહાપુરુષ માનતા હતા. એમને ઈશ્વરનો અવતાર તરીકે સ્વીકાર નહોતો કર્યો અને મૂર્તિપૂજા પણ નહોતી થતી. પરંતુ ધીમે-ધીમે બૌદ્ધ ધર્મના મૂળ રૂપમાં પરિવર્તન જોવા મળ્યું. મહાત્મા બુદ્ધના માનવીય રૂપને ભૂલી અવતાર માનવામાં આવ્યા અને ગૌતમ બુદ્ધના જીવનની મહત્વપૂર્ણ ઘટનાઓના સ્થળને સંબંધિત વિભિન્ન સ્થાનોને તીર્થના રૂપમાં સ્વીકાર કરવા લાગ્યા. બૌદ્ધ ધર્મમાં આ પરિવર્તનનું રૂપ મહાયાનના નામથી પ્રસિધ્ધ થયું. મહાયાન સંપ્રદાયના લોકો કઠોર માર્ગના અનુસરણના વિરોધી હતા. મહાયાનના મતે બૌધિસત્વ સંસારનો તમામ પ્રાણીઓના સમગ્ર દુ:ખોનો નાશ કરી એમને નિર્વાણ પ્રાપ્ત કરાવવાનો ઉદ્દેશ સેવે છે.

**5.8 બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર** :

મૌર્ય સમ્રાટ અશોક, કુશાણ નરેશ કનિષ્ક અને બંગાળના પાલ નરેશોના પ્રોત્સાહન અને પ્રચાર ઝુંબેશને લઈને અનેક બૌદ્ધ ભિક્ષુઓ, આચાર્યો, સંતો અને વિદ્વાનોએ વિદેશોમાં જઈ બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. સિલોન 'સ્થવિરવાદી' (હીનયાન)નું બૌધ્ધ ધર્મનું મુખ્ય કેન્દ્ર બની રહ્યું. ત્યાંથી એ ધર્મ બ્રહ્મદેશ, સિયાન (થાઈલેન્ડ) અને કંબોડિયામાં પ્રસર્યો, જયારે નેપાળ, તિબેટ, ખોતાન, ચીન, કોરિયા, મંગોલિયા, જાપાન, સુમુત્રા અને ઇન્ડોનેશિયાના ટાપુઓમાં 'મહાયાન' બૌદ્ધ ધર્મ ફેલાયો. આ ધર્મની સાથે અહીંનો સાહિત્ય અને કલા પણ એ દેશોમાં પ્રસર્યું છે.

**5.9 ભારતમાંથી બૌદ્ધ ધર્મનો લોપ**

- **i.** બૌદ્ધ ધર્મ પ્રારંભમાં સાદો અને સરળ હતો. સમય જતા અને અતિસંયમી બનાવી દેવામાં આવ્યો. તેની શિસ્ત અનુયાયી માટે કષ્ટદાયક હતી.
- **ii.** બૌદ્ધ ધર્મમાં ઈશ્વર પ્રત્યે ઉદાસીનતા, જયારે ભારત ભૂમિના કણે કણમાં ઈશ્વરવાદ હતો.
- **iii.** 'મહાયાની' બૌદ્ધ ધર્મએ બુધ્ધ અને બૌધિસત્વોની, પૂજા-ઉપાસનનો આરંભ કર્યો અને અનેક દેવતાઓનું સર્જન કર્યું. આથી તે તત્કાલીન હિંદુ ધર્મના જેવો બની ગયો.
- **iv.** બૌદ્ધ ધર્મ મુખ્યત્વે ભિક્ષુઓનો ધર્મ રહ્યો. ભીક્ષુઓનું જીવન વિહારમાં કેન્દ્રિત હતું. વળી, એમાં ભિક્ષુણીઓને પ્રવેશ મળતાં કાલાંતરે વિહાર અનાચાર અને ભ્રષ્ટ્રાચારના આખાડા બની ગયા.
- **v.** બૌદ્ધ ધર્મ ભિક્ષુઓ અને રાજાઓનો ધર્મ બન્યો હતો. પણ જનતાના મોટા વર્ગે એને અપનાવ્યો નહોતો તેથી તેનાં મૂળ ઉંડા જઈ શક્યાં ન હતા.
- **vi.** બૌદ્ધ વિહારો મુખ્યત્વે રાજાઓએ આપેલ ભૂમિદાન પર નભતા હતા. આવું રાજકીય પોષણ અને પ્રોત્સાહન બંધ થતાં વિહારોની સ્થિતિ કથળતી ગઈ.
- **vii.** મહાયાની બૌદ્ધ ધર્મના મૂળભૂત સિધ્ધાંતો ઉપનિષદોની વિચારધારા સાથે મળતાં આવતા હતા છતાં એનું બાહ્ય સ્વરૂપ એવી રીતે ગોઠવાયું હતું કે એ બ્રાહ્મણ ધર્મ વિરોધી ધર્મ ગણવા લાગ્યો હતો.
- **viii.** બૌદ્ધ ધર્મનું ભિક્ષુજીવન કર્મના ત્યાગના આગ્રહને કારણે ભારતીય કર્મવાદના સિધ્ધાંત વિરુદ્ધ જતું હતું.

ix. દાર્શનિક ક્ષેત્રે નાગાર્જુન, અસંગ, દીડનાશ, ધર્મકીર્તિ વગેરે બૌદ્ધ વિદ્વાનોએ દર્શનનો ખુબ વિકાસ કર્યો. પણ એમની અનિત્યવાદી અને શૂન્યવાદી વિચારસરણીનો કુમારિત અને શંકરાચાર્યે છેદ ઉડાડી દીધો.

x. ૧૨મી સદીના અંતમાં અને ૧૩મી સદીના આરંભમાં મુહમ્મદ બખાત્યાર ખલજીએ વિહાર પર આક્રમણ કર્યું.ત્યારે એણે હજારો ભિક્ષુઓનો વધ કર્યો, બૌધ ધર્મનાગ્રંથાલયોને આગ લગાડી, વિશ્વવિદ્યાલયનો નાશ કર્યો અને ભવનો તોડી પાડ્યા. નાલંદા, વિક્રમશીલા, ઉદંતપૂરી જેવી સાધન સંપન્ન અને સમૃદ્ધ બૌદ્ધ સંસ્થાઓ આ રીતે નાશ પામતા બૌદ્ધ ધર્મ સંગઠનોને કારમો ઘા લાગ્યો, કેમ કે આ ધર્મ એ સંસ્થાઓમાં કેન્દ્રિત હતો. આ અંતિમ વજ્રપાત પછી બૌદ્ધ ધર્મ ભારતમાં પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યો નહિ.

કાળની વિચિત્રતા કહેવાય કે આ દરમ્યાન બૌદ્ધ ધર્મ ચીન, જાપાન, બ્રામદેશ, સિલોંન, સિયામ, કંબોડિયા, ચંપા, વગેરે દેશોમાં લોકધર્મ બની ગયો હતો.

**તમારી પ્રગતિ ચકાસો**

**(ગ) ખરા-ખોટા જણાવો**

1. બુદ્ધના પિતાનું નામ શુદ્ધોધન હતું.
2. ગૌતમનું ગૃહ ત્યાગ ‘મહાભિનિષ્ક્રમણ તરીકે ઓળખાય છે.
3. ગૌતમને લીમડાના વૃક્ષના નીચે જ્ઞાન પ્રાપ્ત થયું.
4. ગૌતમ બુદ્ધના, દશ શીલમાં અપરિગ્રહને સ્થાન નથી.
5. બૌદ્ધ ધર્મમાં હીનયાન અને મહાયાન સંપ્રદાય છે.
6. સમ્રાટ અશોકે બૌદ્ધ ધર્મનો વિનાશ કર્યો હતો.

---

**5.10 સારાંશ** :

---

ઉત્તર ભારતમાં ઈ.સ.પૂ.છઠ્ઠા સૈકામાં નવા ધાર્મિક પ્રવાહોના ઉદ્દગમ અને સ્થાપના અંગે આપણે આ એકમમાં જોયું. સમકાલીન સામાજિક આર્થિક જરૂરિયાતે નવા ધાર્મિક વિચારોના ઉદ્દભવોમાં મોટો ફાળો આપ્યો. આ બધામાં બૌદ્ધ અને જૈન ધર્મ લોકોમાં ઘણાં જ લોકપ્રિય થયા. કેટલોક ફરક હોવા છતાં બંને ધર્મોએ માનવતા અને નૈતિક જીવન ઉપર ભાર મુક્યો. બુદ્ધે શિષ્યોને પોતાનું અંતિમ ઉપદેશ આપતાં કહ્યું છે “ભિક્ષુઓ ; પોતાના દીપક સ્વયં બનો, પોતાની શરણ સ્વયં બનો, કોઈ બાહ્ય શરણના શોધશો.

ઓલ્ડન બર્ગએ બુદ્ધના 45 વર્ષની જીવન ચર્યાનું વર્ણન આ પ્રકારે કર્યું છે. “એ સમયે જયારે એની ખ્યાતિ ચરમ સીમા સુધી પહોંચી ગઈ હતી અને એનું નામ ભારત ભરમાં અગ્રગણ્ય હતું ત્યારે એ દૈનિક દ્રશ્ય જોવા મળતું હતું કે એ મનુષ્ય જેની સામે રાજાઓનું માથું નીચું નમી જાય છે, હાથમાં ભિક્ષા પત્ર લઇ રસ્તા ઉપર ઘરે-ઘરે ફરતો હતો અને નીચી દ્રષ્ટિ રાખી, વાણીથી કોઈ પણ શબ્દ નીકળ્યા વગર છાના માના ઉભા-ઉભા પ્રતિક્ષા કરતા હતા જ્યાં સુધી લોકો એમના પાત્રમાં કઈક ભોજન ન નાખી દે.

## 5.11 ચાવી રૂપ શબ્દો

લોપ- અસ્તિત્વ ન રેહવું.

વિનય પીટક –બૌદ્ધ ભિક્ષુ-ભિક્ષુણીઓને આચરવાના નિયમોનું સંકલન

ધમ્મ પીટક – બુદ્ધના ઉપદેશો અને બૌદ્ધ ધર્મનું દર્શન

પૃથક – અલગ

ત્રિપીટક – ગૌતમ બુધ્ધના સંપુર્ણ ઉપદેશો, પીટક ત્રણ છે. સુત્ત પીટક , વિનય પીટક ,અભિધ્ધમ-પીટક

## 5.12 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક)**

1. વૈશાખ મહિનાની પુનમના દિવસે ઈ.સ. પૂર્વ 563 કે 566
2. સિધ્ધાંર્થ
3. સારનાથ
4. બૌધિ વૃક્ષ
5. મધ્યમાર્ગ

**ગ.**

1. ખરું
2. ખરું
3. ખોટું
4. ખોટું
5. ખરું
6. ખોટું

## 5.13 સંદર્ભ ગ્રંથો


1. ચોપરા પી. એન. (સંપાદક), ભારતનું ગેઝેટીયર, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૧૯૮૪.
2. લાલ મખ્ન, પ્રાચીન હર્ત (કક્ષા 11 માટેનું પાઠ્યપુસ્તક, રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન ઔર પ્રશિક્ષણ પરિસદ, દિલ્હી, ૨003)
3. ડૉ. ભાર્ગવ વી. એસ. પ્રાચીન ભારતીય ઈતિહાસ, રીસર્ચ પબ્લિકેશન, જયપુર.
4. મુક્તિબોધ ગજાનન માધવ, ભારત : ઈતિહાસ ઔર સંસ્કૃતિ, રાજકમલ પ્રકાશન, નઈ દિલ્હી, ચોથ સંસ્કરણ, ૨૦૦૯.
5. પરીખ પ્રવિણચંદ્ર ચિ. ભારત દર્શન-1. (ઈતિહાસ : આદિ પુનઃ ) જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, પહેલી આવૃત્તિ, 1982.
6. ડૉ. ખન્ના કૈલાશ, પ્રાચીન ભારત ક ઈતિહાસ, અર્જુન પબ્લિશિંગ હાઉસ, નઈ દિલ્લી, પ્રથમ સંસ્કરણ, 2012.

7. યાદવ રજની, પ્રાચીન ભરતકા ઈતિહાસ, ડિસ્કવરી પબ્લીશિંગ હાઉસ પ્રાઈવેટ લીમીટેડ, નઈ દિલ્હી, પ્રથમ સંસ્કરણ, 2010.
8. થાપર રોમીલા
9. ડૉ. મુખરજી રાધા કુમુદ (અનુ. બુધ્ધપ્રકાશ), પ્રાચીન ભારત, રાજકમલ પ્રકાશન, દિલ્હી, પ્રથમ સંસ્કરણ.
10. ડૉ. નાગોરી એસ. એલ. શ્રીમીતી નાગોરી કાન્તા, પ્રાચીન ભારત કા વૃહત ઈતિહાસ, પોઈન્ટર પબ્લિકેશન, જયપુર, પ્રથમ આવૃત્તિ, 2007.

# એકમ – 6 ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીમાં મહાવીર સ્વામી

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 બૌદ્ધ ધર્મ અને જૈનધર્મનાં ઉદયના કારણો

6.2.1 વૈદિકધર્મની જટિલતા

6.2.2 જટિલયજ્ઞો

6.2.3 બ્રાહ્મણોનું પ્રભુત્વ

6.2.4 ખર્ચાળ ધર્મ

6.2.5 વર્ણવ્યવસ્થા

6.2.6 સંસ્કૃતભાષા પ્રત્યેનો અસંતોષ

6.2.7 ઉપનિષદોનો પ્રભાવ

6.3 મહાવીર સ્વામી અને જૈનધર્મ

6.3.1 પૂર્વભૂમિકા

6.3.2 ગૃહત્યાગ

6.3.3 ઉગ્રતપસ્યા

6.3.4 ઉપદેશ

6.3.4.1 પાંચ મહાવ્રતો

6.3.4.2 પાંચ સમિતિ

6.3.4.3 ચાર ભાવના

6.3.4.4 ત્રણ ગુપ્તિ

6.3.4.5 સામયિક અને પ્રતિક્રમણ

6.3.4.6 ત્રિરત્ન

6.4 જૈનધર્મની કેટલીક વિશેષતાઓ

6.4.1 અહિંસા

6.4.2 અનેકાંતવાદ

6.4.3 કર્મ

6.4.4 ઈશ્વર અને પૂજા

6.5 જૈનધર્મના સંપ્રદાયો

6.6 જૈનધર્મનો પ્રચાર

6.7 જૈન ધર્મનો પ્રચાર થવાના કારણો

તમારી પ્રગતિ ચકસો

6.8 જૈનધર્મની ભારતીય સંસ્કૃતિને દેણ

6.9 તમારી પ્રગતિ ચકસોના જવાબો

6.10 સંદર્ભગ્રંથો

**6.0 ઉદ્દેશ**

- બૌદ્ધ અને જૈન ધર્મના ઉદય સમયની ભારતની સામાજિક ધાર્મિક સ્થિતિની જાણકારી મેળવવી .
- મહાવીર સ્વામીના જીવન અને ઉપદેશની જાણકારી મેળવવી .
- જૈનધર્મની વિશેષતાઓની જાણકારી મેળવવી .
- ભારતીય સંસ્કૃતિના વિકાસમાં જૈનધર્મનું પ્રદાન જાણવું .

**6.1 પ્રસ્તાવના**

ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીનો સમય ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં સામાજિક અને ધાર્મિક ક્રાંતિનો સમય હતો. આ સમયે ભારતનો પ્રાચીન વૈદિકધર્મ પોતાનું મૂળ સ્વરૂપ અને મહત્વ ગુમાવી રહ્યો હતો. જીવનના મૂળભૂત પ્રશ્નો પરત્વે ઉપનિષદોએ અવાજ ઉઠાવ્યો હતો. માનવ જીવનમાં દુઃખ, અસંતોષ, ચિંતાઓ અને મુક્તિ માટેના માર્ગની શોધખોળ સંબંધે ચિંતન શરૂ થયું હતું. તેમાંથી નવા દાર્શનિક સિદ્ધાંતો અને સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. એવા ઉલ્લેખો મળે છે કે વૈદિક ધર્મ બંધન માંથી મુક્ત થવા લગભગ 62 જેટલા ધાર્મિક સંપ્રદાયોના નેતાઓએ અવાજ ઉઠાવ્યો હતો. આ બધામાં બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ વધારે લોકપ્રિય થયા, જ્ઞાની, તપસ્વી, ત્યાગી, વિધ્વાન બ્રાહ્મણો પણ બુદ્ધ અને મહાવીરની સાથે રહ્યા. તેમાંથી એક નવા જ સામાજિક ધામિક સુધારણા આંદોલનનો પાયો નંખાયો. જેણે વૈદિકધર્મમાં પ્રવેશેલી બુરાઈ ઓનો વિરોધ કર્યો. સમાજમાં વ્યાપ્ત કુરિવાજો, અંધવિશ્વાસો અને કુરૂઢીઓને તોડીને સમાજને નવો રાહ ચીંધ્યો.

**6.2 બૌદ્ધ ધર્મ અને જૈનધર્મના ઉદયના કારણો**

**6.2.1 વૈદિકધર્મની જટિલતા :**

ઋગવેદ સમયના આર્યોનું જીવન સાદું અને સરળ હતું. તેમનો ધર્મ આડંબર રહિત હતો પરંતુ ઉત્તર વૈદિકકાળથી શરૂ કરી ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદી સુધીના સમયમાં તો આર્યોનો ધર્મ કર્મકાંડો, આડંબરો અને રૂઢિઓનું ઘર બની ગયો હતો. નિમ્ન વર્ગના લોકોને અનેક અધિકારોથી વંચિત કરી દેવામાં આવ્યા હતા. આધ્યાત્મિક ઉન્નતિને બદલે ધર્મ શોષણનું સાધન બન્યો હતો.

**6.2.2 જટિલ યજ્ઞો :**

ઋગ્વેદ સમયમાં યજ્ઞો સાદા અને સરળ હતા. પરંતુ ઉત્તરવૈદિકકાળમાં યજ્ઞોમાં કર્મકાંડો પરાકાષ્ઠાએ પહોચ્યાં હતાં. યજ્ઞો સાધન મટીને સાધ્ય બની ગયા હતા. બ્રાહ્મણોએ પોતાનો સ્વાર્થ સાધવા યજ્ઞને વધુને વધુ જટિલ અને યાંત્રિક બનાવી દીધા હતા. સાધારણ જનસમાજમાં આવા યજ્ઞો પરત્વે અસંતોષ ઉભો થયો, આવા સમયે બુદ્ધ અને મહાવીરે સમાજ સમક્ષ સાદો અને સરળ ધર્મ મુક્યો.

**6.2.3 બ્રાહ્મણોનું પ્રભુત્વ :**

વૈદિકયુગમાં યજ્ઞો સાદા અને સરળ હતા. ગૃહપતિ પોતે પોતાની રીતે યજ્ઞ કરી લેતો, તેમાં પુરોહિત કે બ્રાહ્મણોની આવશ્યકતા ન હતી. પરંતુ સમય જતાં યજ્ઞો જટિલ બનતા ગયા. પુરોહિતો વગર યજ્ઞ સંપન્ન થઈ શકતા નહી. માત્ર યજ્ઞો જ નહિ પરંતુ જન્મથી મૃત્યુ સુધીમાં એવું કોઈ કામ જ ન હતું જે બ્રાહ્મણોને પૂછ્યા વગર પૂરું થઇ શકે સમસ્ત સમસ્યાઓનું મૂળ વેદોમાં હતું અને વેદોની વ્યાખ્યા કરવાનો અધિકાર માત્ર બ્રાહ્મણોને હતો. આથી જ બ્રાહ્મણોએ

ધર્મના નામે આમ જનતાનું શોષણ કરવાનું શરૂ કર્યું હતું. બ્રાહ્મણ પુરોહિતો સર્વોચ્ચ (પૃથ્વી પરના દેવો = ભૂદેવો ) બની ગયા હતા. તેમનું જીવન વિલાસિત બન્યું હતું. આચરણ ભ્રષ્ટ થયું હતું તેમનું નૈતિક અધઃ પતન થયું હતું. આવા સમયે બુદ્ધ અને મહાવીરે બ્રાહ્મણ વર્ચસ્વનો વિરોધ કર્યો.

**6.2.4. ખર્ચાળ ધર્મ:**

વૈદિકધર્મમાં કર્મકાંડો અને જટિલતા તો વધી હતી. પરંતુ સાથે સાથે તે ધર્મ ખર્ચાળ પણ બન્યો હતો. એક પુરોહિતથી સંપન્ન થતા યજ્ઞોમાં હવે સાતથી સત્તર પુરોહિતોની જરૂર ઉભી થતી. યજ્ઞો મહિનાઓ અને વર્ષો સુધી ચાલતા મોટા પ્રમાણમાં પશુઓની બલિ આપવામાં આવતી. તેનાથી પશુ અને ધનની હાનિ થતી હતી. એમાં પણ પુરોહિતોની ધનલાલસા ભળવાને કારણે સાધારણ મનુષ્ય માટે આવા ખર્ચાળ યજ્ઞો અશક્ય બન્યા હતા. તેની સામે બુદ્ધ અને મહાવીરે સમાજ સમક્ષ બિનખર્ચાળ ધર્મ મુક્યો.

**62.5 વર્ણવ્યવસ્થા :**

બૌધ અને જૈન ધર્મના ઉદયના કારણોમાં વર્ણવ્યવસ્થા ને પણ જવાબદાર ગણી શકાય, ઋગ્વેદ સમયમાં વર્ણવ્યવસ્થા જન્મ પર નહીં પરંતુ કર્મ પર આધારિત હતી. પરંતુ ઈ.સ. પૂર્વે છઠ્ઠી સદીના સમય સુધીમાં તો તે પૂર્ણ પણે જન્મ પર આધારિત થઇ ચુકી હતી. આવી જડ વ્યવસ્થા પત્યે અવાજ ઉઠાવવાનું કામ સૌ પ્રથમ ક્ષત્રિયો એ તેમને બ્રાહ્મણોનું વર્ચસ્વ ખૂંચતું હતું. વળી, આધ્યાત્મિક અને દાર્શનિક ક્ષેત્રમાં પણ ક્ષત્રિયો ખૂબ આગળ વધ્ય હતા. ઉપનિષદ કાળમાં રાજા જનક, અશ્વપતિ કૈકયી, પ્રવાહણ જૈવલી જેવા ક્ષત્રિયોએ પંડિતોને પણ આશ્ચર્યચકિત કર્યા હતા. શ્રી દર્શક માને છે કે ક્ષત્રિયો તો પુરોહિતોના એકાધિકારની ઈર્ષાથી બળતા હતા. આવી સ્થિતિમાં ક્ષત્રિયોએ ધર્મસુધારણા આંદોલનનો માર્ગ લીધો.

ક્ષત્રિયો પછીનો વર્ગ વૈશ્યોનો હતો તેમને પણ સમાન સ્થાન પ્રાપ્ત થયું નહોતું. તેમનામાં એક વર્ગ ખેતી અને શિકાર સાથે સંકળાયેલો હતો અને બીજો વર્ગ વેપાર સાથે જોડાયેલો હતો. લોખંડના ઓજારોના ઉપયોગને કારણે ખેતીલાયક જમીનમાં વધારો થયો હતો. તેમાં વધુને વધુ પશુઓની જરૂર ઊભી થઇ હતી તેથી પશુઓની જાળવણી થાય તે જરૂરી હતું. જયારે સામે પક્ષે વૈદિકયજ્ઞોમાં પશુવધ ચાલુ જ હતો. તેથી વૈશ્યોનો પ્રથમ વર્ગ નારાજ થયો હશે. બુદ્ધ અને મહાવીરે યજ્ઞોમાં થતી આ પશુહિંસાનો વિરોધ કર્યો હતો.

વૈશ્યોનો બીજો નાનો છતાં પ્રભાવશાળી વર્ગ વેપારીઓનો હતો. દર્શક લખે છે "વ્યાપાર દ્વારા લક્ષ્મી રાખનારને આપબળે આગળ આવનાર સાહસપ્રિય અને જંગલ વીંધનાર, દરિયો ખેડનાર વાણિજ્યપ્રિય જાતિને વ્યવસાયની પ્રગતિ માટે દેવવાદી તત્વજ્ઞાન કરતાં પુરુષાર્થવાત તત્વજ્ઞાન અનુકૂળ હતું. સમગ્ર સમાજ પુરુષાર્થ તરફ વળે તે વ્યાવસાયિક ઉન્નતિનું પગથિયું હતું" મહાત્મા બુદ્ધ અને મહાવીર બંને પુરુષાર્થ પર ઝોક દેતા હતા- દેવકૃપા પર નહિ.

સમાજનો ત્રીજો વર્ગ શુદ્રોનો અનોર્યોનો હતો. સમાજમાં તેમને કોઈ સ્થાન ન હતું. ભોગવિલાસની ભવ્યતામાં રાચતા આર્યધર્મમાં શુદ્રોની કોઈ વિસાત ન હતી. સ્વર્ગનાં સુખો કે આ જગતના સુખો મળે તેવી તેમને કોઈ આશા પણ દેખાતી ન હતી. આવા સમયે બુદ્ધ અને મહાવીરે ત્યાગપ્રધાન ધર્મ આપ્યો. જેમાં સ્વર્ગની કલ્પના જ ન હતી. જેમાં બ્રાહ્ય સુખોને

ક્ષણભંગુર ગણવામાં આવ્યાં હતા. તિરસ્કૃત, અપમાનિત શુદ્રો અને અનાર્યો માટે બુદ્ધ અને મહાવીરે ગૌરવ અને સમ્માનમાં દ્વાર ખોલી આપ્યા.

**6.2.6 સંસ્કૃત ભાષા પ્રત્યેનો અસંતોષ** :

સંસ્કૃત ભાષા પ્રત્યેનો અસંતોષ પણ બૌદ્ધ અને જૈનધર્મના ઉદયનું કારણ ગણી શકાય. એ સમયે બોલ ચાલની ભાષા પાકૃત અને પાલી હતી. બધા જ ધાર્મિકગ્રંથો સંસ્કૃતમાં લખાયેલા હતા ધાર્મિકક્રિયાકાંડો પણ સંસ્કૃતમાં સંપન્ન થતા હતા. તે સમયે કેવળ બ્રાહ્મણો જ સંસ્કૃત ભાષામાં વધારે પ્રવિણ હતા. તેથી બધાં કાર્યો તેમના દ્વારા જ કરાવવા પડતા. લોકોને સંસ્કૃત ભાષામાં કોઈ સમજ પડતી નહોતી. તેની સામે બુદ્ધ અને મહાવીરે બોલચાલની ભાષા – પાકૃત અને પાલિમા પોતાનો ઉપદેશ આપ્યો.

**6.2.7 ઉપનિષદોનો પ્રભાવ** :

ઉપરોક્ત સામાજિક ધાર્મિક સ્થિતિમાં ધર્મસુધારણા આંદોલનને પ્રેરણા આપવાનું કામ ઉપનિષદોએ કર્યું. ઉપનિષદોમાં વૈદિકધર્મની નબળાઈઓ અને બુરાઈઓ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો એટલું જ નહી ઉપનિષદના વિચારકોએ યજ્ઞને 'અદ્રઢ હોડી' જેવું સંસાર સાગરમાં ડૂબાડનારુ સાધન ગણાવીને યજ્ઞો કર્મકાંડો અને બ્રાહ્મણ વર્ચસ્વની ભારે ટીકા કરી. ઉપનિષદો સ્પષ્ટ પણે માને છે કે મોક્ષની પ્રાપ્તિ યજ્ઞોથી નહી પણ જ્ઞાનથી થઈ શકે છે. તેમાં અહિંસા અને પવિત્ર આચરણ ઉપર ભાર મુકવામાં આવ્યો હતો. ટૂંકમાં જૈનધર્મ અને બૌધ ધર્મની પૃષ્ઠભૂમિ ઉપનિષદોએ બાંધી આપી. આર. સી. મજુમદાર નોધે છે તેમ બુદ્ધ અને મહાવીર બંનેએ તેમના મૂળભૂત સિદ્ધાંતો ઉપનિષદો માંથી લીધા છે. બંને વેદોને અપૌરુષેય (ઈશ્વરીય) માનતા નથી.

ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદીના સમયની ઉપરોક્ત સામાજિક ધાર્મિક સ્થિતિ જોયા પછી હવે આપણે મહાવીર સ્વામી અને જૈન ધર્મ વીશે વાત કરીશું.

## 6.3 મહાવીર સ્વામી અને જૈનધર્મ:

### 6.3.1 પૂર્વભૂમિકા

જૈન ધર્મની માન્યતા મુજબ મહાવીર સ્વામી જૈનધર્મના સ્થાપક નહીં, પરંતુ છેલ્લા ચોવીસમા તીર્થંકર હતા. તે યુગમાં ભારતમાં ધર્મક્ષેત્ર બ્રાહ્મણ પરંપરા અને શ્રમણ પરંપરા એમ બે પરંપરાઓ પ્રચલિત હતી. બ્રાહ્મણ પરંપરામાં યજ્ઞો અને કર્મકાંડોને મહત્વ આપવામાં આવતું હતું. જેનું મૂળ વેદોમાં હતું જયારે શ્રમણ પરંપરામાં ત્યાગ, તપસ્યાને ચારીત્ર્ય પર ભાર મુકવામાં આવતો. બ્રાહ્મણ પરંપરામાં દેવ- દેવીઓની આરાધના થતી જયારે શ્રમણ પરંપરામાં ત્યાગી, વિતરાગી અર્હત મનુષ્યોની પૂજા થતી.

શ્રમણ પરંપરામાં પણ અનેક મત પર્વતતા હતા. જેમ કે પુરણ કસ્સપનો નીસ્તિકમત જેઓ પાપ પુણ્ય કે તેના ફળમાં માનતા નહોતા. સંજય બેલટકલીપુત્રનો આજ્ઞાનવાદ જેણે સંસારના તત્વો મોક્ષ, જીવો વગેરે વિશે ચોક્કસ જાણી શકવાની અશક્યતા દર્શાવી હતી. એજ રીતે અજિત કેસકંબલીનો ઉચ્છેદવાદ જે માને છે કે મૃત્યુ સાથે જ જીવનો ઉચ્છેદ થઇ જાય છે. પરલોક જેવું કાંઈ છે જ નહીં. આવી શ્રમણ પરંપરામાં એક પરંપરા "નિર્ગન્થ" નામે જાણીતી હતી. નિર્ગન્થ એટલે જેની સંસારની ગ્રંથી છુટી ગઈ છે તે આવા નિર્ગન્થ મનુષ્યો 'જિન' કહેવાયા 'જિન' શબ્દનો અર્થ 'વિજેતા' થાય છે. જેણે રાગ દ્રેષ પર વિજય મેળવ્યો છે. જેણે મન, વાણી અને કાયા પર

કાળું મેળવ્યો છે. જેણે મન, વાણી અને કાયા પર કાબુ મેળવ્યો છે તેવો વિતરાગી માણસ એટલે જિન અને અરિહંતકે તીર્થંકર પણ કેહવામાં આવે છે. 'અરિહંત' એટલે જેણે અંદરના શત્રુઓ (કષાયો) પર કાબુ મેળવ્યો છે, અને તીર્થંકર અર્થાત તીર્થ બનાવનાર, તીર્થ એટલે ઓવારો – સંસારરૂપી નદીને પાર ઉતરવાનો આવો ઓવારો, આ તીર્થનો બાંધનાર તે તીર્થંકર જૈન પરંપરામાં ચોવીસ તીર્થંકર થયા હોવાનું મનાય છે. જેમાં સૌથી પહેલા ઋષભદેવ 23માં પાર્શ્વનાથ અને છેલ્લા ચોવીસમાં મહાવીર સ્વામી છે. એમ કહેવાય છે કે બધા તીર્થંકરોએ એક સરખો ઉપદેશ આપ્યો હતો. મહાવીર સ્વામી અને તેમના પુરોગામી પાર્શ્વનાથ ઐતિહાસિક વ્યકિતઓ હોવાનું મનાય છે. મહાવીરની લગભગ બે સદી પહેલા થયેલા પાર્શ્વનાથ બનારસમાં રહેતા હતા અને ત્યાં એમણે સાધુઓનો 'નિગ્રન્થ' સંપ્રદાય સ્થાપ્યો હતો. આ સંપ્રદાય મહાવીર સ્વામીના કાલમાં પણ જીવંત હતો અને મહાવીરના માતાપિતા એનાથી ઘણાં આકર્ષાયેલા હતા.

આજે વિદ્યમાન જૈનધર્મના સ્થાપક મહાવીર સ્વામી છે. આજનું જૈનધર્મનું શાસન તેમને નામે ચાલે છે. મહાવીર સ્વામીનો જન્મ આજના બિહારના વૈશાલી નગરની નજીક કુંડગામમાં ઈ.સ. પૂર્વે 599 માં થયો હતો. તેમના પિતા સિદ્ધાર્થ ઈક્ષ્વાકુવંશની ક્ષત્રિય જાતિના હતા. તેઓ ક્ષત્રિયકુંડ ગામના રાજા હતા. મહાવીરની માતા ત્રિશલાદેવી વૈશાલીના લિવરી ગણ રાજ્ના પ્રધાન ચંટકની પુત્રી હતા. મહાવીરનું કુળ જ્ઞાતુકુળતરીકે ઓળખાતું આપણે આગળ જોયું તેમ તેમનો પરિવાર મહાવીર સ્વામીથી બે સદી પૂર્વે થયેલા પાર્શ્વનાથના નિર્ગ્રન્થ સંપ્રદાયનો અનુયાયી હતો.

મહાવીર સ્વામીના પૂર્વજન્મોથી લઇ તેમની ગર્ભાવસ્થા સમયની કેટલીક બાબતો અંગે ઘણી કાલ્પનિક કથાઓ પ્રચલિત છે. જે મુજબ મહાવીર ગર્ભાવસ્થામાં હતા ત્યારથી રાજ્યની સુખ-સમૃદ્ધિમાં વધારો થવા લાગ્યો હતો, તેથી જન્મ પછી તેમનું નામ 'વર્ધમાન' રાખવામાં આવ્યું હતું. વર્ધમાનને નંદીવર્ધન નામે એક મોટાભાઈ તથા સુદર્શન નામે બહેન હતી. બાળપણથી જ તેમનામાં નિડરતાનો ગુણ જોવા મળે છે. એક વખત બાળકોની સાથે રમત રમતા રમતા સાથ જોઇને જ્યાં બીજા બાળકો ભાગી જાય છે ત્યારે વર્ધમાન સાપને પકડીને દૂર ફેંકી દે છે તેમના જીવનના અનેક પ્રસંગોમાં તેમનામાં ભારોભાર નિર્ભયતનો ગુણ જોવા મળે છે.

વર્ધમાન નાનપણથી જ વૈરાગ્ય વૃતિના હતા. અને સન્યાસ તેમના જીવનનું લક્ષ્ય હતું, તેમ છતાં માતાની ઈચ્છાને માન આપીને તેમને 'યશોદા' નામની સુંદર કન્યા સાથે લગ્ન કર્યું હતું. તેનાથી તેમને એક પુત્રી હતી જેનું નામ 'પ્રિયદર્શના'રાખવામાં આવ્યું હતું. આગળ જતાં જમાલી નામે એક રાજપુત્ર સાથે તેનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં.

**6.3.2 ગૃહત્યાગ**:

માતાપિતા હયાત હતાં ત્યાં સુધી મહાવીરે દીક્ષા લીધી ન હતી. જયારે તેઓ 28 વર્ષના થયા ત્યારે તેમના માતા પિતાએ જૈન ભાવના પ્રમાણે અનશનવ્રત ધારણ કરી દેહત્યાગ કર્યો તેનાં બે વર્ષ પછી ભાઈ નંદિવર્ધનની આજ્ઞા લઇ. સાંસારિક બંધનોનો ત્યાગ કરી તેમણે ગૃહત્યાગ કર્યો. પોતાની બધી જ સંપતિ તેમણે દાનમાં આપી દીધી . સામયિકવ્રત ધારણ કર્યું અને એકલા વિચરવાનું નક્કી કર્યું.

**6.3.3 ઉગ્રતપસ્યા** :

ગૃહત્યાગ પછીનું મહાવીર જીવન કઠોરમાં કઠોર તપનું હતું. શરૂઆતના એક વર્ષ અને એક માસ સુધી વસ્ત્ર ધારણ કર્યું હતું. પરંતુ તે જીર્ણ થઈને ખરી પડતા વસ્ત્રનો પણ તેમણે ત્યાગ કર્યો. લગભગ બાર વર્ષ સુધી તેમણે અનેક ઉપસર્ગો અને પરિષદો વેઠ્યા. મહાવીરના તપોમય જીવનની અનેક ઘટનાઓ જૈન ગ્રંથોમાં નોધાયેલી છે. એક વખત વિચરણ કરતાં કરતાં તેઓ મોરક નામે ગામમાં આવે છે અહી તેમને પિતાના મિત્ર એવા એક ઋષિના આશ્રમમાં ચાર્તુમાસ કરવા રોકાય છે. આશ્રમમાં અન્ય તાપસો પણ હોય છે.

સામાયિકવ્રત ત્યે સમભાવ રાખવાનો નિયમસર્વજીવો પ્ર :

- ઉપસર્ગો અન્ય પ્રાણીઓએ આપેલા વિઘ્નો :
- પરિષદો કુદરતી આપત્તિઓ :

વરસાદની ઋષિનો શરૂઆતના દિવસોમાં કેટલીક ગાયો આવીને તાપસોની ઝુપડીનું ઘાસ ખાવા લાગી. બધા તાપસોએ ગાયોને લાકડી વડે ભગાડી પરંતુ મહાવીર ધ્યાનમાં જ બેસી રહ્યા. બીજા તાપસો એ કુલપતિ પાસે જઈ ઝૂપડી ખાવા દીધાની વાત કરી તેથી કુલપતિએ મહાવીરને ઠપકો આપ્યો. મહાવીરે વિચાર્યું કે પોતાના કારણે અન્યને તકલીફ થાય તે ઉચિત નથી આ ઘટના પછી તેમણે પાંચ વ્રતો લીધાં.

1. જ્યાં બીજાને અપ્રીતિ થાય ત્યાં વસવું નહીં .
2. જ્યાં રહેવું ત્યાં સદા કાર્યોત્સર્ગ કરીને જ રહેવું .
3. સામાન્ય રીતે મૌન રહેવું .
4. હાથમાં જ ભોજન કરવું
5. ગૃહસ્થનો વિનય કરવો નહી .

ચિત્તની શુદ્ધિ અર્થે સત્ય અને જ્ઞાનની પ્રાપ્તિ માટે પોતાનામાં રહેલા રાગ અને દ્રેષમાંથી મુક્તિ માટે કલાકોના કલાકો ધ્યાનસ્થ બેઠા, અનેક દિવસોના ઉપવાસો કર્યા. તેમની બાર વર્ષની તપસ્યામાં તેમણે લગભગ એક વર્ષ ઉપવાસ કર્યો અનેક મહિના પાણી વિના કાઢ્યા તેનાથી તેમનું શરીર કેવળ હાડમાંસનું માળખું હોય તેવું થઇ ગયું. આવી સ્થિતિમાં તેઓ નગરમાં ભિક્ષા લેવા જતા ત્યારે બાળકો તેમનાથી ડરી જતાં, તેમની પાછળ કુતરા દોડાવતાં ગામમાંથી ભગાડતાં ક્યારેક પરરાજ્યના ગુપ્તચર સમજી તેમને માર મારવામાં આવતો પણ મહાવીર એ સૌ તરફ સમભાવ દાખવતા તેઓ ક્રૂર અને ઘાતકો પ્રજાની વચ્ચે રહ્યા, અનેક કષ્ટો સહન કર્યા અહિંસાને જીવનવ્રત બનાવ્યું. ધૈર્ય અને ક્ષમાની વૃતિ કેળવી. કોઈ તેમનો પરિચય પૂછે તો માત્ર એટલો જ જવાબ આપતા કે "ભિક્ષુ છું".

સતત બાર વર્ષની આવી કઠોર તપસાધના ને અંતે પોતાના બેતાળીસમાં વર્ષે વૈશાખ સુદ દશમને દિવસે જામ્ભક નામે ગામે ઋજુપાલિકા નદીના કિનારે મહાવીરને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. સાચી વીતરાગતા અને પૂર્ણ તત્વજ્ઞાન પ્રાપ્ત થતાં માણસનું જીવન કેવું બને છે તે તેમણે જાણી લીધું. મહાવીર હવે 'અરિહંત' એટલે કે માનવ વિકાસના મૂળભૂત શત્રુરૂપ દોષોને હણનાર સિદ્ધ થયા.

પોતાને પ્રાપ્ત થયેલું જ્ઞાન અને પોતાને થયેલા અનુભવોનો ઉપયોગ માનવ કલ્યાણ માટે કરવાનો તેમણે નિશ્ચય કર્યો. એ માટે પોતાના જીવનક્રમમાં ફેરફાર કર્યો. પોતે જે અવસ્થાને પામ્યા તે અવસ્થા અન્યને પણ પ્રાપ્ત થાય તે માટે તેમણે સંઘ રચવાનો અને ઉપદેશ આપવાનો નિશ્ચય કર્યો તે પછીના સતત 30વર્ષ સુધી મહાવીર સતત વિચરણ કરીને ઉપદેશ આપ્યો. ઈ.સ. પૂર્વે 527 માં દિવાળીને દિવસે મગધની રાજધાની રાજગૃહની નજીક પાવાપુરીમાં 72માં વર્ષે તેઓ નિર્વાણ પામ્યા.

**6.3.4 ઉપદેશ:**

મહાવીર સ્વામીના મુખ્ય અગિયાર શિષ્યો હતા. તેઓ 'ગણધર' કહેવાય છે. એમાંથી નવ તો મહાવીરના જીવનકાળ દરમિયાન જ નિર્વાણ પામ્યા હતા. હયાત હતા કેવળ ગૌતમ ઇન્દ્રભૂતિ અને સુધર્મા. સુધર્માએ 'સૂત્રકૃતાંગ' વગેરે આગમ ગ્રંથો રચી મહાવીરના ઉપદેશને જાળવી રાખ્યો, અથવા એમ કહી શકાય કે સુધર્માએ આપેલા ઉપદેશ ને શિષ્ય પરંપરાથી આગળ વધારતા તેને લેખિત સ્વરૂપ મળ્યું. હવે જૈનધર્મગ્રંથોને આધારે આપણે અહીં મહાવીર સ્વામીના ઉપદેશની ટૂંકી ચર્ચા કરીશું. આપણે આગળ જોયું તેમ વર્તમાનમાં પ્રવર્તમાં જૈનધર્મના સ્થાપક મહાવીર સ્વામીને ગણવામાં આવ્યા છે અન્ય ધર્મોની સરખામણીમાં જૈનધર્મ વ્યકિતના આચાર, વિચાર, તપ, ત્યાગ, વ્રત અને ઉપવાસ ઉપર વધારે ભાર મુકે છે. જૈન ધર્મ આચરણનો ધર્મ છે. જેને આપણે નીચે પ્રમાણે સરળ શબ્દોમાં સમજવાનો પ્રયત્ન કરીશું.

- કાયોત્સર્ગ : શરીરને પ્રકૃતિ સ્વાધીન કરીને ધ્યાનસ્થ રહેવું એના રક્ષણ માટે કોઈ જાતના કુત્રિમ ઉપાયો કરવા નહીં.
- ગૃહસ્થનો વિનય : પોતાની જરૂરિયાત માટે ગૃહસ્થ ઉપર અવલંબીને ન રહેવું એનાં કાલાવાલા ન કરવા.

**6.3.4.1 પાંચ મહાવ્રતો:**

મહાવીર સ્વામીએ પોતાના પૂર્વ તીર્થંકર પાર્શ્વનાથે આપેલા ચારવ્રતો : અહિંસા, સત્ય, અસત્ય, અપરિગહમાં પાંચમું વ્રત બ્રહ્મચર્ય ઉમેર્યું અને પાંચેય વ્રતોના પાલનનો ઉપદેશ આપ્યો.

અહિંસા : મન, વચન અને કર્મથી કોઈ જીવની હિંસા કરવી નહી.

સત્ય : સત્ય બોલવું, મન વચન અને કર્મથી સત્યનું પાલન કરવું.

અસ્તેય : ચોરી કરવી નહીં, હક વગરનું લેવું નહીં.

અપરિગ્રહ : કોઈ પણ વસ્તુનો પરિગ્રહ કરવો નહીં અર્થાત સંગ્રહ કરવો નહીં.

બ્રહ્મચર્ય : મન, વચન અને કર્મથી બ્રહ્મચર્ય પાળવું.

ઉપરનાં પાંચવ્રતો જૈનધર્મના સાધુ સાધ્વીઓએ કડક રીતે પાળવાનાં હોય છે, તેથી એમને મહાવ્રત કહેવાય છે. શ્રાવક – શ્રાવિકાઓએ તેનું સગવડતા પ્રમાણે પાલન કરવાનું હોય છે. તેથી તે અણુવ્રત કહેવાય છે.

**6.3.4.2 : પાંચ સમિતિ**

જૈન ધર્મ આચરણનો ધર્મ છે. જીવનમાં પરમશાંતિનો અનુભવ કરવા આચરણના નિયમો બનાવવામાં આવ્યા છે. જેને પાંચ સમિતિઓના રૂપમાં દર્શાવ્યા છે.

ઈર્યા – સમિતિ : જૈન ધર્મ અહિંસા પર વિશેષ ભાર મુકે છે તેથી જૈન સાધુ- સાધ્વીઓએ એવી રીતે વિચરણ કરવું કે જેથી કોઈ જીવની હિંસા થાય નહીં.

ભાષા – સમિતિ : પ્રિય, હિતકારી અને કોમળવાણી બોલવી. સ્વાર્થ ખાતર પણ ખોટું કે અસત્ય બોલવું નહીં.

એષણા – સમિતિ : આ સમિતિ સાધુ – સાધ્વીઓ માટે છે. જે અનુસાર એવી ઈચ્છાઓ પ્રદર્શિત કરવી જોઈએ જેનાથી બીજાને દુઃખ ન થાય.

આદાન  નિક્ષેપણ – સમિતિ : આદાન એટલે લેવું અને નિક્ષેપણ એટલે મૂકવું. સાધુ સાધ્વીઓ એ પોતાનાં ઉપકરણો અને વસ્ત્રો એવી રીતે લેવાં મુકવા કે જેથી કોઈ જીવની હિંસા ન થાય.

પરિષ્ઠાપના – સમિતિ : પરિષ્ઠાપન કરવું એટલે નિકાલ કરવો, સાધુ સાધ્વીઓએ પોતાના મળમંત્રનો એવી રીતે નિકાલ કરવો જોઈએ કે જેથી કોઈ જીવની હિંસા થાય નહીં.

**6.3.4.3 ચાર ભાવના** :

જૈનધર્મમાં જેમ બ્રાહ્વ્ય આચરણનાનિયમો બનાવ્યા છે એમ મનના ભાવો એટલે કે મનમાં કેવી ભાવનાઓ લાવવી તેનો પણ નિયમ છે. નિર્વાણપદની પ્રાપ્તિ માટે મનના ચાર ભાવો નીચે મુજબ બતાવ્યા છે.

મૈત્રી : દરેક જીવ પ્રત્યે મિત્રભાવ રાખવો. જીવમાત્રમાં એક આત્માનાં દર્શન કરવાં. કોઈના પણ પ્રત્યે દ્વેષભાવ કે ઈર્ષ્યા રાખવા નહીં.

પ્રમોદ : પોતાનાથી જે ઉચ્ચકક્ષાએ છે. ચડીયાતા છે તેમના પ્રત્યે આદર અને માં રાખવા તેમની ઈર્ષ્યા કરવી નહીં.

કરુણા : તમામ જીવો પ્રત્યે કરુણાભાવ રાખવો.

માધ્યસ્થ : આ ભાવના ખાસ કરીને સાધુ- સાધ્વીઓ માટે છે. કોઇપણ શિષ્ય કે શ્રાવક શ્રાવિકને ઉપદેશ ન સમજાય ત્યારે તેમની ઉપેક્ષા કરવાને બદલે તેમને ફરી ફરીને સમજાવવાનો પ્રયત્ન કરવો.

**6.3.4.4 : ત્રણ ગુપ્તિ** :

ગુપ્તિ એટલે ગોપન કરવું, સાચવવું જૈન ધર્મમાં મન, વાણી અને કાયાએ ત્રણેયને સાચવવા પર ભાર મૂકવામાં આવ્યો છે. તેને ત્રણ ગુપ્તિનું નામ આપવામાં આવ્યું છે. તે આ મુજબ છે.

મનોગુપ્તિ : મનને સાચવવું, મનમાં હિંસા, કપટ વગેરેનું ચિંતન કરવું નહીં,

વચનગુપ્તિ : વાણીને સાચવવી, અસત્યાદિથી યુક્ત બોલવું નહીં.

કાયગુપ્તિ : કાયાને સાચવવી, ચોરી કરવી નહીં કે કોઈને મારવું નહીં.

આ ત્રણ ગુપ્તિનો અર્થ થાય છે મન, વાણી અને કાયાને અંકુશમાં રાખવા. મન વચન અને કાયાથી કોઈને પણ દુઃખ ન પહોંચે તે રીતે વર્તવું.

**6.3.4.5 સામયિક અને પ્રતિક્રમણ** :

જૈનધર્મમાં સામયિક અને પ્રતિક્રમણ શબ્દો ખૂબ પ્રચલિત છે. સામાયિકએટલે અડતાલીસ મિનિટ સુધી વાંચન, મનન અને નીદીધ્યાસન કરીને સમતા યોગ સાધવો, તમામ જીવો પ્રત્યે સમતાભાવ કેળવવો અને તીર્થંકર ભગવાનોના સ્તુતિ-ગાન અને વંદના કરવી, મનને શાંત રાખીને ધર્મધ્યાન કરવું.

પ્રતિક્રમણ એટલે આખા દિવસમાં જે કોઈ ક્રિયાઓ (મન, વચન કાયાથી ) કરી હોય તેનું ચિંતન કરવું. પ્રતિક્રમણમાં સાધકે પોતાની જે ભૂલ દેખાય તેની નિંદા કરવાની હોય છે. ભૂલોને દૂર કરીને નવા સંકલ્પો કરવાના હોય છે. પ્રતિક્રમણમાં ક્ષમાપનાનો પાઠ પણ આવે છે. જેમાં આપણા આચરણથી કોઈને દુખ થયું હોય તો તેમની ક્ષમા માંગીને કે બીજાને ક્ષમા આપીને નિર્મળ થવાનું હોય છે.

જૈન ધર્મનાં ઉપરોક્ત બધાં વ્રતો કે નિયમોનો ઉદ્દેશ વ્યકિતને વધુને વધુ સંયમી, નિર્મળ, પવિત્ર અને ચારીતત્રયશીલ બનાવવાનો છે. સાદાઈ, સંયમ અને સદાચાર જ માનવીને કૌટુંબિક અને માનસિક શાંતિ આપી શકે છે.

**6.3.4.6 ત્રિરત્ન**:

જૈનધર્મમાં દર્શન, જ્ઞાન અને ચારિત્ર્યને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે. તેને 'રત્નત્રય' તરીકે ઓળખવામાં આવે છે.

સંસાર વિશેનું સાચું જ્ઞાન તે સમ્યદર્શન કહેવાય છે. તીર્થંકરોના ઉપદેશ અને ધર્મશાસ્ત્રોના વાચનથી સાંસારિક મોહમાયા ઓછી થાય છે. મોહ, માયા, રાગ, દ્રેષ વગરે કષાયો છુટતાં સમ્યદર્શન પ્રાપ્ત થાય છે. અહીં દર્શનનો અર્થ શાસ્ત્ર વચનોમાં શ્રધ્ધા એવો થાય છે. આધ્યાત્મિક વિકાસમાં ધર્મ શ્રધ્ધાને અત્યંત જરૂરી માનવામાં આવી છે.

સમ્યત્ર્યદર્શન પ્રાપ્ત થતાં સમ્યક ચારિત્ર્ય પ્રાપ્ત થાય છે. જૈનદર્શનમાં બીજા કોઈ પણ દર્શન કરતાં 'ચારીત્ર્ય'પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. બંધનમાં જે પાંચ કારણો (મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાય, યોગ) માન્ય છે. તેમાંથી છેલ્લા ચાર તો 'સમ્યકચારિત્ર્ય' થી જ દૂર થઇ શકે છે. જેને સમ્યક ચારિત્ર્ય પ્રાપ્ત થયું છે. તેને મોહ, માયા, વેર, ઝેર, ઈર્ષા વગેરે સંસારના વિકારો સ્પર્શી શકતા નથી. મહાવીરે કહ્યું છે કે ચારિત્ર્ય વિનાનું જ્ઞાન, સમ્યગદર્શન વિનાનું મુનિપણું અને સંયમ વિનાનું તપશ્ચરણ નિરર્થક છે.

સમ્યદર્શન અને સમ્યક ચારિત્ર્યથી સમ્યકજ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનના પાંચ પ્રકારો બનાવવામાં આવ્યા છે. જયારે માનવી કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. ત્યારે તે તીર્થંકર સ્વરૂપ બને છે મોક્ષ માટે સમ્યકદર્શન, સમ્યકજ્ઞાન અને સમ્યક ચારિત્ર્યનું પાલન જરૂરી મનાયું છે. જૈન ધર્મમાં કહેવાયું છે કે,

## 6.4 જૈનધર્મની કેટલીક વિશેષતાઓ

**6.4.1 અહિંસા** :

જૈન ધર્મ અહિંસાપ્રધાન ધર્મ છે 'અહિંસા પરમો ધર્મ' તેનું સત્ર છે. આગળ આપણે જોયું કે જૈનધર્મ અહિંસા પર સૌથી વિશેષ ભાર મૂકે છે. અહીં અહિસા એટલે માત્ર જીવ હત્યા જ નહીં ;

પરંતુ મન, વચન અને કયાથી કોઈની લાગણી દુભાવવી તે પણ હિંસા જ છે. જૈન ધર્મમાં નાનામાં નાના જીવની હિંસા પણ ત્યાજ્ય છે. જૈન સાધુને બધા જ જીવો સાથે સંયમથી વ્યવહાર કરવાનો આદેશ છે, લીલા અને કુણા ઘાસ પર ચાલવાની પણ મનાઈ છે. જેથી સુક્ષ્મજીવોની પણ હિંસા ન થાય.

**6.4.2 અનેકાંતવાદ** :

પોતાના દાર્શનિક વિચારોમાં જૈન ધર્મ સમાજને સહિષ્ણુતાનો વિચાર આપ્યો છે. જૈનધર્મમાં કોઈ પણ બાબતને માત્ર એક બાજુથી જોવાને બદલે તેને બધી બાજુથી જોવાનો આગ્રહ છે. હું કહું તે જ સાચું અને બીજું બધું ખોટું એવો આગ્રહ છોડવાની વાત છે. આ માટે જ તેને 'અનેકાન્તવાદ' એવું નામ અપાયું છે. કિ.ધ. મશરૂવાળા લખે છે. "દરેક વિષય અનેક દ્રષ્ટિએ વિચારી શકાય છે. એક દ્રષ્ટિએ એક રીતે ભાસે છે અને બીજી દ્રષ્ટિએ બીજે રૂપે ભાસે એમ બની શકે છે. અને તેથી વિષયનું સર્વ બાજુથી પરીક્ષણ કરવું અને દરેક બાજુથી એની મર્યાદા શોધવી એ સુજ્ઞ માણસનું કામ છે. કોઈ એક દ્રષ્ટિથી ખેંચાઈ જઈ તે જ એક સાચી દ્રષ્ટિ છે એવો આગ્રહ બાંધવો એમાં સમતોલપણાની ખામી છે. આમ બીજાની દ્રષ્ટિને સમજવાનો પ્રયત્ન કરવો એ આ વિચારનો મુખ્ય ઉદ્દેશ છે. આને 'સ્યાદવાદ' પણ કહેવામાં આવે છે.

**6.4.3 કર્મ**:

જૈનધર્મ કર્મપ્રધાન ધર્મ છે. જૈનધર્મ પ્રમાણે માણસ પોતે જ પોતાના ભાગ્યનો નિર્માતા છે. મનુષ્ય પૂર્વે જન્મના કર્મ મુજબ આ જન્મમાં અવતાર ધારણ કરે છે. માણસને કર્મ પ્રમાણે જ સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે. માણસ પોતે જ કર્મનો કર્તા અને ભોક્તા છે. આમાં તીર્થંકરો પણ બાકાત નથી. જૈનધર્મ અનુસાર આત્મા ઉપર જો કોઈનું બંધન હોય તો તે કર્મોનું જ છે. તેને કારણે જ તીર્થંકર મહાપુરુષોનું લક્ષ્ય કર્મોનાં આવરણને દૂર કરવાનું હોય છે.

આવું જ મોક્ષની બાબતમાં છે ઈશ્વર કે દેવની કૃપાથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી પરંતુ જીવ પોતે જ પોતાના પ્રયત્નોથી મોક્ષ મેળવી શકે છે. આ માટે જીવે કર્મબંધનમાંથી મુક્ત થવું પડે છે. જૈનધર્મમાં કર્મબંધનમાંથી મુક્ત થવા પવિત્ર આચરણ અને કઠોર તપ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

**6.4.4 ઈશ્વર અને પૂજા** :

જૈનધર્મમાં ઈશ્વર વિશેનો ખ્યાલ વૈદિકધર્મથી જુદો છે. જૈનો દેવ દેવીઓની પૂજા, યજ્ઞો, કર્મકાંડમાં માનતા નથી, પારલૌકિક જીવનમાં પણ માનતા નથી. આથી કેટલાક જૈનધર્મને નાસ્તિક ધર્મ પણ કહે છે.

જૈનધર્મમાં ઈશ્વરનું સ્થાન તીર્થંકરોએ લીધું છે. જૈનો તીર્થંકરો અને સિદ્ધોની પૂજા કરે છે. આ તીર્થંકરો અને સીધો પણ કોઈ અનાદિકાલીન દેવતા કે ઈશ્વર નથી, પરંતુ તેઓ એક સામાન્ય સંસારી જીવમાંથી સ્વપ્રયત્ને વીતરાગી થઇ સર્વજ્ઞ થઈ સંસારના જીવોને મોક્ષમાર્ગ બતાવી શકે તેવી સ્થિતિએ પહોચ્યા હોય છે.

જૈનોમાં તીર્થંકરોની પૂજાનો ઉદ્દેશ પણ દેવોની કૃપા પ્રાપ્ત કરવાનો નથી, પરંતુ પોતે સારા કર્મો કરવા તરફ પ્રેરાય તે છે, જૈન ધર્મમાં જે વિવિધ પ્રકારના વ્રતો અને નિયમો પ્રબોધેલા છે તેનું

પાલન કરીને મનને વધુને વધુ શુદ્ધ બનાવવાનો આશય છે. જોકે પાછળથી હિંદુ ધર્મના પ્રભાવને લીધે જૈનોમાં પણ દેવ દેવીઓની પૂજા જોવા મળે છે.

## 6.5 જૈનધર્મના સંપ્રદાયો

જૈનધર્મમાં મુખ્ય બે સંપ્રદાયો છે. 1 શ્વેતાંબર અને 2. દિગંબર. સામાન્ય રીતે એવી માન્યતા છે કે બિહારમાં ભયંકર દુષ્કાળ પડતા ઈ.સ. પૂર્વે 298 માં કેટલાક સાધુઓ સાથે ભદ્દબાહુ નામના જૈન આચાર્ય દક્ષિણ ભારતમાં ગયા હતા દુષ્કાળની સ્થિતિ શાંત પડતાં ભદ્રબાહુ વગેરે પાછા બિહાર આવ્યા ત્યારે તેમણે જોયું કે કેટલાક જૈન સાધુઓએ સફેદવસ્ત્ર ધારણ કરવાનું શરૂ કર્યું હતું. તેની સામે ભદ્રબાહુએ મહાવીર સ્વામીએ પ્રબોધેલા નિયમો ચાલુ રાખવાનો અનુરોધ કર્યો. આમાંથી ભદ્રબાહુ અને સ્થૂલભદ્ર વચ્ચે મતભેદ ઉભો થયો. સ્થૂલભદ્રને અનુસરનારા સાધુઓએ સફેદ વસ્ત્ર પહેરવાનું ચાલુ રાખ્યું. તેઓ શ્વેતાંબર કહેવાયા. તેઓ શરીર ઉપર સફેદવસ્ત્ર ધારણ કરતા. જયારે ભદ્રબાહુને અનુસરનારા સાધુઓ વસ્ત્રવગરની અવસ્થામાં રહેવા લાગ્યા તેઓ દિગંબર કહેવાયા.

આગળ જતાં શ્વેતાંબર સંપદાયમાં પણ મૂર્તિપૂજક સ્થાનકવાસી અને તેરાપંથી એવા ત્રણ પંથો પડ્યા. શ્વેતાંબર મૂર્તિપૂજકો ભગવાનની પ્રતિમાની પૂજા કરે છે. મંદિરો બાંધે છે. સ્થાનકવાસી મૂર્તિપૂજામાં માનતા નથી. અને મંદિરો બાંધતા નથી.

મૂળ તો આ ભેદ સાધુઓમાં પાડ્યા હતા પરંતુ પાછળથી સમગ્ર જૈન સમાજ શ્વેતાંબરો અને દિગંબરોમાં વહેંચાઇ ગયા જો કે સત્ય, અહિંસા અને તપ જેવા મૂળભૂત પાયાના સિદ્ધાંતોમાં કોઈ મતભેદ નથી.

## 6.6 જૈનધર્મનો પ્રચાર :

જૈનધર્મના અનુયાયીઓ કે જૈનધર્મને હડપ્પા અને મોહન- જો- દડો ની સંસ્કૃતિ સાથે ઐતિહાસિક પુરાવા પ્રાપ્ત થતા નથી જોકે જૈનધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવ વિષે વેદોમાં ઉલ્લેખો જરૂર મળે છે. ઉપરાંત મહાપુરાણ, વિષ્ણુપુરાણ, ભાગવતપુરાણ અને મનુસ્મૃતિમાં પણ જૈન ધર્મ વિષે ઉલ્લેખો મળે છે.

છેલ્લા તીર્થંકર મહાવીર સ્વામી ગૌતમવૃદ્ધના સમકાલીન હતા. તેમના સમયમાં ઘણા રજાઓએ તેમના ધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો. તેમને બિહાર, ચંપા, વૈશાલી, રાજગૃહ, મિથિલા, શ્રાવસ્તી વગેરે પ્રદેશોમાં જૈનધર્મનો પ્રચાર કર્યો હતો. તેમના નિર્વાણબાદ આપણે આગળ જોયું તેમ ઈ.સ. પૂર્વે 298માં ભદ્રબાહુ દક્ષિણ ભારતમાં ગયા ત્યારે તેમણે ત્યાં જૈનધર્મનો સિદ્ધાંતોનો પ્રચાર કર્યો તેમણે કર્ણાટકમાં શ્રવણબેલગોલામાં જૈન સાધુ વસાહત સ્થાપી હતી. મૌર્યવંશના સ્થાપક ચંદ્રગુપ્ત મૌર્યએ જૈનધર્મની દીક્ષા લીધી હતી. જૈન સાધુ ભદ્રબાહુ સાથે તે પણ દક્ષિણમાં ગયો હતો. જ્યાં અનસન કરી તેણે દેહત્યાગ કર્યો હતો. તેવા ઉલ્લેખો મળે છે. અશોક પછીના મૌર્ય રાજવી સંપ્રતિએ જૈન ધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો. ધીરે ધીરે જૈનધર્મનો કલિંગ, મથુરા, માળવા, ગુજરાત અને દક્ષિણ ભારતમાં વ્યાપક પ્રમાણમાં પ્રચાર પ્રસાર થયો.

## 6.7 જૈનધર્મનો પ્રચાર થવાના કારણો:

એક લાંબા સમય સુધી ભારતમાં જૈનધર્મનો વ્યાપક પ્રચાર પ્રસાર થયેલો જોવા મળે છે. મહાવીર સ્વામીનું ઉમદા અને પ્રભાવશાળી વ્યક્તિત્વ તેની પાછળનું મહત્વનું કારણ ગણી શકાય. મહાવીર સ્વામી આખા વર્ષમાં આઠ માસ સતત પ્રવાસ કરીને પોતાના મતનો પ્રચાર કરતા. વિરોધીઓ એ એમને અનેક કષ્ટો અને દુઃખો આપ્યાં તેમ છતાં તેમના પ્રત્યે બદલાની ભાવના રાખ્યા વગર તેમણે કરુણાભાવ રાખ્યો. ઉત્તમ ચારિત્ર્ય, મધુરવાણી અને સત્યવાદિતાથી તેમણે વિજય મેળવ્યો.

વળી, જૈનધર્મના સિદ્ધાંતો ખૂબ જ સરળ હતા. મહાવીરે વૈદિકધર્મમાં વ્યાપ્ત કર્મકાંડ, હિંસકયજ્ઞો અને બ્રાહ્મણોના વધતા પ્રભાવનો વિરોધ કર્યો. તેમણે અધ્યાત્મના ઊંડા સિદ્ધાંતોને બદલે કર્મપ્રધાન ધર્મનો રસ્તો બતાવ્યો. આવા સાદા અને સરળ ધર્મ પ્રત્યે લોકો આકર્ષાયા.

આપણે આગળ જોયું તેમ મહાવીર સ્વામી એ પોતાનો ઉપદેશ આપવા માટે સંસ્કૃત ભાષાને બદલે પ્રાકૃત ભાષાને પસંદ કરી અને પોતાના વિચારો લોકોની જ ભાષામાં વ્યક્ત કર્યો. તેથી લોકો સહજતાથી એમના પ્રત્યે આકર્ષાયા.

સમ્રાટો દ્વારા જૈનધર્મને રાજ્યાશ્રમ એ પણ એના પ્રચારનું કારણ છે. ,મહાવીર પોતે રાજ કુટુંબ સાથે સંકળાયેલા હતા. તેમની માતા ત્રિશલાદેવી લિચ્છવિ પ્રમુખ ચેટકની બહેન હતી. ચેટક સ્વયં પાશ્વનાથનો ભક્ત હતો. અવંતિનરેશ પ્રધોત, બિંબિસાર તથા અજાતશત્રુને મહાવીરના ભક્ત બનાવવામાં આવ્યા છે. આગળ જોયું તેમ મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્ત જૈન સાધુ ભદ્રબાહુનો શિષ્ય બન્યો હતો. કલિંગનો ખારવેલ, ગંગ અને ચાલુકયવંશના રાજાઓએ જૈનધર્મને રાજ્યાશ્રય આપ્યો હતો.

જૈનધર્મની સમાનતાની ભાવના પણ તેના પ્રચાર પ્રસારનું કારણ ગણી શકાય. મહાવીરનો ધર્મ તમામ જાતિના લોકો માટે ખુલ્લો હતો તેમાં વર્ણના કોઈ ભેદભાવો ન હતા તેમણે કહ્યું કે બધાં જ વર્ણના લોકોમાં એક સમાન આત્મા નિવાસ કરે છે. માણસના જન્મ ને નહીં પરંતુ તેના કર્મને ધૃણા કરવી જોઈએ આમ મહવીરની સમાનતાની ભાવના પણ જૈનધર્મના પ્રચારનું કારણ ગણી શકાય.

**તમારી પ્રગતિ ચકાસો**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. જૈનધર્મના ઉદય સમયની ભારતની ધાર્મિક સ્થિતિ જણાવો.
   ( સો શબ્દોમાં)
2. મહાવીર સ્વામીના ઉપદેશ પર સો શબ્દોમાં નોધ લખો.
3. જૈનધર્મની વિશેષતાઓ સો શબ્દોમાં આલેખો.
4. ભારતીય સંસ્કૃતિ જૈનધર્મનું પ્રદાન ટુંકમાં જણાવો.

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

**(ખ) વિધાન સાચું છે. (√) કે ખોટું (x) ની નિશાની કરો.**

1. જૈનધર્મ અહિંસા પ્રધાન ધર્મ છે.
2. મહાવીર સ્વામી યજ્ઞ અને કર્મકાંડમાં વિશ્વાસ ધરાવતા હતા.

3. મહાવીર સ્વામીના મુખ્ય 11 શિષ્યો હતા તેવો ગણધર કહેવાય છે.

- તમારી પ્રગતિ ચકાસો (ગ)

**(ગ) નીચેની ખાલી જગ્યા પૂરો.**

1. મહાવીર સ્વામીનો જન્મ --------- ગામમાં થયો હતો.
2. મહાવીર સ્વામીએ ચાર વ્રતોમાં ------ નામે પાંચમું વ્રત ઉમેર્યું.
3. જૈનધર્મમાં -------------- અને ------------ એમ મુખ્ય બે પંથો છે.
4. -------------- ને જૈનધર્મના પ્રથમ તીર્થંકર ગણવામાં આવ્યા છે.

## 6.8 જૈનધર્મની ભારતીય સંસ્કૃતિને દેણ

અહિંસા એ જૈનધર્મની દેણ છે. મહાવીર સ્વામીએ કહ્યું કે હિંસા એ મોટું પાપ છે. તેથી માણસે હિંસાથી દૂર રહેવું જોઈએ. મન, વચન અને કર્મથી બધાંજ પ્રાણીઓ પ્રત્યે મિત્રતા અને દયાભાવ રાખવો. જીવ માત્રને કષ્ટ ન પહોચાડવું. મહાવીર સ્વામીએ વૈરાગ્ય અને અહિંસાના મુલ્યોનો વિસ્તાર કર્યો. જૈનધર્મમાંથી માંસાહાર સદંતર બંધ થયો એટલું જ નહી વૈદિકધર્મમાં પણ અહિંસા પરમ ધર્મ માન્યો. મહાત્મા ગાંધીજીએ પોતાના સત્યાગ્રહોનો આધાર અહિંસાને બનાવ્યો હતો.

મહાવીરસ્વામીએ વૈદિકધર્મમાં વ્યાપ્ત જાતી ભેદોનો વિરોધ કરીને સામાજિક એકતાની વાત કરી. તમામ વર્ણના માનવોમાં એકસમાન આત્મા નિવાસ કરે છે. બધી જ વ્યક્તિ મોક્ષની અધિકારી છે. પરિણામ એ આવ્યું કે હિંદુ ધર્મની જટિલ જ્ઞાતિપ્રથાનાં મૂળ ઢીલા પડ્યા. જૈનધર્મએ સમાજની મોટામાં મોટી બુરાઈ દુર કરવાનું કામ કર્યું.

જૈનધર્મ કર્મકાંડ, વિધિવિધાનો કે યજ્ઞો કરતાં સત્કર્મ પર વધારે ભાર મુકે છે. જૈનધર્મ પવિત્ર આચરણ પર ભાર મુકે છે. માણસને પોતાના કર્મો પ્રમાણે ફળ પ્રાપ્ત થાય છે. આથી સમાજમાં સારા કર્મો કરવાની પ્રેરણા પ્રાપ્ત થઇ.

મહાવીરસ્વામી શરૂઆતથી જ સ્ત્રી- પુરુષ સમાનતાના હિમાયતી હતા. તેમણે શરૂઆતથી જ સ્ત્રીઓને સંઘમાં દીક્ષા આપી હતી. ચંદના નામની સ્ત્રીને તેમણે સાધ્વીઓના મંડળની દેખરેખ સોંપી હતી. કોશાંબીની રાજકન્યા જયંતિને પણ દીક્ષા આપી હતી. કોશંબીના રાજા ઉદયનની માતા મૃગાવતી મહાવીરના પરમ ભક્ત હતા. અહીં મહાવીરનો ધર્મ બુદ્ધ થી જુદો પડે છે. જયારે બુદ્ધના સંઘમાં સ્ત્રીને દાખલ કરવામાં આવી ત્યારે બુદ્ધે તેને જોખમ ગણાવ્યું હતું.

જૈનધર્મએ પ્રાદેશિક ભાષાઓના વિકાસમાં પણ ઘણો ફાળો આપ્યો છે. બ્રાહ્મણો પોતાના ધર્મગ્રંથોની ભાષા સંસ્કૃત જ રાખતા હતા. બૌદ્ધ શરૂઆતમાં માત્ર પાલી ભાષામાં અને પાછળથી સંસ્કૃત ભાષામાં પોતાનું સાહિત્ય રચવા લાગ્યા. જયારે જૈનોએ સમય અને સ્થળ મુજબ તે પ્રદેશની સ્થાનિક ભાષામાં સાહિત્યનું સર્જન કર્યું. લોકભાષામાં સાહિત્યનું સર્જન કરનાર કદાચ જૈનો જ પ્રથમ હતા. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ વગેરે ભાષાઓમાં જૈનોએ સાહિત્યનુ સર્જન કર્યું. આગળ જતાં મરાઠી, હિન્દી, ગુજરાતી, કન્નડ, તમિલ, તેલુગુ વેગેરે ભાષાઓમાં જૈનોએ સાહિત્યની રચના કરી.

જૈનધર્મએ ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે. જૈન ધર્મના અનુયાયીઓઓ પોતાના તીર્થંકરોની યાદમાં અનેક ભવ્ય મંદિરો, મૂર્તિઓ અને ગુફાઓનું નિર્માણ કરાવ્યું. જેના કારણે ભારતીય સ્થાપત્યકલામાં અભૂતપૂર્વ સમૃદ્ધિ આવી. ઓરિસ્સામાં પૂરી

જિલ્લામાં ઉદયગીરી અને ખંડગીરીમાં 35 જૈન ગુફાઓ મળી આવી છે. જેમાં જૈન મૂર્તિઓ જોવા મળે છે. મધ્યભારતમાં ખજુરાહોમાં 10મી 12મી સદીના જૈનમૂર્તિઓ મળી આવી છે. આબુપર્વત પરના પ્રસિધ્ધ દેલવાડાના દેરા તેની મૂર્તિકલા, વેલીઓ, તોરણો, નકશીકામ અદભૂત છે. ઉપરાંત સૌરાષ્ટ્રમાં ગીરનાર, પાલીતાણાના પહાડોના જૈન મંદિરો પ્રસિધ્ધ છે. શત્રુંજય પર્વતની પહાડીમાં આવેલા જૈન મંદિરો દર્શનિય છે. કર્ણાટક રાજ્યના હાસન જિલ્લામાં આવેલ ગોમટેશ્વર કે બાહુબલીની મૂર્તિ વિશ્વની આશ્ચર્યજનક મૂર્તિઓમાંથી એક છે.

જૈનધર્મએ ચિત્રકલાના વિકાસકાં પણ મહત્વની ભૂમિકા ભજવી છે. ઘણા જૈન હસ્ત લીખીત ગ્રંથોમાં તેના હાંસિયામાં સુંદર રંગબંરંગી ચિત્રોના નમૂના મળે છે. જે સમકાલીન ભારતીયકલાના ઉત્તમ નમૂનારૂપ છે.

**6.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

(ખ) 1. ખરું 2. ખોટું 3.ખરું

(ગ) 1. કુંડગ્રામ 2. બ્રહ્મચર્ય 3. શ્વેતાંબર, દિગંબર 4. ઋષભદેવ

**6.10 સંદર્ભગ્રંથો**


1. ડૉ. આચાર્ય નવીનચંદ્ર આનંદીલાલ : ભારતીય ધર્મા યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ.- 1985
2. ડૉ. યાજ્ઞિક જયેન્દ્રકુમાર આણંદજી : જગતના વિદ્યમાનધર્મો યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ. અમદાવાદ.- 1984
3. મશરૂલાલ કિશોરલાલ ઘનશ્યામલાલ : બુદ્ધ અને મહાવીર નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. 2000
4. ભટ્ટ મીરા (ભાવનગર) : ભગવના મહાવીર નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ. 1999
5. પંચાલી મનુભાઇ દર્શક : આપણો વારસો અને વૈભવ
6. જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી -22
7. ભારતદર્શન – 1 ઈતિહાસ આદિયુગ, વલ્લભ વિદ્યાનગર. 1982
8. જ્ઞાનગંગોત્રી ગ્રંથશ્રેણી – 23 : વોચર દર્શન- 2 વિશ્વતત્વચિંતન રૂપરેખા- ૧ વલ્લભવિદ્યાનગર – 1984
9. नहेरु जवाहर : हिन्दुस्तान कई कहानी : सस्ता साहित्य मण्डल प्रकाशन नई दिल्ही – १६६७
10. डॉ. माजूमदार रमेशचन्द्र : प्राचीन भारत : मोतीलाल बनारसीदास दिल्ली – १९९४
11. गौरव प्रशान्त : प्राचीन भारत : राजकमल प्रकाशन – २००९
12. भार्गव पुरुषोतमलाल : प्राचीन भारतका इतिहास मुंशीराम मनोहरलाल पब्लिशर्स प्रा.लि. १९९२
13. પ્રો. કોઠારી ઝવેરીલાલ વિ : જૈનદર્શન, યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ 1984
14. સંતલાલ પરિચય પુસ્તિકા : જૈન ધર્મની વિશેષતા. સંત્બળ (સપા) માનું પંડિત, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર અમદાવાદ – 1988

# એકમ -7 જનપદો અને મહાજનપદો

રૂપરેખા :

7.0 ઉદ્દેશો
7.1 પ્રસ્તાવના
7.2 સોળ મહાજનપદ
7.3 મહાજનપદોના વિકાસમાં ત્રણ મહત્વની બાબતો
7.4 મહાજનપદોનું વિવરણ
7.5 સારાંશ
7.6 ચાવીરૂપ શબ્દો
7.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
7.8 સંદર્ભ

## 7.0 ઉદ્દેશો:

આ એકમનો ઉદ્દેશ્ય ઇ.સ.પૂર્વે 6ઠ્ઠી સદીના સમયનો ઇતિહાસ તપાસાવનો છે. આ યુગમાં તથાગત બુદ્ધ અને મહાવીર જૈન જેવા મહામાનવોનો જન્મ થયો હતો. આ યુગ દરમિયાન ઉત્તર ભારતની રાજકીય સ્થિતિમાં ક્યાં-ક્યાં મહાજનપદો હતા તે જાણવું ખૂબ જરૂરી છે. આ મહાજનપદોની ભૌગોલિક સ્થિતિ અને વિસ્તાર જાણવા તથા વર્તમાન સમયમાં આ પ્રાચીન જનપદો ક્યાં ક્યાં સ્થિત હતા તે પણ જાણવું. આ જનપદોમાં કયા પ્રસિદ્ધ રાજાઓ હતા તથા તેમના વચ્ચે કેવા પ્રકારના સંઘર્ષો થતાં તે પણ જાણવું. રાજયમાંથી સામ્રાજ્ય તરફના પ્રયાણ વિશે જાણવું. દા.ત. મગધ જેવા રાજ્યે આસપાસના રાજ્યોને પોતાનામાં ભેળવી 'સામ્રાજ્ય'ના લક્ષ્યને સ્થાપિત કર્યું.

## 7.1 પ્રસ્તાવના

પ્રાચીન ભારતના ઈતિહાસમાં ઇ.સ. પૂર્વેની 6ઠ્ઠી સદી અતિ મહત્વપૂર્ણ છે. આ જ સદીમાં મહામાનવ ગૌતમ બુદ્ધ અને મહાવીર સ્વામીએ પ્રવર્તમાન સ્થિતિમાં પોતાના વિચારો અને જીવનકર્મ થકી સામાજિક પરિવર્તનો સર્જ્યાં હતા. બૌદ્ધ અને જૈન ધર્મના વિકાસમાં આ યુગ ખૂબ મહત્વનો છે. આ જ યુગમાં મહાજનપદોનો ઉદય અને વિકાસ થયો. નાના કબીલાઓ 'રાજ્ય'માં ફેરવાયા તેમજ મગધ જેવા રાજ્યએ 'સામ્રાજ્ય'ની પરિકલ્પનાને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો. ઇ.સ. પૂર્વ 600 ની આસપાસ મોટાભાગના પ્રસિદ્ધ નગરો ગંગા-જમુના નદીઓની આસપાસ જ વસ્યા હતા જેમકે ઇન્દ્રપ્રસ્થ, હસ્તિનાપુર, કૌશાંબી તથા બનારસ. ગંગા નદી પોતે જ એક મહત્વપૂર્ણ વેપારિક માર્ગ હતી અને તેના દ્વારા સમુદ્ર સુધી પહોંચી શકવાનું સંભવ હતું. બીજું કે

બિહારમાં ગંગા એવા સ્થળોએથી પસાર થતી જ્યાંથી કાચું લોખંડ બહુ મોટી માત્રામાં મળતું હતું. લોખંડના આવિષ્કારે રાજયોના ઉદયમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી હતી.

ભારતનો રાજકીય ઇતિહાસ ઘણો જ રોચક અને રસપ્રદ છે. રાજા, રાજ્ય, રાષ્ટ્ર, સામ્રાજ્ય તેની સાથે જોડાયેલા છે. સિંધુ સભ્યતામાં કોઈ ચોક્કસ રાજકીય ગતિવિધિ વ્યવસ્થા જોવા નથી મળતી. આમ છતાં એ સમૃદ્ધ નગરોનો વહીવટ કોઈ નગરપાલિકા કે વેપારી મંડળ દ્વારા ખૂબ સરસ રીતે ચાલતો. સુંદર અને આયોજનબદ્ધ નગરયોજના, ગટર વ્યવસ્થા, નગરો અને મકાનોની રચના, સમૃદ્ધ આંતરિક અને બાહ્ય વેપાર એટલું તો ચોક્કસ દર્શાવે છે કે એ સમયે નગરોનું વહીવટીતંત્ર ખૂબ સરસ રીતે ચાલતું હતું. ઋગ્વેદિક અને અનુ-ઋગ્વેદિક યુગમાં 'જન', 'જનપદો', 'વિશ', 'વિશપતિ', 'રાષ્ટ્ર', 'રાજા', 'સેનાની', 'ગ્રામણી' જેવા શબ્દો સૂચવે છે કે એ સમયે રાજ્યપ્રણાલિ, રાજ્યવ્યવસ્થા કે પછી વહીવટીતંત્રનું એક પ્રકારે માળખું બંધાતું જતું હતું.

ભારતના સંસ્કૃતિક ઇતિહાસનો પ્રારંભ અતિ પ્રાચીન સમયથી થયો પરંતુ રાજનૈતિક ઇતિહાસની શરૂઆત તેની અપેક્ષાએ ખૂબ પાછળના સમયથી થઈ હતી. રાજનૈતિક ઇતિહાસનો મુખ્ય આધાર તેનો કોઈ સુનિશ્ચિત સમયગાળો (Chronology) હોય છે. આ દ્રષ્ટિથી ભારતના રાજનીતિક ઇતિહાસનો પ્રારંભ આપણે ઇ.સ.પૂર્વે સાતમી સદીના (ઇ.સ.પૂર્વે. 650) મધ્ય સુધી માની શકીએ. ઉત્તર વૈદિક યુગમાં આપણને વિવિધ 'જનપદો' નું અસ્તિત્વ જોવા મળે છે. આ યુગ સુધી પૂર્વીય ઉત્તર પ્રદેશ તથા પશ્ચિમી બિહારમાં લોખંડનો વ્યાપકપણે ઉપયોગ કરવામાં આવતો હતો. લોખંડ આધારિત તકનિકે લોકોના ભૌતિક જીવનમાં બહુ મોટું પરિવર્તન સરજ્યું હતું અને તેનાથી સ્થાયી જીવનપદ્ધતિ વધુ સુદ્રઢ બનવા પામી હતી. ખેતી, ઉદ્યોગ, વેપાર-વાણિજ્ય વગેરેના વિકાસે પ્રાચીન જનજાતીય વ્યવસ્થાને જર્જર બનાવી દીધી હતી તથા નાના નાના 'જનોં'નું સ્થાન 'જનપદો'એ લીધું હતું. ઇ.સ.પૂર્વે છઠ્ઠી સદી સુધીમાં તો જનપદ મહાજનપદોના રૂપમાં વિકસિત થઇ ચૂક્યા હતા. બૌદ્ધ ધર્મ ગ્રંથોમાં મહાજનપદોનો ઉલ્લેખ છે.

## 7.2 સોળ મહાજનપદ

અનુ-વૈદિક યુગમાં આવેલા આર્થિક પરિવર્તનોના લીધે ઋગ્વૈદિક કબાયલી જનજીવનમાં પણ પરિવર્તન આવ્યું અને તેની સાથે ક્ષેત્રીય ભાવના જાગૃત થવા માંડી. પશુચારણથી ખેતી તરફનું પ્રયાણ આ યુગનું એક મહત્વપૂર્ણ લક્ષણ ગણાવી શકાય જેની સાબિતી વૈદિક સાહિત્ય તેમજ પુરાતાત્વિક અવશેષો પણ આપે છે. આ એક એવી પ્રક્રિયા હતી જેના ફળસ્વરૂપ ગંગા ઘાટીના નિવાસીઓના જીવનમાં સ્થિરતા અને સ્થાયિત્વ આવ્યું જે જનપદોના સર્જનમાં ઉપયોગી નીવડ્યું. આ સમયે નાના નાના 'રાજ્ય' વિભાજિત થયા હતા અને 'સામ્રાજ્ય'નું લક્ષ્ય પણ સેવી રહ્યા હતા. બુદ્ધના સમય સુધીમાં તો 'જન'માં બહુ મોટું પરિવર્તન આવી ચૂક્યું હતું અને જનપદોનો જન્મ થઈ ચૂક્યો હતો. બૌદ્ધ અને જૈન સાહિત્યમાં તો સ્પષ્ટ રૂપથી 16 મહાજનપદોની સૂચિ અને ઉલ્લેખ મળે છે.

## 7.3 મહાજનપદોના વિકાસમાં ત્રણ મહત્વની બાબતો

મોટાભાગના જનપદોના વિકાસમાં ત્રણ બાબતો જોવા મળે છે:

(1) કેટલાક જનો અથવા કબીલાઓએ પોતાની રીતે જ જનપદની અવસ્થા પ્રાપ્ત કરી લીધી હતી. મત્સ્ય, ચેદિ, કોશલ તથા કેટલાક અન્ય જન આ શ્રેણીમાં આવે છે.

(2) કેટલાક જનોંમાં પહેલા સંજોગ ઊભો થયો અને ત્યારબાદ તેનો જનપદના રૂપમાં વિકાસ થયો. આ પ્રકારનું ઉદાહરણ પાંચાલ જનપદ છે, જેમાં પાંચ જનોંનો સંયોગ જોવા મળે છે.

(3) અનેકજન ખૂબ જ શક્તિશાળી જનો દ્વારા પરાજિત થયા બાદ, તેમાં ભેળવી દેવામાં આવ્યા. જન આ પ્રકારનું એક ઉદાહરણ છે.

ઇ.સ.પૂર્વેની છઠ્ઠી સદીના પ્રારંભમાં ઉત્તર ભારતમાં સાર્વભૌમ સત્તાનો પૂર્ણપણે અભાવ હતો. તત્કાલીન પ્રદેશો અનેક સ્વતંત્ર રાજ્યોમાં વિભક્ત હતા. જો કે આ રાજ્યો અનુ-વૈદિક યુગના રાજ્યોની અપેક્ષાએ ઘણા વિસ્તૃત તથા શક્તિશાળી હતા. પણ તેમાંથી એકપણ રાજ્ય દેશની રાજનૈતિક એકતાને સંગઠિત કરવા માટે સમર્થ ન હતું. આ યુગની રાજકીય પરિસ્થિતિ માટે કોઈ પ્રામાણિક વિવરણ કોઈ સાહિત્યિક સાધનોમાંથી પ્રાપ્ત નથી થતું. આમ છતાં બૌદ્ધ ગ્રંથ 'અંગુત્તર નિકાય'થી જ્ઞાત થાય છે કે મહાત્મા ભગવાન બુદ્ધના ઉદયના કેટલાક સમય પૂર્વે સમગ્ર ઉત્તરી ભારત 16 મોટા રાજ્યોમાં વિભાજિત હતું. તેને 'સોળ મહાજનપદ' તરીકે ઓળખવામાં આવે છે. તેના નામ આ પ્રકારે છે:

| | |
|---|---|
| (1) કાશી, | (9) કુરૂ, |
| (2) કોશલ, | (10) પંચાલ, |
| (3) અંગ, | (11) મત્સ્ય, |
| (4) મગધ, | (12) શૂરસેન, |
| (5) વજ્જિ, | (13) અસ્સક (અશ્મક), |
| (6) મલ્લ, | (14) અવંતિ, |
| (7) ચેદિ, | (15) ગંધાર, |
| (8) વત્સ, | (16) કંબોજ |

જૈન ગ્રંથ 'ભગવતીસૂત્ર'માં આ 16 મહાજનપદોની સૂચિ મળે છે. પરંતુ ત્યાં આ રાજયોના નામ ભિન્ન પ્રકારે જોવા મળે છે.

| | |
|---|---|
| (1) અંગ, | (9) પાઢય, |
| (2) બંગ, | (10) લાઢ, |
| (3) મગહ (મગધ), | (11) વજ્જિ, |
| (4) મલય, | (12) મોલિ (મલ્લ), |
| (5) માલવ, | (13) કાશી, |
| (6) અચ્છ, | (14) કોશલ, |
| (7) વચ્છ (વત્સ), | (15) અવધ, |
| (8) કોચ્છ, | (16) સંભુત્તર, |

ઉપરોક્ત બંને સૂચિઓની તુલના કરવાથી એ સ્પષ્ટ થાય છે કે કેટલાક રાજયોના નામ જેવા કે અંગ, મગધ, કાશી, કોશલ, વત્સ, વજ્જિ વગેરે બંનેમાં સમાન છે. ઈતિહાસકાર એચ.સી. રાયચૌધરીનો મત છે કે ભગવતીસૂત્રની સૂચિમાં જે રાજયોના નામ બતાવવામાં આવ્યા છે તે

સુદૂર-પૂર્વ તથા સુદૂર-દક્ષિણ ભારતની રાજનૈતિક સ્થિતિના સૂચક છે. તેનો વિસ્તાર એવું સિદ્ધ કરે છે કે અંગુત્તર નિકાયમાં દર્શાવાયેલ રાજયોના પછીના છે. તેથી ઇ.સ. પૂર્વેની છઠ્ઠી સદીના પૂર્વાધમાં ભારતની રાજનૈતિક સ્થિતિના જ્ઞાન માટે આપણે બૌદ્ધ ગ્રંથની સૂચિને જ પ્રમાણિક માનવી જોઈએ. અંગુત્તર નિકાયમાં જે 16 મહાજનપદોનો ઉલ્લેખ થયેલો છે તે બુદ્ધના પહેલાં વિદ્યમાન હતા, કારણ કે બુદ્ધકાળમાં કાશીનું રાજ્ય કોશલમાં તથા અંગનું રાજ્ય મગધમાં ભેળવી દેવામાં આવ્યું હતું. સંભવ છે કે એ સમયે અશ્મક પણ અવંતિ દ્વારા જીતી લેવામાં આવ્યું હતું. એ પ્રકારે વજ્જિનો ઉલ્લેખ એ સ્પષ્ટ કરે છે કે મહાજનપદ વિદેહ રાજતંત્રના પતન બાદ (ઇ.સ. પૂર્વેની છઠ્ઠી સદીના કેટલાક સમય પહેલાં) જ અસ્તિત્વમાં આવ્યા હશે. આ પ્રકારે આપણે ષોડસ મહાજનપદોને ઇ.સ. પૂર્વેની છઠ્ઠી સદીના પ્રથમ ભાગમાં ગણાવી શકીએ.

અંગુત્તર નિકાયની સૂચિમાં જે 16 મહાજનપદોનો ઉલ્લેખ થયેલ છે, તેમાં બે પ્રકારના રાજ્ય હતા-

(1) રાજતંત્ર – તેમાં રાજ્યનો પ્રમુખ રાજા ગણવામાં આવતો. આ પ્રકારના રાજ્યોમાં – અંગ, મગધ, કાશી, કોશલ, ચેદિ, વત્સ, કુરૂ, પંચાલ, મત્સ્ય, શૂરસેન, અશ્મક, અવંતી, ગંધાર અને કંબોજ.

(2) ગણતંત્ર – આવા- રાજ્યોનો વહીવટ રાજા દ્વારા થતો ન હતો બલકી ગણ અથવા સંઘ દ્વારા થતો હતો. આ પ્રકારના રાજ્યોમાં વજ્જિ અને મલ્લનો સમાવેશ થતો હતો.

## 7.4 મહાજનપદોનું વિવરણ :

આ મહાજનપદોનું વિવરણ આ પ્રકારે છે –

**(1) કાશી** – વર્તમાન વારાસણી અને તેના નિકટવર્તી પ્રદેશો જ પ્રાચીન સમયમાં કાશી મહાજનપદ તરીકે ઓળખાતા. આ મહાજનપદની રાજધાની વારાસણી નગરી હતી જે ઉત્તરમાં વરુણા અને દક્ષિણમાં અસી નદીઓથી ઘેરાયેલી હતી. સોનનંદ જાતકથી માલૂમ થાય છે કે મગધ, કોશલ અને અંગ ઉપર કાશીનો અધિકાર હતો. જાતક ગ્રંથોમાંથી માલૂમ થાય છે કે આ રાજ્યનો વિસ્તાર ત્રણસો લીગ હતો તથા આ રાજ્ય મહાન, સમૃદ્ધશાળી અને સુખી-સંપન્ન હતું. કાશી તથા કોશલની વચ્ચે ઘણા લાંબા સમય સુધી સંઘર્ષ ચાલ્યો હતો તેવું વિવરણ બૌદ્ધ ગ્રંથોમાંથી મળે છે. આ નિરંતર સંઘર્ષોમાં ક્યારેક કાશીનો વિજય થતો તો ક્યારેક કોશલનો. જો કે ગૌતમ બુદ્ધના સમયમાં કાશીનું રાજનૈતિક પતન થઈ ચૂક્યું હતું. રાજ્યનો સૌથી શક્તિશાળી રાજા બ્રહ્મદત્ત હતો જેણે કોશલ ઉપર વિજય પ્રાપ્ત કર્યો હતો. પરંતુ છેવટે કોશલના રાજા કંસે કાશીને જીતીને પોતાના રાજયમાં ભેળવી દીધું હતું. આમ આ મહાજનપદ કેટલાક સમય સુધી કોશલ દેશનો ભાગ રહ્યું. મગધ તથા કોશલ વચ્ચે પણ કાશીને લઈને સંઘર્ષ થયો હતો. અજાતશત્રુના સમયમાં કાશી પર મગધનો અધિકાર થઈ ચૂક્યો હતો. કાશીબોદ્ધ સમયમાં કાપડ બનાવવાના કેન્દ્ર તરીકે પ્રખ્યાત હતું.

**(2) કોશલ** – અંગુત્તર નિકાયમાં કોશલ જનપદનો પણ ઉલ્લેખ મળે છે. વર્તમાન અવધનો પ્રદેશ (ફૈઝાબાદ) પ્રાચીન સમયમાં કોશલ મહાજનપદ તરીકે ઓળખતો હતો. તે ઉત્તરમાં નેપાળથી લઈને દક્ષિણમાં સઈ નદી તથા પશ્ચિમમાં પંચાલથી લઈને પૂર્વમાં ગંડક નદી સુધી ફેલાયેલ હતું. શ્રાવસ્તી નગરી કોશલની રાજધાની હતી. તેના અન્ય પ્રમુખ નગરોમાં આયોધ્યા અને

સાકેત હતા. રામાયણ કાળમાં કોશલ રાજ્યની રાજધાની અયોધ્યા હતું. બુદ્ધ કાળમાં કોશલ રાજ્યના બે ભાગ પડ્યા હતા. સરયુ નદી આ જનપદને બે ભાગોમાં વહેંચતી હતી. તેમાં ઉત્તરી કોશલની રાજધાની સાકેત બન્યું તો દક્ષિણી કોશલની રાજધાની શ્રાવસ્તી સ્થાપિત થયું હતું. સાંકેતનું જ બીજું નામ અયોધ્યા હતું. કાશી વિજયના લીધે કોશલ ખૂબ શક્તિશાળી બની ગયું અને કપિલવસ્તુના શાકયોને પણ આતંકિત કરવા લાગ્યા. પ્રસેનજિત આ જનપદનો મહત્વપૂર્ણ શાસક હતો જે બુદ્ધનો સમકાલીન હતો. તેણે મગધના રાજા અજાતશત્રુ સાથે ઘણા લાંબા સમય સુધી દૂર રહેવાનો પ્રયત્ન કર્યો.

**(3) અંગ** – આજના ઉત્તરી બિહારના ભાગલપુર અને મુંગેરના જિલ્લાઓ અંગ મહાજનપદ અંતર્ગત સમાવિષ્ટ હતા. તેની રાજધાની ચંપા હતું. મહાભારત તથા પુરાણોમાં ચંપાનું પ્રાચીન નામ 'માલિની' પ્રાપ્ત થાય છે. બુદ્ધના સમય સુધી ચંપાની ગણના ભારતની છ મહાનગરીઓમાં થતી હતી. દીઘનિકાય અનુસાર આ નગરના નિર્માણની યોજના સુપ્રસિદ્ધ વાસ્તુકાર મહાગોવિંદ દ્વારા કરવામાં આવી હતી. મહાપરિનિર્વાણસૂત્રમાં ચંપા ઉપરાંત અન્ય પાંચ મહાનગરીઓના નામ રાજગૃહ, શ્રાવસ્તી, સાકેત, કૌશાબી તથા બનારસનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન કાળમાં ચંપા નગરી તેના વૈભવ તથા વેપાર-વાણિજ્ય માટે પ્રસિદ્ધ હતું. અંગ, મગધનું પાડોશી રાજ્ય હતું. જે પ્રકારે કાશી તથા કોશલમાં પ્રભુસત્તા માટે સંઘર્ષ ચાલી રહ્યો હતો તે જ પ્રકારે અંગ તથા મગધની વચ્ચે પણ ઘણાં લાંબા સમય સુધી સંઘર્ષ ચાલ્યો હતો. અંગના રાજા બ્રહ્મદત્તે મગધના રાજા ભટ્ટિયને પહેલાં પરાજિત કરીને મગધ રાજ્યનો કેટલોક ભાગ જીતી લીધો હતો. પરંતુ પછીના સમયમાં અંગનું રાજ્ય મગધમાં ભેળવી દેવામાં આવ્યું હતું.

**(4) મગધ** – આ રાજ્ય દક્ષિણી બિહારમાં આવેલું હતું. તેમાં વર્તમાન પટના અને ગયા જિલ્લાઓ સમાવિષ્ટ હતા. સમયજતાં આ રાજ્ય ઉત્તર ભારતનું સૌથી શક્તિશાળી મહાજનપદ બનવા પામ્યું હતું. મગધ તથા અંગ એકબીજાના પાડોશી રાજ્ય હતા તથા બંનેને જુદા પાડતી ચંપા નદી ત્યાં વહેતી હતી. આ મહાજનપદની સરહદ ઉત્તરમાં ગંગાથી લઈને દક્ષિણમાં વિંધ્યપર્વત સુધી તથા પૂર્વમાં ચંપાથી લઇને પશ્ચિમમાં સોન નદી સુધી વિસ્તૃત હતી. નગરની ચારે બાજુએ પત્થરની સુદ્રઢ દીવાલ બનાવવામાં આવી હતી. સમયાંતરે મગધની રાજધાની પાટલિપુત્રમાં સ્થાપિત કરવામાં આવી હતી.

**(5) વજ્જિ** – આ મહાજનપદ આઠ રાજ્યોનો એક સંઘ હતું. તેમાં વજ્જિની સાથે વૈશાલીના લિચ્છવી, મિથિલાના વિદેહ તથા કુંડગ્રામના જ્ઞાતૃક વિશેષ રૂપથી પ્રસિદ્ધ હતા. વૈશાલી ઉત્તરી બિહારના મુજફ્ફરપુર જીલ્લામાં સ્થિત આધુનિક વસાઢ છે. મિથિલાની ઓળખ નેપાળની સરહદમાં આવેલા જનકપુર નામના નગર સાથે કરવામાં આવે છે. અહીયાં પહેલાં રાજતંત્ર હતું પરંતુ પછીથી ગણતંત્રની સ્થાપના થઈ હતી. કુંડગ્રામ વૈશાલીની નજીક જ આવેલું હતું. અન્ય રાજયોની બાબતમાં નિશ્ચિત રૂપથી માહિતી ઉપલબ્ધ નથી. સંભવ છે કે અન્ય ચાર રાજ્ય ઉગ્ર, ભોગ, ઇક્ષ્વાકુ અને કૌરવ હતા. જૈન સાહિત્યમાં જ્ઞાતૃકોની સાથે તેમનો ઉલ્લેખ થયો છે તથા તેમને એક જ સંસ્થાગારના સભ્ય કહેવામાં આવ્યા છે. બુદ્ધના સમયમાં આ એક શક્તિશાળી સંઘ હતો.

**(6) મલ્લ** – અંગુત્તર નિકાયમાં મલ્લ મહાજનપદનું વિવરણ મળે છે. આ મહાજનપદ વર્તમાન પૂર્વીય ઉત્તર પ્રદેશના દેવરિયા જીલ્લામાં આવેલું હતું. પ્રાચીન સમયમાં તેના બે ભાગ હતા. એકની રાજધાની કુશીનગર અને બીજા ભાગની રાજધાનીનું નામ પાવા હતું. કુશનગરમાં જ મહાત્મા બુદ્ધનું પરિનિર્વાણ થયું હતું. મલ્લ રાજયમાં શાસનની બાગડોર રાજાના હાથમાં હતી પરંતુ સમયાંતરે ત્યાં ગણરાજ્યની સ્થાપના થઈ હતી. વજ્જિ સંઘની જેમ તે પણ એક સંઘ (ગણ) રાજ્ય હતું જેમાં પાવા (પડરૌના) તથા કુશીનારા (કસયા)ના મલ્લોની શાખાઓ સમાવિષ્ટ હતી. એવું પ્રતીત થાય છે કે વિદેહ રાજ્યની જેમ જ મલ્લ રાજ્ય પણ પ્રારંભમાં એક રાજતંત્રના રૂપમાં સંગઠિત હતું. કુસ જાતકમાં ઓક્કાકને ત્યાંનો રાજા દર્શાવવામાં આવ્યો છે. સમય જતાં તેમનો એક સંઘ રાજ્ય બન્યું હતું. બુદ્ધના સમય સુધી તેનું સ્વતંત્ર અસ્તિત્વ જોવા મળે છે. આ મહાજનપદમાં જૈન તથા બૌદ્ધ ધર્મનો વ્યાપક પ્રચાર થયો હતો. છેવટે મગધ રાજ્યે તેના પર વિજય પ્રાપ્ત કરીને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દીધું.

**(7) ચેદિ અથવા ચેતિ** – પ્રાચીન કાળમાં ચેદિ મહાજનપદ યમુના નદીના કિનારે સ્થિત હતું. આધુનિક બુંદેલખંડના પૂર્વીય તથા તેના નજીકના વિસ્તારમાં ચેદિ મહાજનપદ આવેલું હતું. તેની સીમા કુરુ મહાજનપદની સાથે જોડાયેલી હતી. તેની રાજધાની 'સોત્થિવતી' હતી જેની ઓળખ મહાભારતના શુક્તિમતી સાથે કરવામાં આવે છે. મહાભારતકાળમાં અહીંનો પ્રસિદ્ધ રાજા શિશુપાલ હતો જેનો વધ કૃષ્ણ દ્વારા કરવામાં આવ્યો હતો. ચેતિય જાતકમાં અહીંના એક રાજાનું નામ 'ઉપચર' મળે છે. કલિંગ (ઓરિસ્સા)માં જે ચેદિ વંશનો રાજા ખારવેલ હતો, તે સંભવ છે કે આ ચેદિ પ્રદેશની શાખા દ્વારા જ સ્થાપિત થયો હશે.

**(8) વત્સ** – પ્રાચીન યુગનું આ મહાજનપદ આધુનિક અલાહાબાદ તથા વાંદાના જિલ્લાઓમાં આવેલું હતું. તેની રાજધાની કૌશાંબી હતી જે અલાહાબાદના દક્ષિણ-પશ્ચિમમાં 33 માઈલ દૂર યમુના નદીના કિનારે આવેલું છે. વિષ્ણુ પુરાણમાંથી માહિતી મળે છે કે હસ્તિનાપુરના રાજા નિચક્ષુએ હસ્તિનાપુરનું ગંગાના વહેણમાં તણાઈ જવાના પછી કૌશાંબીને પોતાની રાજધાની બનાવી હતી. બુદ્ધના સમયમાં અહી પૌરવંશનું શાસન હતું જેનો રાજા ઉદયન હતો. પુરાણોના અનુસાર તેના પિતા પરંતપએ અંગની રાજધાની ચંપાને જીતી લીધું હતું. રાજા ઉદયનને અવંતીના રાજા પ્રદ્યોત સાથે દુશ્મનાવટ હતી, આ વિષયને લઈને અનેક મનોરંજક કથાનકો પ્રાપ્ત થાય છે, જેમાં વાસવદત્તા અને ઉદયનનો પ્રણય-પ્રસંગ વિશેષ રૂપથી મહત્વપૂર્ણ છે. અલાહાબાદ વિશ્વવિદ્યાલયના પ્રાચીન ઇતિહાસ વિભાગ દ્વારા કૌશાંબીમાં વિસ્તૃત ખોદકામ કરવામાં આવ્યું છે જેનાથી માહિતી મળે છે કે ઇ.સ. પૂર્વેની 12મી સદીના મધ્યથી લઈને ઇ.સ. 6ઠ્ઠી સદી સુધી અહી લોકો રહેતા હતા. શ્રેષ્ઠી ઘોષિત દ્વારા અહી વિહારનું નિર્માણ તથા ઉદયનના રાજમહેલના અવશેષ પણ પ્રાપ્ત થયા છે.

**(9) કુરુ** – પંચાલ જનપદની માફક કુરુ જનપદ પણ ઉત્તર વૈદિક સાહિત્યમાં ખ્યાતિ-પ્રાપ્ત રાજ્ય હતું. વાસ્તવમાં બ્રાહ્મણ ગ્રંથોમાં તો કુરુ-પંચાલની જોડી ખૂબ જ શક્તિશાળી માનવમાં આવતી હતી. વર્તમાન મેરઠ, દિલ્લી તથા થાનેશ્વરના ભૂ-ભાગોમાં કુરુ મહાજનપદ સ્થપાયેલું હતું. જાતકો અનુસાર તેની રાજધાની ઇન્દ્રપ્રસ્થ હતી. યાદવોં, ભોજોં અને પંચાલોંની સાથે કુરુ રાજાઓએ વૈવાહિક સંબંધો સ્થાપિત કર્યા હતા. વત્સ પ્રદેશમાં જે રાજતંત્રની સ્થાપના થઈ તે

સંભવ છે કે કુરુઓની જ શાખા હતી. મહાભારતકાલીન મહત્વપૂર્ણ હસ્તિનાપુર નગર પણ આ જ રાજયમાં સ્થિત હતું. જાતક ગ્રંથો અનુસાર આ નગરનું ક્ષેત્રફળ બે હજાર માઈલ લગભગ હતું. પહેલા કુરુ એક રાજતંત્રાત્મક રાજ્ય હતું પરંતુ સમયજતાં ત્યાં ગણતંત્રની સ્થાપના થઈ હતી.

**(10) પંચાલ** – પંચાલ જનપદ ઉત્તર વૈદિક કાળથી જ પ્રસિદ્ધ હતું. આ પ્રાચીન પંચાલ મહાજનપદમાં આધુનિક રુહેલખંડના બરેલી, બદાયું અને ફરૂખાબાદના જિલ્લાઓનો સમાવેશ થતો હતો. આરંભમાં તેના બે ભાગ હતા – (1) ઉત્તર પંચાલ જેની રાજધાની અહિછત્ર (બરેલીમાં આવેલ વર્તમાન રામનગર) હતી (2) દક્ષિણ પંચાલ જેની રાજધાની કામ્પિલ્ય (ફરૂખાબાદમાં આવેલ કમ્પિલ) હતી. કન્નૌજ (કાન્યકુબ્જ)નું પ્રસિદ્ધ નગર પંચાલ પરદેશમાં જ આવેલું હતું. મોટાભાગનું આધુનિક પશ્ચિમી ઉત્તર પ્રદેશ આ જનપદના અંતર્ગત આવતું હતું. ઉત્તરમાં હિમાલયથી લઈ દક્ષિણમાં ચંબલ નદી સુધી તથા પૂર્વમાં કોશલ અને પશ્ચિમમાં કુરૂ જનપદ તેની સરહદો વ્યાપ્ત હતી. મહાભારતમાં તો તેના અનેક ઉલ્લેખ મળે છે. સ્વયં દ્રૌપદી પણ પાંચાલી તરીકે ઓળખાતી હતી. ઇ.સ. પૂર્વેની 6ઠ્ઠી સદીમાં કુરૂ તથા પંચાલનું એક સંઘ રાજ્ય હતું પંચાલ મૂળભૂત રીતે એક રાજતંત્ર હતું પરંતુ કૌટિલ્યના સમય સુધીમાં તે એક ગણરાજ્ય બની ગયું હતું..

**(11) મત્સ્ય (મચ્છ)** – આ મહાજનપદ રાજસ્થાનના જયપુર ક્ષેત્રની આસપાસ સ્થિત હતું. તેની અંતર્ગત વર્તમાન અલવરનો સંપૂર્ણ ભાગ તથા ભરતપુરનો એક ભાગ સમાવિષ્ટ હતો. તેની રાજધાની વિરાટનગર હતી જેની સ્થાપના વિરાટ નામના રાજાએ કરી હતી. સાહિત્યિક સ્રોતોમાં ‘અપર મત્સ્ય’, ‘વીર મત્સ્ય’ વગેરેનો ઉલ્લેખ જોવા મળે છે, જે સંભવતઃ મૂળ મત્સ્ય જનપદની શાખાઓ હશે. મત્સ્ય જનપદ ક્યારેક ચેદિ જનપદની અધીન હતું. બુદ્ધકાળમાં આ રાજયનું કોઈ રાજનૈતિક મહત્વ ન હતું.

**(12) શૂરસેન** – આધુનિક વ્રજમંડળના પ્રદેશમાં આ મહાજનપદ સ્થિત હતું. તેની રાજધાની મથુરા હતી. પ્રાચીન ગ્રીક લેખક આ રાજ્યને શૂરસેનોઈ (Sourasenoi) તથા તેની રાજધાનીને ‘મેથોરા’ કહેતા હતા. મહાભારત તથા પુરાણો અનુસાર અહી યદુ (યાદવ) વંશનું શાસન હતું. કૃષ્ણ અહીના રાજા હતા. બુદ્ધના સમયમાં અહીયાં રાજા અવંતિપુત્ર હતો જે બુદ્ધનો સર્વપ્રમુખ શિષ્ય હતો. તેની સહાયતાથી મથુરામાં બૌદ્ધ ધર્મનો પ્રચાર સંભવ થઈ શક્યો. તેના નામથી એવું પ્રતીત થાય છે કે મથુરા અને અવંતી વચ્ચે વૈવાહિક સંબંધ હતા. પાણિનિના સમયમાં અંધક તથા વૈષ્ણવજનનું વાસ-સ્થાન મથુરા હતું. સમયાંતરે આ જાતિઓએ એક પારસ્પરિક સંઘની સ્થાપના કરી. મંઝીમ નિકાયથી જ્ઞાત થાય છે કે અવંતિ પુત્રનો જન્મ અવંતિ નરેશ પ્રદ્યોતની દીકરીથી થયો હતો.

**(13) અશ્મક (અસ્સક અથવા અશ્વક)** – અંગુત્તર નિકાયમાં અશ્મક જનપદનું પણ વર્ણન જોવા મળે છે. ગોદાવરી નદી (આંધ્ર પ્રદેશ)ના કિનારા પર અશ્મક મહાજનપદ સ્થિત હતું. તેની રાજધાની પોતન અથવા પોટિલ હતી. મહાજનપદોમાં કેવળ અશ્મક જ દક્ષિણ ભારતમાં આવેલું હતું. પુરાણોથી જ્ઞાત થાય છે કે અશ્મકના રાજતંત્રની સ્થાપના ઇક્ષ્વાકુવંશી શાસકોએ કરી હતી. ચુલકલિંગ જાતકથી માહિતી મળે છે કે અસ્સકના રાજા અરુણએ કલિંગના રાજા પર વિજય

મેળવ્યો હતો. મહાત્મા બુદ્ધના પૂર્વે અશ્મકનો અવંતિની સાથે નિરંતર સંઘર્ષ ચાલું રહ્યો હતો તથા બુદ્ધકાળમાં અવંતિએ તેને જીતીને પોતાની સરહદ અંતર્ગત સામેલ કરી લીધું હતું.

**(14) અવંતિ** – પશ્ચિમી ભારતમાં અવંતિ મહાજનપદ પ્રમુખ હતું. આ મહાજનપદ પશ્ચિમી તથા મધ્ય માળવાના પ્રદેશમાં વસેલું હતું. પ્રાચીન સમયમાં તેના બે ભાગ હતા – (1) ઉત્તરી અવંતિ જેની રાજધાની ઉજ્જૈન (ઉજ્જયની) હતી તથા (2) દક્ષિણી અવંતિ જેની રાજધાની માહિષ્મતી હતી. બંને વચ્ચે વેત્રવતી નદી વહેતી હતી. પાલિ ધર્મ ગ્રંથોથી જ્ઞાત થાય છે કે બુદ્ધકાળમાં અવંતિની રાજધાની ઉજ્જૈનની જ હતી અને તેનો રાજા પ્રદ્યોત હતો. વર્ધમાન મહાવીર તથા ગૌતમ બુદ્ધના સમયમાં મહારાજા ચંડ પ્રદ્યોત અવંતિ જનપદના રાજા હતા. અવંતી બૌદ્ધ ધર્મનું પ્રસિદ્ધ કેન્દ્ર હતું. અનેક બૌદ્ધ થેર તથા થેરી અહીંયાં બૌદ્ધ ધર્મના અનુસરણ અને પ્રચારકાર્યમાં લાગેલા રહ્યા હતા. પુરાણો અનુસાર ચંડ પ્રદ્યોત શક્તિશાળી રાજા હતો. તેના સમયમાં અવંતિએ વત્સ, મગધ તથા કોશલ સાથે યુદ્ધ થયું હતું. મગધ સમ્રાટ શિશુનાધએ અવંતીને જીતી લઈને પોતાના રાજયમાં સામેલ કર્યું હતું. અનેક વેપારિક માર્ગો અવંતિમાં થઈને પસાર થતાં હોય, અવંતિ રાજયનું પર્યાપ્ત માત્રમાં આર્થિક મહત્વ રહ્યું હતું. ઉજ્જયનીની ઓળખ મધ્ય પ્રદેશના આધુનિક ઉજ્જૈન નગર સાથે કરવામાં આવે છે. રાજનીતિક તથા આર્થિક બંને દ્રષ્ટિએથી ઉજ્જયની પ્રાચીન ભારતનું એક અત્યંત મહત્વપૂર્ણ નગર હતું. અહીંયા લોખંડની ખાણો હતી તથા લુહાર તેમાંથી ઉત્કૃષ્ટ અસ્ત્ર-શસ્ત્રોનું નિર્માણ કરતા હતા. તેના લીધે આ મહાજનપદ સૈનિક દ્રષ્ટિથી ખૂબ જ બળવાન બની ગયું હતું. આ રાજ્ય બૌદ્ધ ધર્મનું પણ પ્રમુખ કેન્દ્ર હતું જ્યાં કેટલાક પ્રસિદ્ધ બૌદ્ધ ભિખ્ખુઓ નિવાસ કરતા હતા.

**(15) ગંધાર** – પ્રાચીન ભારતમાં ઉત્તર પ્રદેશને ઉત્તરાપથ પણ કહેવામાં આવતો. અહીયા ગાંધાર મહાજનપદ આવેલું હતું. આધુનિક પાકિસ્તાનના પેશાવર તથા રાવલપિંડી જિલ્લાઓની ભૂમિ પર ગંધાર મહાજનપદ સ્થિત હતું. તેની રાજધાની તક્ષશિલા હતી, જે પ્રાચીન કાળમાં શિક્ષણ અને વેપારનું પ્રસિદ્ધ કેન્દ્ર હતું. રામાયણથી જ્ઞાત થાય છે કે આ નગરની સ્થાપના ભરતના પુત્ર તક્ષ દ્વારા થઈ હતી. આ જનપદનું બીજું પ્રમુખ નગર પુષ્કલાવતી હતું. તક્ષશિલા પ્રમુખ વેપારિક નગર હોવાની સાથે સાથે શિક્ષણનું પણ પ્રસિદ્ધ કેન્દ્ર હતું. ઇ.સ.પૂર્વેની 6ઠ્ઠી સદીના મધ્યમાં ગંધારમાં પુક્કુસાતિ અથવા પુષ્કરસારિન નામનો રાજા રાજ્ય કરતો હતો. મગધના રાજ્ય સતહ તેને સારા સંબંધો હતા. તેણે મગધરાજ બિંબિસારના દરબારમાં પોતાનું એક પ્રતિનિધિમંડળ મોકલ્યું હતું. આ પ્રકારે ગંધાર તથા મગધ રાજયોની વચ્ચે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત થયા હતા. પુક્કુસાતિએ અવંતિ ઉપર આક્રમણ કરી ત્યાંના રાજા પ્રદ્યોતને પરાજય આપ્યો હતો.

**(16) કંબોજ** – કંબોજનું મહાજનપદ પણ પ્રાચીન ઉત્તરાપથમાં જ આવેલું હતું. આ મહાજનપદમાં આધુનિક કાળના રાજોરી અને હજારાના જિલ્લાઓમાં પ્રાચીન કંબોજ રાજ્ય સીમિત હતું. આ મહાજનપદમાં દક્ષિણ-પશ્ચિમી કાશ્મીર તથા કાફિરિસ્તાન (કપિશા)ના પ્રદેશોનો સમાવેશ થતો હતો. કાફિરિસ્તાનનું પ્રાચીન નામ કપિશા પણ હતું. હિંદુકુશથી લઈને કાબુલ સુધીનો પ્રદેશ કાફિરિસ્તાન અથવા કપિશા તરીકે ઓળખતો હતો. તેની રાજધાની રાજપુર અથવા હાટક હતી. તે ગંધારનું પાડોશી રાજ્ય હતું. સમય જતાં ત્યાં રાજતંત્રના સ્થાન પર સંઘ રાજ્ય સ્થાપિત થઈ

ગયું હતું. કૌટિલ્યએ કંબોજવાસીઓને 'વાર્ત્તાશસ્ત્રોપજીવી સંઘ' અર્થાત 'ખેતી, પશુપાલન, વેપાર-વાણિજ્ય તથા શાસ્ત્ર દ્વારા આજીવિકા ચલાવનારા' કહ્યા છે. પ્રાચીન સમયમાં કંબોજ જનપદ પોતાના શ્રેષ્ઠ ઘોડાઓ માટે વિખ્યાત હતું.

**તમારી પ્રગતિ ચકાસો**

(ક) નીચેનામાંથી કયાં વિધાનો ખરાં અથવા ખોટાં છે તે દર્શાવો.

(i)બૌદ્ધ સાહિત્યમાં જનપદો વિશે જાણવા મળે છે.

(ii)અંગુત્તર નિકાયમાં મહાજનપદો વિશે માહિતી મળતી નથી.

(iii)કાશી જનપદની રાજધાની વારાસણી હતી.

(iv)મથુરા મગધની રાજધાની હતી.

(v)ગાંધાર જનપદ આધુનિક પેશાવર અને રાવલપિંડી વિસ્તારમાં આવેલું હતું.

(ખ) નીચેના જવાબો આપો.

(1) સોળ મહાજનપદો અને તેની રાજધાનીઓ વિષે લખો.

(2) મગધ મહાજનપદ વિશે દસ વાકયોમાં જવાબ આપો.

(3) અવંતિ મહાજનપદ વિશે માહિતી આપો.

**7.5 સારાંશ:**

આમ, ઇ.સ. પૂર્વે 6ઠ્ઠી સદીના પ્રારંભમાં ઉપરોક્ત મહાજનપદો જોવા મળે છે. તે દર્શાવે છે કે એ સમયનું ઉત્તર ભારત વિકેન્દ્રિત અને વિભાજિત હતું. આ મહાજનપદોમાં પરસ્પરિક સંઘર્ષ, વિદ્વેષ અને ધૃણાનું વાતાવરણ વ્યાપ્ત હતું. પ્રત્યેક મહાજનપદ પોતાના રાજ્યની સીમાઓ વધારવા ઇચ્છતું હતું. કાશી અને કોશલના રાજ્ય એકબીજાના શત્રુ હતા. પ્રારંભમાં કાશી વિજયી રહ્યું. પરંતુ, છેવટે કોશલની વિસ્તારવાદી નીતિનો ભોગ બન્યું. તે જ પ્રકારે અંગ, મગધ તથા અવંતિ અને અશ્મક પણ પરસ્પર સંઘર્ષમાં રોકાયેલા રહ્યા હતા. ગણરાજયોનું અસ્તિત્વ રાજતંત્રો માટે સાનુકૂળ નહોતું. પ્રત્યેક રાજ્ય પોતાના પાડોશી રાજ્યની સ્વતંત્ર સત્તાને સમાપ્ત કરવા અધીરા બન્યા હતા. અન્ય જનપદોની સ્થિતિ પણ કાંઈક આવી જ રહી હશે. જો કે આ પ્રકારની વિસ્તારવાદી નીતિનું પરિણામ સારું જ નિવડ્યું હતું. નબળા મહાજનપદો શક્તિશાળી રાજ્યોમાં ભેળવી દેવામાં આવ્યા જેના ફળસ્વરૂપ દેશમાં એકતાની પ્રવૃત્તિને વેગ મળ્યો.

બૌદ્ધ સાહિત્યમાં સોળ મહાજનપદોનો જે પ્રકારે વારંવાર ઉલ્લેખ આવે છે તેનાથી પ્રતીત થાય છે કે એ સમયે મગધ, વત્સ, કોશલ અને અવંતિ – આ ચાર મહાજનપદો સૌથી વધુ શક્તિશાળી હતા. જો કે તેમનામાં પારસ્પરિક વૈવાહિક સંબંધ પણ હતા. પરંતુ તેઓ પરસ્પર સંઘર્ષમાં રોકાયેલા રહેતા તથા પોત-પોતાની પ્રભુસત્તા સ્થાપિત કરવામાં વ્યસ્ત રહેતા હતા. છેવટે આ સંઘર્ષમાં મગધ વિજયી નિવડ્યું.

**7.6 ચાવીરૂપ શબ્દો :**

સામ્રાજ્ય: નાના નાના રાજ્યોને ભેળવીને સામ્રાજ્યનું નિર્માણ કરવું

અવંતી: વર્તમાન મધ્યપ્રદેશમાં અવંતી મહાજનપદ હતું. ઉત્તરી અવંતિની રાજધાની ઉજ્જૈન અને દક્ષિણ અવંતિની રાજધાની મહિષ્મતી હતું.

'કર'નાનામ: બલિ, શુલ્ક, ભાગ

બલિસાધક: બલિ (કર) વસૂલ કરનાર અધિકારી

શૌલ્કિક: તે શુલ્કાધ્યક્ષ હતો, જેનું કાર્ય શુલ્ક વસુલવાનું હતું.

રજ્જુગ્રાહક: તે જમીનની માપણી કરનાર અધિકારી હતો.

દ્રોણમાપક: તે અનાજનું તોલમાપ નિરીક્ષણ કરનાર અધિકારી.

રાજકીય મોહર: રાજ્યનું પ્રતીક જેનો ઉપયોગ રાજકાજની બાબતોમાં થતો. તેનો પ્રથમ પ્રયોગ આ યુગમાં થયો.

ગ્રામ: વહીવટનું સૌથી નાનું એકમ.

## 7.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

(i)સાચું (ii)ખોટું (iii)સાચું (iv)ખોટું (v)સાચું

## 7.8 સંદર્ભ

(1) સિંહ, ડૉ. અમર કાંત, પ્રાચીન ભારત કા ઇતિહાસ, મેખલા પ્રકાશન, એફ-3/139, સેક્ટર 16, રોહિણી, દિલ્લી- 110089, 2012.

(2) ઝા, દ્વિજેન્દ્રનારાયણ, શ્રીમાલી, કૃષ્ણમોહન, પ્રાચીન ભારત કા ઇતિહાસ, હિન્દી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય, દિલ્લી વિશ્વવિદ્યાલય-110007, ન્યુ દિલ્લી, પ્ર. આવૃત્તિ, 1981.

(3) શ્રીવાસ્તવ, કૃષ્ણ ચંદ્ર, પ્રાચીન ભારત કા ઇતિહાસ તથા સંસ્કૃતિ, યુનાઈટેડ બુક ડિપો, 21, યુનિવર્સિટી રોડ, ઇલાહાબાદ-211002, 2014-15.

# એકમ- 08 મગધના રાજ્યનો વિસ્તાર તથા મૌર્ય વંશની સ્થાપના અને સમ્રાટ અશોકની સિધ્ધિઓ

રૂપરેખા :

8.0 ઉદ્દેશો

8.1 પ્રસ્તાવના

8.2 મગધ રાજ્યનો વિસ્તાર અને મૌર્ય વંશની સ્થાપના

8.2.1 મગધ રાજ્યનો વિસ્તાર

8.2.2 મૌર્યવંશની સ્થાપના

- ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ.સ.પૂર્વે 324-300)
- બિંદુસાર (ઈ.સ.પૂર્વે 298-273)

8.3 સમ્રાટ અશોકની સિદ્ધિઓ

8.3.1 સમ્રાટ અશોક(ઈ.સ.પૂર્વે 273-236)નું પ્રારંભિક જીવન

8.3.2 અશોકનો રાજ્ય વિસ્તાર

8.3.3 કલિંગનું યુદ્ધ અને હૃદય પરિવર્તન

8.34 અશોકની ધાર્મિક નીતિ

8.3.5 અશોકનો 'ધમ્મ'

8.3.6 જનકલ્યાણના કાર્યો

8.3.7 ધર્મનો પ્રચાર-પ્રસાર

8.3.8 અશોકનું સ્થાપત્ય કલામાં પ્રદાન

8.3.9 અશોકના અભિલેખો

તમારી પ્રગતિ ચકાસો

8.4 સારાંશ

8.5 શબ્દાવલી

8.6 તમારી પ્રગતિ ચકસોના જવાબ.

8.7 સંદર્ભગ્રંથ

## 8.0 ઉદ્દેશ્યો

આ એકમના ઉદેશ્યમાં મૌર્યયુગનો અભ્યાસ કરવાનો છે જે એકમના અધ્યયનથી આટલી સમજ કેળવાશે.

મગધ રાજ્યના વિસ્તાર વિશે સમજ કેળવશો.

મૌર્ય સામ્રાજ્યની સ્થાપના વિશે પરિચિત થશો.

સમ્રાટ અશોકની સિદ્ધિઓ વિશે જાણશો.

## 8.1 પ્રસ્તાવના

ભારતીય ઇતિહાસમાં મગધ રાજ્યએ વિશાળ હતું. મગધ રાજ્યના ઉદયમાં હર્યકવંશે ઈ.સ.પૂર્વે 544 થી 412 સુધી  શાસન કર્યું. શિશુનાગ વંશે લગભગ ઈ.સ.પૂર્વે 412 થી 344 સુધી, નંદવંશે ઈ.સ.પૂર્વે 344 થી 324-23 સુધી રાજ્ય કાર્ય વંશના છેલ્લા રાજા ધનનંદને ચંદ્રગુપ્ત મૌર્યે હરાવી મગધમાં મૌર્યવંશની સ્થાપના કરી.

## 8.2 મગધ રાજ્યનો વિસ્તાર અને મૌર્ય વંશની સ્થાપના

### 8.2.1 મગધ રાજ્યનો વિસ્તાર:

મગધ સામ્રાજ્યના ઉદયમાં હર્યક એ પ્રથમ રાજવંશ હતો. વર્તમાન બિહારના પટના તથા ગયા જનપદોના વિસ્તારમાં આવેલ મગધ પ્રાચીન ભારતનું એક મહત્વપૂર્ણ રાજ્ય હતું બૌદ્ધકાળમાં મગધ એક શક્તિશાળી રાજતંત્રના સ્વરૂપમાં સંગઠિત થયું હતું. મગધ સામ્રાજ્યનો ઉતરોતર વિકાસ થતો રહ્યો. મગધ સામ્રાજ્યના શરૂઆતના રાજવંશ હર્યકવંશ તથા શિશુનાગવંશ હતા. મગધ સામ્રાજ્યમાં શાસન કરવાવાળા રાજવંશો વિશે પુરાણો તથા બૌદ્ધ ગ્રંથોમાં અલગ અલગ માહિતી પ્રાપ્ત થાય છે. મગધનો પ્રથમ શાસક બિંબિસાર હતો. તે હર્યકવંશ સાથે સબંધિત હતો. તેણે મગધ પર ઈ.સ.પૂર્વે 544 થી 492ના સમયમાં શાસન કર્યું. મહાવંશ પ્રમાણે બિંબિસાર 15 વર્ષની ઉંમરે મગધનો રાજા બન્યો હતો. બિંબિસાર એ શક્તિશાળી તથા મહત્વાકાંક્ષી રાજા હતો. બિંબિસારે અંગરાજ બ્રહ્મદત્ત પર આક્રમણ કરીને મારી નાખ્યો હતો. અને અંગને મગધ રાજ્ય અંતર્ગત કરી લીધું હતું. બિંબિસાર પછી એનો પુત્ર અજાતશત્રુ મગધનો રાજા બન્યો હતો. તે પણ સામ્રાજ્યવાદી હતો. અજાતશત્રુએ કાશી પ્રાંતને મગધના સામ્રાજ્યમાં સમાવેશ કરી લીધો હતો. અજાતશત્રુએ વજ્જિ સંઘની સાથે યુદ્ધ કર્યું હતું. પોતાની કુટનીતિજ્ઞ મંત્રી વત્સકારની મદદથી લિચ્છવિયોની શક્તિ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. અજાતશત્રુના પછી તેનો પુત્ર ઉદાયિન એટલે કે ઉદયભદ્દ લગભગ ઈ.સ.પૂર્વે 460-449ના સમયમાં મગધનો રાજા બન્યો હતો. ઉદાયિને મગધની રાજધાની પાટલીપુત્રની સ્થાપના કરી હતી. ઉદાયિન પછી તેના ઉતરાધિકારીઓમાં બૌદ્ધ ગ્રંથો અનુસાર ત્રણ પુત્રોનો ઉલ્લેખ મળે છે. તેમાં અનિરુધ્ધ, મુંડ અને નાગદશક મગધના સિંહાસન પર આવ્યા. બૌદ્ધ પરંપરાગત સાહિત્ય અનુસાર ઉદાયિન અને તેના ત્રણ ઉતરાધિકારી શાસનકાર્યમાં અયોગ્ય સાબિત થયા. તેના પછી શિશુનાગ એ અંતિમ રાજાનો મંત્રી હતો. તેને રાજા બનાવવામાં આવ્યો. શિશુનાગે ઈ.સ.પૂર્વે 412 થી ઈ.સ.પૂર્વે 394 સુધી શાસન કર્યું. શિશુનાગે અવંતિ રાજ્યને જીતીને મગધ સામ્રાજયમાં સમાવી લીધું. વત્સ, કૌશલ  પર પણ અધિકાર જમાવી દીધો હતો. તેણે વૈશાલી નગરને બીજી રાજધાની બનાવી હતી.


શિશુનાગના મૃત્યુ પછી મહાવંશ અનુસાર તેનો પુત્ર કાલાશોક(કાકવર્ણ) રાજા બન્યો. પુરાણોમાં તેને કાકવર્ણ કહેવામાં આવ્યો છે. તેને મગધની રાજધાની ફરીથી પાટલીપુત્ર બનાવી. ત્યારબાદ પાટલીપુત્ર મગધની રાજધાની રહી. કાલાશોકના શાસનકાલ દરમ્યાન વૈશાલીમાં બૌદ્ધ ધર્મની બીજી પરિષદનું આયોજન કર્યું હતું. બૌદ્ધ સંઘમાં આ

પરિષદ સમયે વિવાદ ઉત્પન થતા બે સંપ્રદાયો સ્થાવિર અને મહાસાંઘિકમાં વહેંચાઈ ગયો. શિશુનાગ વંશનો છેલ્લો શાસક મહાનંદિન હતો.

શિશુનાગ વંશ પછી મગધનું રાજ્ય એ નંદવંશના હાથમાં આવ્યું. નંદવંશની સ્થાપના મહાનંદિને કરી હતી. મહાપદ્મનંદ એ એક મહાન સૈનિક પ્રતિભાનો ધની હતો. તેણે વિશાળ સામ્રાજ્યની સ્થાપના માટે એકરાટ અને એકચ્છત્રની પદવી ધારણ કરી હતી. નંદ વંશમાં કુલ નવ રાજાઓ થયા તેના કારણે નવનંદ કહેવામાં આવે છે. મહાવંશમાં તેના નામ (૧)ઉગ્રસેન (૨)પણ્ડુક (૩) પણ્ડુગતિ (૪) ભૂતપાલ (૫) રાષ્ટ્રપાલ (૬) ગોવીષાણક (૭) દશસિદ્ધક (૮) કૈવર્ત અને (૯)ધન. પૌરાણિક અનુશ્રુતિ અનુસાર મહાપદ્મનંદને આઠ પુત્રો હતા અને તેમાં અંતિમ પુત્ર એ ધનનંદ હતો. ધનનંદ જયારે મગધ સામ્રાજય પર રાજ કરતો હતો ત્યારે સિકંદરે ભારત પર આક્રમણ કર્યું હતું. ચંદ્રગુપ્ત મૌર્યએ ચાણક્યની મદદથી મગધ સામ્રાજ્ય પર આક્રમણ કર્યું અને ધનનંદને મારીને મૌર્યવંશની સ્થાપના કરી.

### 8.2. 2 મૌર્ય વંશની સ્થાપના:

ભારતના ઈતિહાસમાં ઈ.સ. પૂર્વે 322 થી ઈ.સ. પૂર્વે 185નો સમય મૌર્યયુગ તરીકે ઓળખાય છે. મૌર્ય યુગનો ઈતિહાસ જાણવાના સાધનોમાં સાહિત્યિક સાધનોમાં બ્રાહ્મણ સાહિત્ય, બૌદ્ધ અને જૈન સાહિત્ય દ્વારા જાણવા મળે છે. તેમાં બ્રાહ્મણ સાહિત્યમાં પુરાણ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, વિશાખાદત્તનું મુદ્રારાક્ષક નાટક મહત્વના સ્ત્રોત છે. બૌદ્ધ ગ્રંથોમાં દીપવંશ, મહાવંશ, મહાવંશ ટીકા, દીવ્યવદાન મહત્વના સ્ત્રોત છે. જૈન ગ્રંથોમાં ભદ્રબાહુનું કલ્પસૂત્ર તથા હેમચંદ્રનું પરિશિષ્ટપર્વત ગ્રંથોમાંથી માહિતી મળે છે. વિદેશી વિવરણમાં યૂનાની લેખકો તેમજ મેગસ્થનિસની ઈન્ડીકા, સ્ટ્રેબો, ડીયોડોરસ, પ્લિની, એરિયન, પ્લૂટાર્ક, જસ્ટિન વગેરેના વિવરણોમાંથી માહિતી પ્રાપ્ત થાય છે. પુરાતત્વમાં વિવિધ અભિલેખોમાંથી મૌર્યયુગનો ઈતિહાસ જાણી શકાય છે. મૌર્ય સામ્રાજ્યના વિવિધ શાસકો



ચંદ્રગુપ્ત મૌર્ય, બિંદુસાર, સમ્રાટ અશોક વિશે વિગત આ પ્રમાણે છે.

• ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ.સ.પૂર્વે 324 થી ઈ.સ.પૂર્વે 300):

મૌર્યવંશની સ્થાપના ચંદ્રગુપ્ત મૌર્યએ કરી હતી. ચંદ્રગુપ્ત મૌર્ય એવો પહેલો શાસક હતો કે તેણે ભારતને રાજકીય દૃષ્ટિથી એકતાના સૂત્રમાં પરોવ્યું હતું. ચંદ્રગુપ્તના પ્રારંભિક જીવન વિશે જોઈએ તો બૌદ્ધ ગ્રંથો અનુસાર ચંદ્રગુપ્તના પિતા મોરિયનગરના પ્રમુખ હતા. હરિપ્રસાદ શાસ્ત્રીએ પ્રાચીન ભારત

ભાગ-૧માં ઉલ્લેખ કર્યા પ્રમાણે મૌર્યકુલ 'મોરિય'નામની પ્રાચીન જાતિનું કુળ હતું. જે શાકય જાતિનું કુળ હતું. ચંદ્રગુપ્ત મૌર્ય જાતિના રાજાનો પુત્ર હતો. મોટો થતા તે પોતાના ભેરુઓ સાથે રાજા-રાજાની રમત રમતો. એ સમયે વિષ્ણુગુપ્ત ચાણક્ય નામે પ્રતિભાશાળી બ્રાહ્મણ તક્ષશિલાથી પાટલીપુત્ર આવેલો

તેણે તે નંદ સમ્રાટના દરબારમાં અપમાન પામતા તેણે પ્રતિજ્ઞા લીધી અને આ નંદવંશનો નાશ કરવો.

મૌર્ય સામ્રાજય અને તેવા સમયે રાજાની રમત રમતા કિશોર ચંદ્રગુપ્તનું હીર પારખી એને તક્ષશિલા લઇ જઈ તમામ પ્રકારની તાલીમ આપી. ચંદ્રગુપ્તે વિદેશીઓથી ભારતને સ્વતંત્ર કરાવ્યું અને વિશાળ સામ્રાજ્યની સ્થાપના કરી. ચંદ્રગુપ્તના વિજયોમાં પંજાબ વિજય, મગધ વિજય, સેલ્યુકસની સાથે યુદ્ધ. આ ઉપરાંત ચંદ્રગુપ્ત મૌર્યએ ગુજરાત, કાઠીયાવાડ અને દક્ષિણમાં વિજય પ્રાપ્ત કર્યો હતો. આ પ્રમાણે ચંદ્રગુપ્ત મૌર્યનું સામ્રાજય બંગાળથી ઉત્તર-પશ્ચિમમાં હિન્દુકુશ પર્વત સુધી અને ઉત્તરમાં હિમાલયથી લઈ વિન્દયાચલ પર્વતની પેલેપાર દક્ષિણ સુધી ફેલાયું. અને કબુલ, હિરાત, કંધાર, બલુચિસ્તાન, પંજાબ, ઉત્તરપ્રદેશ, બિહાર, બંગાળ, ગુજરાત, કાઠિયાવાડના પ્રદેશોનો સમાવેશ થાય છે. ચંદ્રગુપ્ત મૌર્યએ એક કુશળ સૈનિક, યોદ્ધો અને સેના નાયક હતો. તેણે ચાણક્યની શિક્ષા-દીક્ષાની યુદ્ધનીતિ અને વ્યૂહરચનાના વિશેષજ્ઞ બની ગયો હતો. ચંદ્રગુપ્ત પછી મૌર્યસામ્રાજયની ગાદી પર તેનો પુત્ર બિંદુસાર આવ્યો.

**• બિંદુસાર (ઈ.સ.પૂર્વે 298-273):**

ચંદ્રગુપ્ત મૌર્યના મૃત્યુ પછી તેનો પુત્ર બિંદુસાર મૌર્ય સામ્રાજયની ગાદી પર આવ્યો. બિંદુસાર વિશે ઘણી માહિતી પ્રાપ્ત થતી નથી પરંતુ યૂનાની લેખકોએ તેને 'અમિત્રકાત' નામથી ઓળખાવે છે. જેને સંસ્કૃતમાં અર્થ 'અમિત્રઘાત' એટલે કે શત્રુઓનો નાશ કરવાવાળો થાય છે. તારાનાથના મતાનુસાર બિંદુસારના શાસનકાળમાં કેટલાક સમય સુધી ચાણક્ય પ્રધાન મંત્રી રહ્યો હતો. તેમના મતે બિંદુસાર સોળ નગરો જીત્યા હતા. બિંદુસારે પાડોશી વિદેશી શાસકોની સાથે મૈત્રી સબંધ બનાવ્યા હતા. સીરિયાના રાજા અંતિ ઓક્સ સોતેર સાથે મૈત્રીભર્યા પત્રવ્યવહાર ચલાવતો. સેલ્યુકસ વંશના રાજાઓ તથા અન્ય યૂનાની શાસકોની સાથે ચંદ્રગુપ્તના સમયથી સબંધો હતા. સ્ટૈવોના અનુસાર સેલ્યુકેસએ ઉતરાધિકારી અંતિમયોક પહેલો પોતાનો રાજદૂત ડાયમેક્સ બિંદુસારના દરબારમાં મોકલ્યો હતો. પ્લીનીના મતાનુસાર ટોલમી બીજો ફિલેડેલ્ફસએ ડાયોનિસને બિંદુસારના દરબારમાં નિયુક્ત કર્યો. દિવ્યાવદનના ઉલ્લેખ મુજબ બિંદુસારના શાસનમાં

તક્ષશિલામાં વિદ્રોહ થયો હતો. વિદ્રોહને શાંત કરવા માટે રાજકુમાર અશોકને મોકલ્યો હતો. અશોક તક્ષશિલા જઈ વિદ્રોહને સમાપ્ત કર્યો હતો. બિંદુસારે જે રાજ કર્યું તેમાં પુરાણો અનુસાર બિંદુસારે ૨૪ વર્ષ સુધી રાજ્ય કર્યું. પરંતુ મહાવંશ અનુસાર ૨૭ વર્ષ સુધી રાજ્ય કર્યું. બિંદુસારના મૃત્યુ પછી તેનો પુત્ર અશોક મૌર્યસામ્રાજયનો રાજા બન્યો.

## 8.3 સમ્રાટ અશોકની સિદ્ધિઓ


### 8.3.1 સમ્રાટ અશોક (ઈ.સ.પૂર્વે 273-236)પ્રારંભિક જીવન:

બિંદુસારના મૃત્યુ પછી તેનો પુત્ર અશોક મૌર્ય સામ્રાજયની ગાદી પર આવ્યો. અશોકના પ્રારંભિક જીવન વિશે બૌદ્ધ સ્રોતોના આધારે તેની માતાનું નામ જનપદ કલ્યાણી કે શુભદ્રાંગી હતું. તે ચંપાના એક બ્રામણની કન્યા હતી. બિંદુસારનો પુત્ર અને ઉતરાધિકારી અશોક લગભગ ઈ.સ.પૂર્વે 273માં ગાદીએ બેઠો હતો. અશોક તેના પિતાના સમય દરમ્યાન તક્ષશિલા અને ઉજ્જૈનનો વાઈસરોય રહી ચુક્યો હતો. અશોકનો પિતાના મૃત્યુ પછી ત્રણ કે ચાર વર્ષ પછી રાજ્યાભિષેક થયો હતો. અશોકનો રાજ્યાભિષેક ઈ.સ.પૂર્વે 269માં થયો હતો. શરૂઆતમાં અશોક શિવનો ઉપાસક હતો. બાપ-દાદાની જેમ શિકાર કરવો, માંસ ખાવું, નાચ-ગાનનો શોખ હતો. પરંતુ કલિંગના યુદ્ધ પછી તેનામાં પરિવર્તન આવ્યું.

### 8.3.2 અશોકનો રાજ્ય વિસ્તાર:

સમ્રાટ અશોકના રાજ્યવિસ્તાર વિશે શિલાલેખો અને સ્તંભલેખના આધારે માહિતી પ્રાપ્ત થાય છે. એના રાજ્યમાં બલુચિસ્તાન, કાબુલ, હીરાત, બખ્તારિયા, સિંધુ, ગુજરાત, કાઠિયાવાડ, નેપાળ, કાશ્મીર વગેરેનો સમાવેશ થાય છે. દક્ષિણમાં મૈસૂર સુધી અશોકનું રાજ્ય હતું. મૈસુરમાંથી માશ્કી અને નેપાળમાં સુમીંદિ વગેરે સ્થાનો પરથી અશોકના શિલાલેખ મળે છે. કલ્હણ અને હ્યુન-ત્સાંગના અનુસાર કાશ્મીર પણ અશોકને આધીન હતું. આમ, તેનો રાજ્ય વિસ્તાર વિસ્તૃત હતો. તેને ઉત્તરી પ્રાંતની રાજધાની તક્ષશિલા, દક્ષિણ પ્રાંતની રાજધાની સ્વર્ણગીરી, પશ્ચિમ પ્રાંતની રાજધાની ઉજ્જૈન અને પૂર્વ પ્રાંતની રાજધાની તુશાલી રાખી હતી.

**અશોકના સામ્રાજ્યનો નકશો**



### 8.3.3 કલિંગનું યુદ્ધ અને હૃદય પરિવર્તન:

સમ્રાટ અશોકના રાજ્યાભિષેક પછી કલિંગ સામે યુદ્ધ થયું. કલિંગ પ્રદેશ એ વર્તમાન ઓરિસ્સા વિસ્તાર હતો. સમ્રાટ અશોકે રાજ્યાભિષેકના આઠમાં વર્ષે કલિંગ પ્રદેશ પર વિજય પ્રાપ્ત કર્યો હતો. ડૉ. હેમચન્દ્રરાય ચૌધરીના મતાનુસાર કલિંગ યુદ્ધ એ અશોકના જીવનનું પ્રથમ અને

અંતિમ યુદ્ધ પણ કહેવામાં આવે છે. કલિંગનું યુદ્ધ તથા તેના પરિણામો વિશે અશોકના તેરમાં અભિલેખમાંથી માહિતી પ્રાપ્ત થાય છે. આના આધારે એ સ્પષ્ટ થાય છે કે યુદ્ધમાં વધુ લોહીલુહાણ તથા નરસંહારની ઘટનાઓ થઇ. અશોકે કલિંગ રાજ્ય જીતીને પોતાના સામ્રાજયમાં સમાવી દીધું અને તેમાં સફલતા પ્રાપ્ત થઇ. તેરમાં શિલાલેખમાં કલિંગના યુદ્ધના પરિણામો વિશે આ પ્રમાણે ઉલ્લેખ છે જેમાં એક લાખ પચાસ હજાર વ્યક્તિઓને કેદ કરવામાં આવ્યા. એક લાખ લોકોની હત્યા કરવામાં આવી, કેટલાક મરી ગયા. સમ્રાટે આ નરસંહાર પોતાની જાતે જોઈ તેને પસ્તાવો થયો. કલિંગના યુદ્ધમાં થયેલ ભારે ખુવારીએ અશોકના હ્રદયમાં પશ્ચાતાપની તીવ્ર લાગણી જન્માવી તેને યુદ્ધ પ્રત્યે તિરસ્કાર થયો. અને આના પછી મગધના વિજયો તથા રાજ્ય વિસ્તાર યુગ પૂરો થયો અને એક નવા યુગનો પ્રારંભ થયો. તે યુગ હતો શાંતિ, સામાજિક પ્રગતિ તથા ધર્મ પ્રચારનો. અહીં સૈન્ય વિજય તથા દિગ્વિજયનો યુગ પૂર્ણ થયો અને આધ્યાત્મિક વિજય તથા ધમ્મ વિજયનો યુગ શરુ થયો. આમ, કલિંગના યુદ્ધના લીધે અશોકના હ્રદય પરિવર્તન આવ્યું. એનું હ્રદય માનવતા પ્રત્યે દયા અને કરુણા, યુદ્ધ ક્રિયાઓ કાયમ માટે બંધ કરી દેવી તેવી પ્રતિજ્ઞા કરી.

**8.3.4 અશોકની ધાર્મિક નીતિ**:

કલિંગના યુદ્ધ પછી અશોકે બૌદ્ધ ધર્મ અપનાવ્યો. અશોકે બૌદ્ધ ધર્મના પુસ્તકોનું અધ્યયન કરવા લાગ્યો અને મહાત્મા બુદ્ધ સબંધિત સ્થાનો પર યાત્રાઓ કરવાની શરૂઆત કરી. બૌદ્ધ ધર્મને ફેલાવવામાં રાજ્યની બધી જ શક્તિ લગાવી દેવી. દિવ્યાવદાન મુજબ અશોકનો બૌદ્ધ ધર્મ દીક્ષિત કરવાનો શ્રેય 'ઉપગુપ્ત'નામના બૌદ્ધ ભિક્ષુને જાય છે. બૌદ્ધ ધર્મ ગ્રહણ કર્યા પછી અશોકના જીવનમાં અનેક પરિવર્તન આવ્યા તેણે અહિંસા તથા સદાચાર પર ચાલવાનો પ્રારંભ કર્યો. માંસ, મદિરાનો ત્યાગ કર્યો. તથા રાજકીય ભોજનાલયોમાં મારી નાખવામાં આવતા પશુઓની સંખ્યા ઓછી કરી દીધી. તેના સ્થાને ધર્મ યાત્રાનો પ્રારંભ કર્યો. અશોકે મહાત્મા બુદ્ધના જીવન સબંધિત મહત્વના સ્થળોમાં સંબોધી, ગયા, લુમ્બિની, કપિલવસ્તુ, શ્રાવસ્તી, કુશીનગર વગેરેની યાત્રાઓ કરી હતી. આઠમાં શિલાલેખ અનુસાર આ ધર્મયાત્રાઓની ત્રણ મુખ્ય વિશેષતાઓ હતી. તેમાં પ્રથમ બ્રાહ્મણો અને શ્રમણોના દર્શન કરવા અને દાન આપવું, બીજી સ્થવીરોના દર્શન કરવા અને સોનું આપવું, ત્રીજી વિશેષતા હતી જનપદોના મનુષ્યોના દર્શન કરવા અને એમની સાથે ધર્મ વાર્તાલાપ કરવો તથા અનેક પ્રશ્નોના જવાબ આપવા. તેરમાં શિલાલેખના આધારે ખ્યાલ આવે છે કે અશોકે સૈનિક વિજયોની જગ્યાએ ધર્મ વિજય કરવાનું નિશ્ચિત કર્યું. તેના ચોથા લેખમાં એ જાણવા મળે છે કે તેના રાજ્યમાં યુદ્ધ ઘોષની જગ્યાએ ધર્મ ઘોષ રહ્યું.

**8.3.5 અશોકનો 'ધમ્મ'**:

અશોકે પ્રજાની નૈતિકતાના ઉત્થાન માટે જે આચારોની સંહિતા પ્રસ્તુત કરી છે. તે અભિલેખોમાં 'ધમ્મ' કહેવામાં આવ્યું છે. 'ધમ્મ' સંસ્કૃતના 'ધર્મ'નું પ્રાકૃત રૂપાંતર છે. બીજા અને સાતમાં સ્તંભલેખો મુજબ અશોકની ધમ્મની વ્યાખ્યા આ પ્રમાણે રહી છે ધમ્મ એ સાધુતા, ઘણા સારા કલ્યાણકારી કાર્યો કરવા, પાપ રહિત રહેવું, બીજા પ્રત્યે વ્યવહારમાં મધુરતા, મૃદુતા, દયા, દાન, પવિત્રતાની વાત કરી છે. અને બીજી એ બાબતોનો ઉલ્લેખ છે કે પ્રાણીઓની હત્યા ન કરવી.

પ્રાણીઓને નુકશાન ન પહોંચાડવું, માતા-પિતાની સેવા કરવી, વૃદ્ધોની સેવા કરવી, ગુરુજનોનું સન્માન કરવું, મિત્રો, પરિચિતો, બ્રાહ્મણો તથા શ્રમણોની સાથે સારો વ્યવહાર કરવો, દાસો અને નોકરોની સાથે સારું વર્તન કરવું, અશોકના ધમ્મમાં પાપ માટે પ્રચંડતા, નિષ્ઠુરતા, ક્રોધ, ઘમંડ, ઈર્ષા એ પાપના લક્ષણો છે.

સમ્રાટ અશોકના તેરમાં શિલાલેખમાં ધમ્મ વિજયની ચર્ચા કરવામાં આવી છે. તેમાં 'દેવતાઓના પ્રિય' ધમ્મ વિજયને બધા વિજયોમાં મુખ્ય વિજય ગણ્યો છે. તેરમાં અભિલેખ પ્રમાણે અશોક પોતાના અને પોતાના પાડોશી રાજ્યોમાં ધમ્મ વિજય પ્રાપ્ત કર્યો. એનો અર્થ એ થયો કે અશોકે સ્વદેશી તથા વિદેશી રાજ્યોમાં ધમ્મનો પ્રચાર કર્યો. તથા ધમ્મના પ્રચારને એ રાજ્યોમાં સફળતા પ્રાપ્ત થઇ. આ પ્રકારે ધમ્મ વિજયએ શુદ્ધ રૂપમાં તો ધર્મ પ્રચારનું અભિયાન હતું. અશોકે સ્વયં પોતાના રાજ્યમાં ધર્મ વિજય પ્રાપ્ત કર્યો. અશોકના ધમ્મ વિજયમાં યુદ્ધ અથવા હિંસાને સ્થાન ન હતું. અશોકના ધમ્મની બાબતોને આધારે ખ્યાલ આવે છે કે અશોકના ધમ્મના સ્વરૂપમાં સામાજિક અને નૈતિક આચારોનો સમાવેશ થાય છે. જે બધા જ સંપ્રદાયને એક સમાન રૂપે શ્રધ્ધેયથી માનતો હતો.

રોમીલા થાપરની ધારણા છે કે અશોકની ધર્મનીતિ એના દ્વારા સ્થાપિત કરવામાં આવેલ સુવિસ્તૃત સામ્રાજ્યમાં એકતા સ્થાપિત કરવાનો ઉદ્દેશ્ય અપનાવવામાં આવ્યો હતો. આવી એકતા કઠોર કેન્દ્રિય નિયંત્રણ તથા ભાવનાત્મક એકતા દ્વારા સ્થાપિત કરવામાં આવે છે. અશોક એવો પ્રથમ મૌર્ય સમ્રાટ હતો જેણે ભાવનાત્મક એકતાના મહત્વને સમજી તથા તેને પ્રાપ્ત કરવા માટે ધર્મનો પ્રચાર કર્યો.

સમ્રાટ અશોકે ધર્મના પ્રચાર માટે અલગ અલગ રીતે પ્રયત્નો કર્યા હતા. તેમાં પોતાના સામ્રાજ્યમાં સાધનોનો પ્રચાર માટે ઉપયોગ કર્યો. અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવામાં ધર્મ યાત્રાઓ કરી. આ યાત્રાઓમાં બ્રાહ્મણો અને શ્રમણોના દર્શન, દાન, વૃદ્ધોના દર્શન, જનપદના લોકોના દર્શન, ધર્મનો આદેશ અને ધર્મ સબંધિત પ્રશ્નોતરી કરવી વગેરે બાબતોને આવરી લેવામાં આવી હતી. હરિપ્રસાદ શાસ્ત્રી લિખિત 'પ્રાચીન ભારત ભાગ-૧'માં ઉલ્લેખ મુજબ 'અશોકના કેટલાક શિલાલેખ ખાસ કરીને સ્તંભલેખો અને ફલકલેખ બૌદ્ધ સંઘને ઉદ્દેશીને લખાયેલા છે. અશોકે ચૌદમાં વર્ષે નેપાળમાં કનકમુનિની યાત્રા કરી, છવ્વીસમાં વર્ષે વિવિધ પ્રાણીઓના વધ, ખસી, ડામ વગેરે પર સદંતર કે આંશિક પ્રતિબંધ મૂક્યા અને સતાવીસમાં વર્ષે શિલાસ્તંભો પર ધર્માનું શાસનમાં સાત લેખ કોતરાવ્યા.

અશોકનું સામ્રાજ્ય વિશાળ હતું તેના કારણે બધા જ સ્થળે જઈ ધર્મનો પ્રચાર-પ્રસાર કરી શકે તેના માટે રાજકીય પદાધિકારીઓ નિયુક્ત કરવામાં આવ્યા. સ્તંભ લેખ ત્રણ અને સાતમાંના આધારે જોઈએ તો અશોકે વ્યુષ્ટ, રજ્જુક, પ્રાદેશિક તથા યુક્ત નામના પદાધિકારીઓની નિયુક્તિ કરી. અને આ પદાધિકારીઓ જનતાની વચ્ચે જઈ ધર્મનો પ્રચાર-પ્રસાર અને ઉપદેશ માટેનો આદેશ કરી શકે. આ ઉપરાંત ધર્મ પ્રચારના ઉદ્દેશ્ય સાથે અશોકે પોતાના સામ્રાજ્યમાં ધમ્મશ્રાવન તથા ધર્માપદેશની વ્યવસ્થા કરાવી સામ્રાજ્યમાં વિવિધ પદાધિકારી અલગ-અલગ વિસ્તારમાં જઈ ધર્મ વિષયમાં લોકોને શિક્ષણ આપવું અને રાજા તરફથી ધર્મ સબંધિત વિવિધ

ઘોષણાઓ કરવામાં આવતી હતી. તેના વિશે જનતાને માહિતીગાર કરતા હતા. અશોકે ધર્મના પ્રચાર માટે ધર્મ મહામાત્રોની નિયુક્તિ પણ કરી હતી.

**8.3.6 જનકલ્યાણનાં કાર્યો**:

અશોકના જનકલ્યાણના કાર્યો વિશે શિલાલેખોમાં આપેલી વિગતોના આધારે જોઈએ તો તેણે સૌ પ્રથમ તો પશુ-પક્ષીઓના વધ બંધ કરવામાં આવ્યા. તેના પછી પોતાના સામ્રાજ્યમાં અને પડોશી રાજ્યોમાં મનુષ્યો તથા પશુઓ માટે દવાખાનાની અલગ અલગ વ્યવસ્થા કરવામાં આવી. દેશ-વિદેશની કિંમતી દવાઓ અને વનસ્પતિ મંગાવી. અશોકે માનવો અને પશુપંખીઓના વિસામા માટે માર્ગમાં વડના ઝાડ રોપાવ્યા, આંબાવાડિયા બનાવ્યા, કૂવા બંધાવ્યા. માનવો અને પશુપંખીઓ માટે જળાશયો બંધાવ્યા, અશોકે મુસાફરોની સગવડ માટે અલગ અલગ જગ્યાએ આરામગૃહો બંધાવ્યા તેમાં ખોરાક, પાણી, દવાની સગવડો કરવામાં આવી રસ્તાઓ બનાવ્યા હતા. આમ, અશોકે વિવિધ જનકલ્યાણના કાર્યો કર્યા હતા.

**8.3.7 ધર્મનો પ્રચાર-પ્રસાર**:

અશોકે બૌદ્ધ ધર્મનો પ્રચાર પ્રસાર કરવા માટે વિદેશોમાં પ્રચારકોને મોકલ્યા હતા. અશોકે ધર્મ પ્રચાર માટે પોતાના વિશાળ સામ્રાજ્યની સાથે સાથે આસપાસના પ્રદેશોને પણ આવરી લીધા હતા. તેમાં દક્ષિણમાં આવેલા ચોળ, પાંડય, કેરલ વગેરે રાજ્યોમાં તેમજ ઉત્તર-પશ્ચિમે પોતાની રાજ્યની અંદર આવેલ યવન પ્રદેશમાં તથા પડોશમાં આવેલા તુલમય રજો (ઈજીપ્ત), અંતેકિન (મકદુનિયા) ગ્રીસના રાજ્યોમાં પણ પોતાની ધર્મ ભાવનાનો પ્રચાર કરેલો. અશોકે ચીન, જાપાન, સિલોન, કોરિયા, તિબેટ, સિયામ અને અગ્નિ એશિયાના દેશોમાં બૌદ્ધ ધર્મનો પ્રચાર કરવા તેણે નવ પ્રતિનિધિ મંડળ મોકલ્યા હતા. તેમાં મજ્ઝન્તિક એ કાશ્મીર તથા ગાંધારમાં, મહારક્ષિત એ યવન દેશમાં, મજ્ઝિમ એ હિમાલય દેશ, ધર્મ રક્ષિત એ અપરાન્તકમાં, મહાધર્મ રક્ષિતએ મહારાષ્ટ્રમાં, મહાદેવ એ મહિષમંડલ (મૈસુર તથા માન્ધાતા), રક્ષિત એ બનવાસી (ઉતરી કન્નડ), સોન તથા ઉત્તર એ સુવર્ણભૂમિ(બ્રહ્મદેશ), મહેન્દ્ર અને સંઘમિત્રા એ લંકામાં જઈ ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો હતો.

અશોકના શાસનકાળમાં પાટલીપુત્રમાં બૌદ્ધ ધર્મની ત્રીજી પરિષદ બોલાવી હતી. આ પરિષદની અધ્યક્ષતા મોગ્ગલિયુત્તતિસ્ય નામનો પ્રસિદ્ધ બૌદ્ધ ભિક્ષુએ કરી હતી.

આમ, અશોકનો ધમ્મએ વડીલોને આદર અને આજ્ઞાપાલન, નાના સાથે યોગ્ય વ્યવહાર, અહિંસા, ધાર્મિક સહિષ્ણુતા, સત્ય, દાન, પવિત્રતા, ત્યાગ, ધર્મનો પ્રચાર-પ્રસાર, ધર્મના સિદ્ધાંત, અભિલેખ કોતરાવવા, પદાધિકારીઓને ધર્મના પ્રચાર-પ્રસાર માટે આજ્ઞા કરવી, ધર્મ મહામાત્રોની નિયુક્તિ, ધર્મ યાત્રાઓ વગેરે બાબતો પર આધારિત હતો.

**8.3.8 અશોકનું સ્થાપત્ય કલામાં પ્રદાન**:

અશોકે વિવિધ સ્થાપત્યોનું નિર્માણ કરાવ્યું હતું. તેમાં ભવન નિર્માણ, સ્તૂપો અને વિહરોનું નિર્માણ કરાવ્યું હતું. સ્તૂપ એટલે કોઈ મહાન પ્રસંગની યાદગીરીમાં અથવા કોઈ સંતના અવશેષ સાચવવા સ્તૂપો બાંધવામાં આવતા, અવશેષને દાટીને તેના ઉપર ઘુમ્મટ આકારનું મકાન બનાવવામાં આવે તેને સ્તૂપ કહેવાય. સ્તૂપોમાં અશોકે સાંચીમાં સ્તૂપ બંધાવ્યો હતો. તે સ્તૂપ કલાનો ઉત્તમ નમૂનો છે. તેણે વિહારો પણ બંધાવ્યા હતા. શ્રીનગર તેમજ અશોકેશ્વર નામના બે

મંદિરો બંધાવ્યા હતા. જેની ચર્ચા ચીની યાત્રાળુ હયું-એન-ત્સાંગએ કરી છે. નેપાળમાં 'લલિતાપટન' નામનું નગર પણ બંધાવ્યું હતું. અશોકે તેની કલા-સ્થાપત્યમાં શિલાલેખ, સ્તંભલેખ, ગુફાલેખ કોતરાવ્યા હતા. સારનાથનો સ્તંભ લેખ એ સ્તંભ કલાનો શ્રેષ્ઠ નમુનો છે.

**8.3.9 અશોકના અભિલેખો**:

સમ્રાટ અશોક વિશે માહિતી અભિલેખોના આધારે પ્રાપ્ત થાય છે. સમ્રાટ અશોકે રાજ્યના આદેશો પ્રજા અને કર્મચારીઓની સાવધાની માટે અને ધર્મના સિંધ્ધાંતોને પરિચિત કરાવવા માટે વિવિધ અભિલેખો કોતરાવ્યા. અભિલેખોમાં ઉલ્લેખિત વિષયોમાં જોઈએ તો

- પ્રથમ શિલાલેખમાં સમાજ(ઉત્સવ)નો નિષેધ, પશુબલીનો નિષેધ, બધા જ મનુષ્યો મારા સંતાનના જેમ છે.
- બીજા શિલાલેખમાં પશુ ચિકિત્સા, માનવ ચિકિત્સા અને લોક કલ્યાણકારી કાર્યો વિશે છે. તેમાં રાજ્ય ચેર(કેરલ પુત્ત), ચોલ, પાંડય, સત્તીયુક્ત અને તામ્રાપણી(શ્રીલંકા)નો ઉલ્લેખ છે.
- ત્રીજા શિલાલેખમાં મહામાત્રો એટલે કે પદાધિકારીઓને પાંચમા વર્ષે ધર્મના પ્રચાર માટે પ્રવાસ કરવા આદેશ, રાજુક કે રજ્જુકો ની નિયુક્તિ.
- પાંચમાં શિલાલેખમાં ધર્મ મહામાત્રોની નિયુક્તિ અને કાર્ય માટે નિર્દેશ, મૌર્યકાલીન સમાજ અને વર્ણવ્યવસ્થાનો ઉલ્લેખ.
- અગિયારમાં શિલાલેખમાં ધમ્મ વિજયની વિશેષતાનું વર્ણન.
- બારમાં શિલાલેખમાં ધાર્મિક સહિષ્ણુતાની નીતિનો ઉલ્લેખ.
- તેરમાં શિલાલેખમાં કલિંગ યુદ્ધનું વર્ણન, પાંચ યુનાની રાજાઓના નામ જ્યાં આગળ અશોકે પોતાના ધર્મનો પ્રચાર કરવા પ્રચારકો મોકલ્યા હતા. તે ૧.અન્તિયોક –સીરીયાઈ નરેશ, ૨.તુરમય-મિસ્રી નરેશ, ૩. અતિકિનિ- મેસીડોનિયન નરેશ, ૪.મગ- એપીરસ અને ૫. અલિકસુંદર-સિરીનનો ઉલ્લેખ છે. આટવિક રાજ્યોનો ઉલ્લેખ પણ છે.

અભિલેખો એ વિશાળ મૌર્ય સામ્રાજ્યના વિવિધ વિસ્તારોમાંથી પ્રાપ્ત થાય છે. જે આ પ્રમાણે છે.

- બૃહદ શિલાલેખ અશોકે ધર્માનુંશાસનમાં ચૌદ લેખ લખાવી ખડક પર કોતરાવ્યા. પ્રજાજનોને સંબોધીને લખેલા લેખોમાં જે ધર્મનો ઉપદેશ આપવામાં આવ્યો છે. આ શિલાલેખ વિવિધ જગ્યાએથી મળ્યા છે.
- શાહબાજગઢી – આ સ્થળ આધુનિક પાકિસ્તાનના પેશાવર જિલ્લામાં યુસુફજઈ તાલુકામાં આવેલ છે. આ લેખ એ ખરોષ્ઠિ લિપિમાં છે.
- માન સહેરા- માનસહેરા એ પાકિસ્તાનના હજાર જિલ્લામાં આવેલ છે. આ લેખ ખરોષ્ઠિ લીપીમાં છે.
- કાલસી-કાલસી એ ઉત્તર પ્રદેશના દહેરાદુન જિલ્લામાં આવેલ છે. આ સ્થળ એ યમુના અને ટોન્સ નદીઓના સંગમ સ્થાન પર આવેલ છે.
- ગિરનાર- ગિરનારનો શિલાલેખ એ ગુજરાત રાજ્યના કાઠિયાવાડમાં જુનાગઢ(ગિરનાર)માં આવેલો છે. ઈ.સ.૧૮૨૨માં કર્નલ ટાડએ આ લેખ શોધી કાઢ્યો હતો.
- ધૌલી અને જૌગઢ – આ બંને સ્થળો વર્તમાન ઓરિસ્સાના પ્રાંતમાં પુરી અને ગંજામ જિલ્લામાં આવેલ છે.

- એર્રગુડિ- આ સ્થળ એ આંધ્રના કર્નુલ જિલ્લામાં આવેલું છે.
- સોપારા- આ સ્થળ એ મહારાષ્ટ્ર રાજ્યના થાણા જિલ્લામાં આવેલું છે.

 સમ્રાટ અશોકના લઘુ શિલાલેખો આ પ્રમાણે છે.

- રૂપનાથ- આ સ્થળ મધ્ય પ્રદેશના જબલપુર જિલ્લામાં આવેલું છે.
- સહસારામ- સહસારામ એ બિહારમાં આવેલું છે.
- ગુર્જરા –આ સ્થળ મધ્યપ્રદેશના દતિયા જિલ્લામાં આવેલું છે.
- ભબ્રુ(વૈરાટ)- રાજસ્થાનના જયપુર જિલ્લામાં આવેલ છે.
- માસ્કી- માસ્કી એ કર્ણાટક રાજ્યના રાયચૂર જિલ્લામાં આવેલ છે.
- જટિંગેરામેશ્વર, સિદ્ધપુર અને બ્રહ્મગીરી એ કર્ણાટક રાજ્યમાં આવેલ છે.
- એર્રગુડી એ આંધ્રના કર્નુલ જિલ્લામાં આવેલ છે.
- ગોવિંદમઠએ મૈસુરના કોપબલ નામના સ્થળની નજીક આવેલ છે.
- અહરોરા એ ઉત્તરપ્રદેશના મિર્ઝાપુર જિલ્લામાં આવેલ છે.
- રાજુલ મંડગીરી એ આંધ્રના કર્નુલ જિલ્લામાં આવેલ છે.
- પાલકિગુણ્ડુ એ ગોવિંદમઠથી ચાર માઈલ દૂર આવેલ છે.

અશોકના સાત સ્તંભલેખ આ પ્રમાણે છે. દિલ્લી ટોપરા, દિલ્લી મેરઠ, પ્રયાગ, લૌરિયા અરરાજ એ બિહારના ચંપારણ જિલ્લામાં આવેલ છે., લોરિયા નંદનગઢ એ ચંપારણ જિલ્લામાં આવેલ છે. અશોકના ગુફાલેખ એ બિહારમાં ગયાની પાસે બરાબર નામની પહાડીઓમાં ચાર ગુફાઓ આવેલી છે. જેમાં ત્રણ અશોકના અભિલેખ આવેલા છે. પ્રથમ બે લેખોમાં અશોકે પોતાના અભિષેકના બાર વર્ષ પછી ગુફાઓ આજીવિકને આપી દીધી હતી અને ત્રીજા લેખમાં બતાવ્યું છે કે અશોકે પોતાના અભિષેકના ઓગણીસમાં વર્ષ પછી ગુફાએ આજીવિકને આપી હતી.

**(ક) તમારી પ્રગતિ ચકાસો :**

1. મગધના રાજય વિસ્તાર માટે મગધના વિભિન્ન રાજવંશોની ચર્ચા કરો.

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. મૌર્ય સામ્રાજ્યની સ્થાપનાની ચર્ચા કરો?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. કલિંગના યુદ્ધ પછી અશોકના રાજ્ય શાસનમાં થયેલ બદલાવોની ચર્ચા કરો?

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

4. અશોકના જનકલ્યાણના કાર્યો જણાવો.

______________________________________________

______________________________________________

5. અશોકના અભિલેખો કઈ કઈ જગ્યાએ પ્રાપ્ત થયા છે?

**(ખ) બહુ વિકલ્પીય પ્રશ્નો :**

1. હર્યક વંશનો સ્થાપક કોણ હતો?
   (a) બિંબિસાર (b) અજાતશત્રુ (c) બિંદુસાર (d) કાલાશોક

2. નંદવંશનો છેલ્લો શાસક કોણ હતો?
   (a)પરમાનંદ (b)ધનનંદ (c)વીરનંદ (d)એક પણ નહિ

3. નંદવંશનો સ્થાપક કોણ હતો?
   (a)મહાપદ્મનંદ (b)ધનનંદ (c)ધન્યનંદ (d)એક પણ નહિ

4. દ્વિતીય બૌદ્ધ પરિષદનું આયોજન કયાં આગળ કરવામાં આવ્યું હતું?
   (a)કૌશલ (b)લિચ્છવી (c)રાજગૃહ (d)વૈશાલી

5. શિશુનાગ વંશની સ્થાપના કોણે કરી હતી?
   (a)અજાતશત્રુ (b)બિંબિસાર (c)શિશુનાગ (d)એક પણ નહિ

6. મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કોણે કરી હતી?
   (a)કૌટિલ્ય (b)ચંદ્રગુપ્ત મૌર્ય (c)અશોક (d) બિંબિસાર

7. મૌય સામ્રાજ્યની સ્થાપનામાં નીચેનામાંથી કોણે ચંદ્રગુપ્ત મૌર્યને સહાય કરી હતી?
   (a)કૌટિલ્ય (b)કાલિદાસ (c)બાણભટ્ટ (d)ભાસ
8. અર્થશાસ્ત્રની રચના કોણે કરી હતી?
   (a)ચંદ્રગુપ્ત (b) કૌટિલ્ય (c)કાલિદાસ (d)મેગસ્થનિસ
9. ઇન્ડિકા નામના ગ્રંથની રચના કોણે કરી હતી?
   (a)ઇત્સિંગ (b)કૌટિલ્ય (c)સિકંદર (d)મેગસ્થનિસ
10. માનસહેરા અને શાહબાજગઢીના અશોકના બે શિલાલેખ કઈ લિપિમાં છે.
   (a)આરમાઈક (b)ગ્રીક (c)ખરોષ્ઠી (d)બ્રાહ્મી

11. અશોકે કયા યુદ્ધ પછી યુદ્ધનો કાયમ માટે ત્યાગ કર્યો?
   (a)કલિંગના (b)પાણિપતના (c) (a)અને (b)બંને
   (d)એક પણ નહિ

12. ઈજીપ્તના રાજા ટોલમી બીજાએ ભારતમાં પોતાના એલચી તરીકે કોને મોકલ્યો હતો?

(a)ડાયોમેક્સ (b)મેગસ્થનિસ (c)સેલ્યુકસ (d)ડાયોનિયસ

13. સમ્રાટ અશોકના પિતાનું નામ શું હતું?

(a)બિંબિસાર (b)ચંદ્રગુપ્ત મૌર્ય (c)બિંદુસાર (d)ચંદ્રગુપ્ત બીજો

14. અશોકને કયા બૌદ્ધ ભિક્ષુનો ભેટો થયો હતો?

(a)ઉપગુપ્ત (b)રાજગુપ્ત (c)ચંદ્રગુપ્ત (d)રામગુપ્ત

15. અશોકનું હ્રદય પરિવર્તન કયા યુદ્ધથી થયુ?

(a)તરાઈ (b)કલિંગ (c)પાણિપત (d)તાલિકટ

16. સમ્રાટ અશોકે રાજધાની પાટલીપુત્રમાં બૌદ્ધ ધર્મની કઈ પરિષદ બોલાવી હતી?

(a)પ્રથમ (b)બીજી (c)ત્રીજી (d)ચોથી

17. રાજ્યભિષેક પહેલા અશોક ક્યાંનો રાજ્યપાલ હતો?

(a)ઉજ્જૈન (b)તક્ષશિલા (c)અવંતી (d) અંગ

18. ગિરનાર અભિલેખ કયા રાજ્યમાં આવેલો છે?

(a)મહારાષ્ટ્ર (b)રાજસ્થાન (c)મધ્યપ્રદેશ (d)ગુજરાત

**8.4 સારાંશ :**

આમ, મગધ સામ્રાજ્યનો વિસ્તાર એ જેમ જેમ રાજવંશોમાં આવતા ગયા તેમ તેમ વધતો ગયો. હર્યકવંશથી માંડી નંદવંશ અને વિશાળ મૌર્ય સામ્રાજ્ય દ્વારા મગધના વિસ્તારને વધાર્યો હતો. મગધમાં સમયાન્તરે વિવિધ શાસકોએ વિવિધ રાજ્યોને મગધના વિસ્તારમાં સમાવી દીધા હતા. ચંદ્રગુપ્ત મૌર્યએ વિશાળ મૌર્ય સામ્રાજ્યની સ્થાપના કરી હતી. ચંદ્રગુપ્ત મૌર્ય પછી બિંદુસાર અને ત્યાર પછી મૌર્ય સામ્રાજ્યની ગાદી પર સમ્રાટ અશોક શાસક તરીકે આવ્યો. સમ્રાટ અશોક ભારતીય ઇતિહાસમાં તેનું સ્થાન અદ્વિતીય ગણવામાં આવે છે. સમ્રાટ અશોકએ દેશમાં સામ્રાજ્યનો વિસ્તાર પણ કર્યો અને બીજા દેશો સાથે મૈત્રીપૂર્ણ વ્યવહારની નીતિ પણ અપનાવી હતી. અશોકના જીવનમાં કલિંગના યુદ્ધથી હ્રદય પરિવર્તન આવ્યું. અશોકે હિંસા છોડી અહિંસાનો માર્ગ અપનાવ્યો. આમ, ભારતીય ઇતિહાસમાં મહાન વ્યક્તિઓમાં તેનું સ્થાન છે. તેનો મનુષ્યો સાથે પ્રેમ, ધર્મ, વિસ્તૃત સામ્રાજ્ય, ઉત્તમ શાસન વ્યવસ્થા, બૌદ્ધ ધર્મનો પ્રચાર-પ્રસાર, ધાર્મિક સહિષ્ણુતા, શિક્ષણ, શાંતિ, સમૃદ્ધિ, મનુષ્યો તથા જીવજંતુઓની સાથે દયા ભાવનો વ્યવહાર વગેરે બાબતો અશોકની સિદ્ધિઓ સાબિત થાય છે.

**8.5 શબ્દાવલી :**

એલચી- રાજદૂત

સુવર્ણ-સોનું

અમિત્રઘાત- શત્રુઓનો નાશ કરવાવાળો

ઉપાધિ- પદવી

અભિલેખ-કોઈપણ પદાર્થ પર કોતરેલું લખાણ

**8.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

1. (a) બિંબિસાર
2. (b)ધનનંદ
3. (a)મહાપદ્મનંદ
4. (d)વૈશાલી
5. (c) શિશુનાગ
6. (b) ચંદ્રગુપ્ત મૌર્ય
7. (a)કૌટિલ્ય
8. (b)કૌટિલ્ય
9. (d)મેગસ્થનિસ
10. (c) ખારોષ્ઠી
11. (a)કલિંગના
12. (d) ડાયોનિયસ
13. (c)બિંદુસાર
14. (a)ઉપગુપ્ત
15. (b)કલિંગ
16. (c)ત્રીજી
17. (a)ઉજ્જૈન
18. (d)ગુજરાત

**8.6 સંદર્ભગ્રંથો :**


1. શાસ્ત્રી હરિપ્રસાદ ગંગારામ, પ્રાચીન ભારત ભાગ-1 (પ્રાગ-મૌર્ય કાલથી અનુ-ગુપ્તકાલ), ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, 1969-70.
2. ડૉ.પી.એન.ચોપરા (સંપાદક), શાસ્ત્રી હરિપ્રસાદ,પરીખ પ્રવિણચંદ્ર, દીક્ષિત યતીન્દ્ર (અનુવાદકો), ભારતનું ગેઝેટિયર(ઈતિહાસ અને સંસ્કૃતિ), યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ, 1984, બીજી આવૃત્તિ-2001.
3. શર્મા કાલુરામ અને વ્યાસ પ્રકાશ, પ્રાચીન ભારત કા રાજનૈતિક એવં સાંસ્કૃતિક ઈતિહાસ, પંચશીલ પ્રકાશન, જયપુર, 2004.
4. ભાર્ગવ પુરુષોતમલાલ, પ્રાચીન ભારત કા ઈતિહાસ, મુન્શીરામ મનોહરલાલ પબ્લિશર્સ પ્રા.લિ.,દિલ્લી, 1992.
5. ઝા દ્વિજેન્દ્રનારાયણ ઓર શ્રીમાલી કૃષ્ણમોહન(સંપાદક), પ્રાચીન ભારત કા ઈતિહાસ, હિન્દી માધ્યમ કાર્યાન્વય નિદેશાલય દિલ્લી વિશ્વવિદ્યાલય, દિલ્લી, 1981, 30માં પુનર્મુદ્રણ-2009.

| એકમ – 09 | મૌર્ય સામ્રાજ્યનું વહીવટીતંત્ર તથા અર્થતંત્ર |
|---|---|

રૂપરેખા
9.0 ઉદ્દેશો
9.1 પ્રસ્તાવના
9.2 મૌર્ય વહીવટીતંત્ર
9.3 કેન્દ્રિય વહીવટીતંત્ર
9.4 પ્રાંતીય વહીવટીતંત્ર
9.5 પ્રાંતીય, પ્રાદેશિક તથા ગ્રામ્ય વહીવટ
9.6 કેન્દ્રિય વહીવટ
તમારી પ્રગતિ ચકાસો
9.7 સારાંશ
9.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
9.9 સંદર્ભગ્રંથો

## 9.0 ઉદેશો

- આ એકમનો મુખ્ય ઉદ્દેશ મોર્ય સામ્રાજ્યનું વહીવટીતંત્ર તથા અર્થતંત્ર અને ફેરફારોએ જે સ્થાન લીધુ તે તરફ તમારું ધ્યાન દોરવાનું છે. આ એકમ સમજયા પછી તમે મોર્ય સામ્રાજ્યનું વહીવટીતંત્રની વિશેષ માહિતી મેળવી શકશો. જેમ કે...
- સમ્રાજ્યને ટકાવવા માટે કયા સાધનો જરૂરી છે.
- કેન્દ્રિય વહીવટીતંત્ર કેવા પ્રકારનું છે.
- કેન્દ્રિય વિભાગો ની માહિતી મેળવવી.
- કેન્દ્રિય અધિકારીઓ ની માહિતી મેળવવી.
- સ્થાનિક વહીવટીતંત્ર ની સમજનો આજના સમયમાં વિનિયોગ કરવો.

## 9.1 પ્રસ્તાવના

પ્રાચીન ભારતના ઈતિહાસને અંધકારમાંથી પ્રકાશમાં લાવનાર મૌર્ય યુગની શરૂઆત ચંદ્રગુપ્તના રાજ્ય-અમલથી થાય છે તેણે ચાણક્ય/કૌટીલ્યની સહાયથી મગધના નંદવંશનો વિનાશ કરી મૌર્યવંશની સ્થાપના કરી હતી.તેના દ્વારા સ્થાપિત મૌર્ય સામ્રાજ્યનો ઉદય ભારતના ઈતિહાસની એક અપૂવઁ ઘટના હતી. પ્રાચીન ભારતનું વિશાળ ઐતિહાસિક સામ્રાજ્ય કાબુલથી મૈસુર અને બંગાળથી ગુજરાત સુધીના વિસ્તારને આવરી લેતું હતુ. ચંદ્રગુપ્તના પુત્ર બિન્દુસારે તે સામ્રાજય યથાવત જાળવી રાખ્યુ હતું અશોકે કલિંગ વિજય કરી તેનો મૌર્ય સામ્રાજયમાં વિલય કર્યો હતો અને સામ્રાજયને વધુ વિસ્તૃત કર્યું હતું.

મૌર્ય શાસકોએ વિશાળ સામ્રાજયની સ્થાપનાની સાથે સાથે એક સુદ્દઢ વહીવટી વ્યવસ્થા પણ સ્થાપી હતી. મૌર્ય વહીવટીતંત્રના કેન્દ્રમાં સમ્રાટ પોતે હતો, તથા વહીવટી તંત્રનું શકિતનું કેન્દ્રિકરણ સમ્રાટ કે રાજાના પદની સાથે કરવામાં આવ્યું હતું. મોર્ય વહીવટીતંત્રનું લક્ષ્ય રાજયને સ્થિરતા આપવાનું, વધુમાં વધુ કર ઉઘરાવી રાજયને સમૃદ્ધ બનાવવાનું તથા લોકકલ્યાણકારી કાર્યો કરવાનું હતું. આ વહીવટીતંત્રની શરૂઆત પ્રથમ મૌર્ય શાસક ચંન્દ્રગુપ્ત મૌર્યના સમયમાં થઈ હતી. આ વહીવટીતંત્રની રચનામાં ચાણકયએ મુખ્ય ભાગ ભજવ્યો હતો. આ વહીવટી વ્યવસ્થા આગળના સમયમાં પણ ચાલતી રહી તથા અશોકના સમયમાં તે વધારે પ્રજાપયોગી તથા લોકકલ્યાણકારી બની હતી. મૌર્ય વહીવટીતંત્ર વિશેની જાણકારી આપણને કૌટીલ્યના અર્થશાસ્ત્ર 'મેગસ્થનિસની 'ઈન્ડિકા' તથા સમ્રાટ અશોકના શિલાલેખમાંથી પ્રાપ્ત થાય છે. મૌર્ય વહીવટીતંત્રના મુખ્ય પાસાઓ, લક્ષણો કે અંગો નીચે મુજબ છે. જેનાથી મૌર્ય વહીવટીતંત્રનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

## 9.2 : મૌર્ય  વહીવટીતંત્ર

મૌર્ય વહીવટીતંત્રને મુખ્યત્વે ચાર ભાગમાં વહેંચવામાં આવે છે. 1 કેન્દ્રિય વહીવટી તંત્ર ૨.પ્રાંતીય વહીવટી તંત્ર ૩.સ્થાનીય વહીવટી તંત્ર તથા 4 નગર વહીવટી તંત્ર આ ચારેય ભાગોની વિસ્તૃત માહિતી આ પ્રમાણે છે.

## 9.3 કેન્દ્રિય વહીવટીતંત્ર

### 9.3.1 : રાજા કે સમ્રાટ : -

કૌટીલ્ય રાજયતંત્રનો સમર્થક હતો. તેના ગ્રંથ અર્થશાસ્ત્રમાં રાજા સમ્રાટને સર્વશકિતમાન અને રાજયમાં સૌથી મહત્વપૂર્ણ વ્યક્તિ માનવામાં આવ્યો છે. વિશાળ સામ્રાજયની સફળતા અને સ્થિરતા માટે રાજાનું અનુંપમ શક્તિશાળી અને ગુણવાન હોવું જરૂરી હતું રાજાનું પદ વંશપરંપરાગત હતું. ક્યારેક એ પદ પ્રાપ્ત કરવા માટે રાજકુમારો વચ્ચે સંઘર્ષ થતો અને એમાં વિજેતા થનાર રાજા બનતો. દા.ત.,અશોકે આ પદ સંઘર્ષંમાં વિજય મેળવી પ્રાપ્ત કર્યું હતું. રાજાની ઉત્પતિ સમાજની અવ્યવસ્થા ને સમાપ્ત કરવા માટે થઈ છે એમ માનવામાં આવતું હતું. મૌર્ય વહીવટીતંત્રમાં રાજા સર્વોચ્ચ સ્થાને હતો તથા તે રાજયનો વહીવટી, ધારાકીય બાબતો , લશ્કરી બાબતો અને ન્યાય બાબતોનો સર્વોચ્ચ  વડો હતો. રાજા ઉચ્ચકુળનો , વીર, સાહસી, અડગ,તથા શાસ્ત્રો અને શસ્ત્રમાં પારંગત હોવો જોઈએ એમ અર્થશાસ્ત્ર જણાવે છે. આમ, રાજા કે સમ્રાટ મૌર્ય વહીવટીતંત્ર ના કેન્દ્રમાં હતા તથા તમામ સતાઓ એના હસ્તક હતી. રાજ્યના તમામ ભોતિક સાધનો તથા સામ્રાજયની સંપૂર્ણ જમીનનો તે સ્વામી હોવાના કારણે ખૂબજ સત્તા સપન્ન હતો.

### 9.3.2 : મંત્રી પરિષદ :

અર્થશાસ્ત્ર તેમજ અશોકના શિલાલેખો મંત્રીમંડળ (મંત્રીપરિષદ) ને નિર્દેશ છે. અર્થશાસ્ત્ર નોંધે છે કે રાજયનું કાર્ય કોઈ પણ જાતની મદદ વગર થઈ શકે નહી તે નોંધે છે કે "રથ એક ચક્ર ઉપર ચાલી શકે નહીં માટે રાજાએ મંત્રીઓની નિમણુંક કરવી જોઈએ અને તેની સલાહ સાંભળવી જોઈએ." ના ખડકલેખો મંત્રીપરિષદના કાર્યોની માહિતી આપે છે.

ખડક શાસન સૂચવે છે કે પરિષદ પાસેથી ધારણા રાખવામાં આવે છે. જુદી જુદી કક્ષાના અમલદારો નવા વહીવટી પગલા લે છે કે કેમ તે જોવું જોઈએ.

ખડક શાસન નોંધે છે કે રાજાની નીતિઅંગે તેની ગેરહાજરીમાં મંત્રીઓ ચર્ચા કરી શકે,સુધારા સુચવી શકે ,અને રાજાએ જે તેમની ઉપર છોડયું હોય તેવી અગત્યની બાબત ઉપર નિર્ણય કરી શકે. છતા પણ પરિષદે રાજાને પોતાનો અભિપ્રાય તાત્કાલિક જણાવવાનો રહેતો.

પરિષદ સત્તા સમયે સમયે બદલાતી રહેતી. છતાં તેની મુખ્ય ભૂમિકા સલાહકાર મંડળ તરીકેની રહેતી. તેનું કારણ કે આખરી સત્તા રાજા પાસે હતી. કૌટિલ્ય કહે છે કે દરેક જરૂરિયાત નક્કી કરવી જોઈએ પણ તે મત ધરાવે છે કે " મોટી પરિષદ રાજા માટે લાભકારી છે." તેણે કેટલાક મુદ્દાઓની યાદી કરી છે કે જેના વિશે રાજાએ મંત્રીઓની સલાહ લેવી જોઈએ તેનો સમાવેશ આ પ્રમાણે થાય છે.

રાજયે જે કામ હાથ પર લેવાનું ઈચ્છયું હોય તો તે કેવી રીતે કરવું તેની મસલત.

આ કામ હાથ પર લેતાં પહેલાં તેમાં કેટલી માનવશકિત અને તેનો આવક-ખર્ચ કેટલો થશે તે નકકી કરવું.

વિભાગમાં તે કામ શરૂ કરવું અને સમયે સમયે તેનું નિરાકરણ શોધવું વગેરે.

કૌટીલ્ય જણાવે છે કે કામપરિષદમાં બહુમતીના નિર્ણય ભૂવ્યિષ્ટ પ્રમાણે થવું જોઈએ પણ જો રાજાને લાગે કે બહુમતીના નિર્ણય પ્રમાણે ધ્યેય સિધ્ધ નહીં થઈ શકે તો તેણે પોતાના વિચાર પ્રમાણે નક્કી કરવું જોઈએ. તે સ્પષ્ટતા કરે છે કે " મંત્રીઓને રાજાના હુકમોનું પાલન બરાબર થાય છે કે કેમ તે જોવું જોઈએ."

એક મહત્વનો મુદો અર્થશાસ્ત્ર બતાવે છે તે છે મંત્રીઓની નિમણુંક માટે તેમની લાયકાત અથવા તેનું ધોરણ જેમકે, વ્યકિત એવી હોવી જોઈએ કે તે પૈસાથી લલચાવી ન જોઈએ, દબાણને વશ થવી ન જોઈએ વગેરે અર્થાત તે સર્વોપદ શુધ્ધ (સૌથી વધુ શુધ્ધ) હોવી જોઈએ. બીજા ઉલ્લેખો પણ છે તેમાં આંતર મંત્રીમંડળ (મૈત્રી) નાના સમુહમાં મંત્રીઓ કે જેની સાથે તાત્કાલિક ધ્યાન આપવાના મુદ્દાની જરૂર પડે ત્યારે સલાહ લઈ શકાય.

અર્થશાસ્ત્ર કેન્દ્રિય સરકાર 18 ખાતાઓ (તીર્થ)નો ઉલ્લેખ કરે છે. દા.ત. કર્માન્તિક ઉદ્યોગોનું ધ્યાન રાખે વગેરે.

**9.3.4 કેન્દ્રિય વિભાગો : -**

કેન્દ્રિય વહીવટીતંત્રમાં વહીવટી વિભાગો અલગ - અલગ કાર્યોની જવાબદારીઓ સંભાળતા હતા.

**9.3.5: જમીન મહેસૂલ તથા નાણાં વિભાગ :-**

આ વિભાગનું મુખ્ય કાર્ય રાજયની આવક જાવક, કરવેરા ઉઘરાવવા, ખેતી ઉત્પાદન, સિંચાઈ વ્યવસ્થા તથા રાજય દ્વારા થતા ખર્ચ પર નિયંત્રણ રાખવાનું હતું. આ વિભાગનો વડો સભાપતિ કે જે હાલના કલેકટર જેવું કાર્ય કરતો હતો.

**9.3.6 વિદેશ-પરરાજ્ય વિભાગ :-**

આ વિભાગને મુખ્ય કાર્ય જાસૂસો અને દૂતોની મદદથી પરાજયો તથા વિદેશી રાજ્યોની હિલચાલ ઉપર નજર રાખવાનું હતું. આ વિભાગનો વડો "પ્રશસ્ત્રી" હતો.

**9.3.7 સેના કે લશ્કર વિભાગ:-**

આ વિભાગ સમગ્ર સેના કે લશ્કરનો વહીવટ સંભાળતો હતો. સેનાની ભરતી, હથિયારો ઘોડાઓ તથા યુદ્ધ સંબંધી તમામ વ્યવસ્થા કરવાની જવાબદારી આ વિભાગ ઉપર હતી, આ વિભાગને મદદરૂપ થવા 30 સભ્યોની બનેલી સમિતિ હતી.સેનાનો વડો સેનાપતિ કહેવાતો હતો.

**9.3.8 વેપાર-ઉદ્યોગ વિભાગ** :

આ વિભાગ વસ્તુ ખરીદ વેચાણ, ભાવ નિયંત્રણ, વેપારી ઈજારો, નિકાસ આયાત, કરચોરોને સજા, નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા જેવાં કાર્યો કરતો હતો, આ વિભાગનો વડો "પણાધ્યક્ષ" હતો તથા તેને મદદરૂપ થવા માટે શુલ્કાધ્યક્ષ (જકાત ખાતાનો અધિકારી), સંસ્થાધ્યક્ષ (વેપારી માર્ગોનો નિરીક્ષક) તથા સૂત્રાધ્યક્ષ (વણાટ ખાતાનો અધિકારી) જેવા સહાયક અધિકારીઓ પણ હતા.

**9.3.9: ન્યાય વિભાગ** :

મૌર્ય વહીવટીતંત્રમાં ન્યાય વિભાગ પણ હતો. તેનો વડો ''પ્રદેશગી" હતો. ન્યાય વિભાગમાં મુખ્યત્વે બે પ્રકારની અદાલતો હતી - (1) ધર્મષ્ઠિ - દીવાની અદાલતો તથા (2) કંટકશોધન - ફોજદારી અદાલતો, આ અદાલતોના ન્યાયાધીશોને 8000 પણનું વેતન મળતું હતું. મોટા વિવાદોનો અંતિમ ચુકાદો (ન્યાય) સમ્રાટ કરતો હતો.

**9.3.10 દાન-ધર્મ -સમાજ કલ્યાણ વિભાગ** :

આ વિભાગ ધાર્મિક બાબતો તથા સમાજ કલ્યાણને લગતા કાર્યો કરતો હતો. પ્રજા અને રાજયના કલ્યાણ માટે યજ્ઞનો, ધાર્મિક વિધિઓ કરાવવી, સામાજિક સેવા, અનાથો, પીડિતો તથા જરૂરતમંદોની સહાયનું કાર્ય આ વિભાગ દ્વારા થતું હતું, આ વિભાગનો વડો પુરોહિત" હતો.

**9.3.11 પોલીસ અને જાસૂસી વિભાગ** :

આંતરિક સુરક્ષાના હેતુથી આ વિભાગની રચના કરવામાં આવી હતી. આ વિભાગનો વડો 'પ્રશાસ્તા" હતો. આ વિભાગ રાજયમાં ચાલતી ગતિવિધિઓ ઉપર ધ્યાન રાખતો હતો. આ વિભાગના જાસૂસો "ગૃઢપુરષ" કે 'પ્રતિવેદક" તરીકે ઓળખાતા હતા. રાજયની આંતરિક શાંતિ, કાયદો અને વ્યવસ્થાની જવાબદારી આ વિભાગના શિરે હતી.

**9.3.12 કેન્દ્રીય અધિકારીઓ** :

મૌર્ય વહીવટીતંત્રમાં એક વિશાળ અધિકારી વર્ગ પણ હતો તથા તેમાં મહાઅમાત્ય એટલે કે પ્રધાન (મુખ્ય) મંત્રી રાજા પછીનો સૌથી મોટો વહીવટી વડો હતો. ચંદ્રગુપ્ત મૌર્યનો મહાઅમાત્ય ચાણક્ય (વિષ્ણુગુપ્ત કે કૌટિલ્ય), બિન્દુસારનો ખલ્લાટક તથા અશોકનો રાધાગુપ્ત હતો. આ ઉપરાંત અન્ય અધિકારીઓ તથા તેના કાર્યો નીચે મુજબ હતા. –

1.મહાઅમાત્ય : મુખ્ય પ્રધાન - રાજાને સલાહ-મંત્રણા આપતો.

2.પુરોહિત : રાજયનો ધાર્મિક વડો હતો.

3.યુવરાજ : ભાવિરાજા, દરેક કાર્યમાં સહાયક, પ્રાંતનો સુબો,

4.દ્વારિક : રાજમહેલની આંતરિક જરૂરિયાતો પૂરી પાડતો.

5.અંતર્વંશિક : રાજાની અંગત અંગરક્ષક સેનાનો અધ્યય.
6.પ્રશાતા : કાયદો અને વ્યવસ્થા વિભાગનો વડો.
7.સમાહર્તા : જમીન-મહેસૂલ વિભાગનો વડો.
8.સંનિધાતા : નાણાં વિભાગનો અધિકારી .
9.પ્રદેણા : ફોજદારી અદાલતનો વડો.
10.વ્યવહારિક : દીવાની અદાલતનો વડો.
11.નાયક : નગરનો મુખ્ય પોલીસ અધિકારી.
12.પોર : રાજધાનીનો શાસન વહીવટકર્તા.
13.કમત્તિક : ખાણો, કારખાના તથા ઉદ્યોગ વિભાગના મંત્રી.
14.મંત્રી પરિપદાધ્યક્ષ : મંત્રી પરિષદના અધ્યક્ષ.
15.અંતપાલ : રાજયની સુરક્ષનો અધિકારી.
16.દુર્ગપાલ : રાજયના કિલ્લાના રક્ષણનો અધિકારી.
17.આર્ટવિક : જંગલ ખાતાનો અધિકારી.
18.કોષાધ્યક્ષ : ખજાનાનો ઉપરી અધિકારી.
19.લક્ષણાધ્યક્ષ : મુદ્રા વ્યવસ્થાનો અધિકારી, અધ્યક્ષ.
20.સીતાધ્યક્ષ : ખેતી કૃષિ વિભાગનો અધ્યક્ષ.
21.સંસ્થાધ્યક્ષ : વ્યાપારી માર્ગની વ્યવસ્થાનો અધ્યક્ષ.
22.અક્ષપલટાધ્યક્ષ : મહાલેખાકાર લેખક હસ્તાવેજ વિભાગનો અધ્યક્ષ.
23.પોતવાધ્યક્ષ : માપ- તોલ ની વ્યવસ્થાનો અધ્યક્ષ.
24.ગણિકાધ્યક્ષ : ગણિકા અંગેની બાબતનો અધ્યક્ષ.
25.અશ્વાધ્યક્ષ : ઘોડાઓની સેનાનો અધ્યક્ષ.
26.હસ્ત્યાધ્યક્ષ :હાથીઓની સેનાનો અધ્યક્ષ .

આ ઉપરાંત બીજા અનેક અધ્યક્ષો, અધિકારીઓ તથા સચિવના ઉલ્લેખ કૌટીલ્યના અર્થશાસ્ત્રમાં જોવા મળે છે. જે મૌર્ય' વહીવટીતંત્રની વિશાળતા અને સુવ્યવસ્થાનું સૂચન કરે છે.

## 9.4 પ્રાંતીય વહીવટીતંત્ર

સમગ્ર મૌર્ય સામ્રાજયને વહીવટી સરળતા ખાતર વિવિધ પ્રાંતો, સ્થાનિય, સંગ્રહણ અને ગ્રામ જેવાં નાના નાના એકમોમાં વહેંચી નાખવામાં આવ્યું હતું સમગ્ર મૌર્ય સામ્રાજય 6 પ્રાંતોમાં વહેંચાયેલું હતું

| પ્રાંત | રાજધાની |
|---|---|
| ઉત્તરાપથ | તક્ષશિલા |
| કલિંગ | તોસાલી |
| અવંતિ રાષ્ટ્ર | ઉજ્જૈયિની (હાલનું ઉજ્જૈન) |

| | |
|---|---|
| દક્ષિણાપથ | સુવર્ણગીરી |
| સુરાષ્ટ્ર (સોરાષ્ટ્ર) | ગિરિનગર (જુનાગઢ) |
| પ્રાશી કે પ્રચી (મગધ) | પાટલીપુત્ર (પાટણ) |

પ્રાંતનો વહીવટીવડો 'સુબો' હતો , આ પદ રાજકુટુંબના સભ્યો અને મુખ્યત્વે રાજકુમારો દ્વારા જ ભરવામાં આવતું હતું. આ સુબાઓ પ્રાંતના રાજવી શાસકના જેટલું જ મહત્વ ધરાવતા હતા. કેન્દ્રની જેમજ પ્રાંતની પણ વહીવટી વ્યવસ્થા કરવામાં આવતી હતી. પ્રાંતમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવી, કરવેરા ઉઘરાવવા, કેન્દ્રના આદેશોનું પાલન કરવું, પોતાના પ્રાંતોના પ્રાંતમાં બનતા બનાવોથી કેન્દ્રને માહિતગાર કરવું વગેરે સુબાના મુખ્ય કાર્યો હતા. સુબાની સહાય માટે મંત્રીમંડળ અને અધિકારીઓ નિયુક્ત કરવામાં આવતા હતા પ્રાતના સુબાને 'રાષ્ટપાલ' પણ કહેવામાં આવતો હતો.

**9.4.1 પ્રાદેશિક વહીવટીતંત્ર** :

પ્રાંતોનો નાના નાના વહીવટી એકમો કે વિભાગોમાં વહેંચી દેવામા આવતા હતા. પ્રાંતથી નાના વહીવટી એકમો 'સ્થાનિક' તરીકે ઓળખાતા હતા. જે જિલ્લાની સમકક્ષ હતા. તેનો વડો 'સ્થાનિક' તરીકે અળખાતો હતો સ્થાનિયમાં ૪00 ગામડાઓનો સમાવેશ થતો હતો. તેનાથી નાનો વહીવટી એકમ દ્રોણમુખ હતો જેમાં 400 ગામો સમાવવામાં આવતા હતા. તેનાથી નાનો એકમ ' ખર્ટવિક' કે 'ખર્વટિક' હતો, તેમાં ર00 ગામો હતા તથા 'સંગ્રહણ'માં 100 ગામો હતા. આ ઉપરાંત 'પ્રદેશ' અને 'આહાર' જેવા વહીવટી એકમો પણ હતા.

**9.4.2 સ્થાનિક વહીવટીતંત્ર** :

**9.4.2.1 ગ્રામ વહીવટ** :

મૌર્ય વહીવટીતંત્રનો સૌથી નાનો વિભાગ કે એકમ ગ્રામ કે ગામ હતું, તેનો વડો 'ગ્રામીક', 'ગામીણી' કે 'ગ્રામીણ' તરીકે ઓળખાતો હતો. તે મોટા ભાગે ગામ લોકો દ્વારા ચુંટાતો હતો. ગ્રામીક ગ્રામસભાની મદદ થી ગામનો વહીવટ ચાલતો, તેના મુખ્ય કાર્યો જમીન મહેસૂલ - કર ઉઘરાવવો તથા સ્થાનિક સમસ્યાઓનું નિરાકરણ લાવવું વગેરે હતા. તેની સહાય માટે કેન્દ્ર તરફથી 'ગ્રામ ભોજક' નામનો અધિકારી નિયુકત કરવામાં આવતો હતો. જે કેન્દ્રિય વહીવટીતંત્રનું પ્રતિનિધિત્વ કરતો હતો.

**9.4.3 વેપાર-ઉદ્યોગ સમિતિ** :

આ સમિતિ શહેરના વેપાર-ઉદ્યોગ પર નિયંત્રણ રાખતી હતી, વેપાર-ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું, વેતન ધોરણ,કામના કલાકો, વસ્તુંના ઉત્પાદનમાં થતી ભેળસેળ, વસ્તુઓની કિંમતો તથા ગુણવત્તાના ધોરણો, ભાવ નિયંત્રણ તથા માલિક-મજૂર વચ્ચેના વિવાદો અંગેની જવાબદારી આ સમિતિ સંભાળતી હતી.

**9.4.4 પરદેશીઓ-વિદેશીઓની વ્યવસ્થા અંગેની સમિતિ** :

નગરોમાં વસતા પરદેશીઓ તથા વિદેશીઓની રહેવા,જમવા તથા અન્ય વ્યવસ્થાઓ આસમિતિ કરતી હતી,આ સમિતિ જો કોઈ વિદેશીનું અવસાન થાય તો તેની મિલકત કે સંપતિ તેના યોગ્ય વારસદારને પહોંચાડવાનું કાર્ય પણક રતી હતી.

**9.4.5 જન્મ-મરણની નોંધ રાખનાર સમિતિ :**

આ સમિતિ નગરમાં થતા જન્મ-મરણની નોંધ રાખવાનું કાર્ય કરતી હતી.આ સમિતિ વર્ણ અને જાતીના આધારે વસ્તીના આંકડાઓ તૈયાર કરતી તથા તેના આધારે કરવેરા નક્કી કરવાનું કાર્ય પણ કરતી હતી.

**9.4.6 વ્યવસાય-રોજગાર સમિતિ :**

આ સમિતિ વ્યવસાય-રોજગારોને ઊભા કરવાનું, તેનું નિયમન કરવાનું, તોલમાપના સાધનો, કરચોરી તયા દાણચોરી વગેરે બાબતો ઉપર નિયંત્રણ રાખતી હતી.

**9.4.7 ઉત્પાદન નિયંત્રણ સમિતિ:**

આ સમિતિ નગરમાં ઉત્પાદન થતી વસ્તુઓ ઉપર નિયંત્રણ રાખતી, નવા તથા જૂના માલની ભેળસેળ ન થાય તેની તથા કિંમતોની બાબતે તકેદારી રાખવાનું કાર્ય આ સમિતિનું કાર્ય હતું

**.9.4.8 વેચાણ-વેરા સમિતિ:**

આ સમિતિ વિવિધ પ્રકારના વેરા ઉઘરાવવાનું કાર્ય કરતી, વેપારીઓ દ્વારા વેચેલી વસ્તું પર વેચાણ વેરા સેવાનું તથા કરચોરોને સજા કરવાનું કાર્ય કરતી હતી.

આમ, આ 6 સમિતિઓના કાર્યો ઉપરાંત નગર સુધરાઈ સમિતિ સમગ્ર રીતે નગરમાં સ્વસ્છતા અને વ્યવસ્થાનું ધ્યાન રાખતી હતી.

**9.4.9 મહેસૂલનો વહીવટ :**

મૌર્ય સમયમા રાજ્યનું મહેસૂલ વિવિધ માર્ગ દ્વારા એકત્રિત કરવામાં આવતું કૌટિલ્યના કહેવા મુજબ મહેસૂલી આવક નેચે જણાવેલ સ્ત્રોતો દ્વારા પ્રાપ્ત થતી હતી

| મહેસૂલની આવક<br>રસ્તા અને (વણિક પથ)<br>વાહનવ્યવહાર | | |
|---|---|---|
| નગરો (દુર્ગ) | | ઘાસચારો (વ્રજ) |
| | | વાડી (સેતુ) |
| ગ્રામ્ય પ્રદેશો (રાષ્ટ્ર) | રાજ્યની તિજોરી (કોશ) | |
| | | |
| ખાણો | | જંગલો (વન) |

વેચાણવેરો (શુલ્ક), દારૂના વેચાણ ઉપર જકાત, શ્રીમંતો ઉપર એક પ્રકારનો આયાત કર વગેરે મારફતે મહેસૂલ એકત્ર કરતા અર્થશાસ્ત્ર આવા 21 કરો દુર્ગ મારફતે એકત્ર કરતા તેની યાદી આપે છે.

ગ્રામ્ય પ્રદેશોમાંથી પ્રાપ્ત મહેસૂલને રાજ્ય શ્રેષ્ઠ જમીન (સીત)ની આવકના રૂપે, જમીન મહેસૂલ (ભાગ)ખેડૂતો પાસેથી ફળ વાડીઓ ઉપર કર, હોડી ઉપરની કિંમત વગેરે યોગ્ય કરતા.રાજ્યના અંકુશ હેઠળ બધી ખીણો હતી, ખનીજ દ્રવ્ય રાજ્ય માટે કાયમી આવકનું નિયમિત સાધન હતું . કર વેપારીઓના માર્ગ વ્યવહાર અથવા જળ વ્યવહારની મુસાફરી ઉપર નાંખવામાં આવતો. આયાત અને નિકાસ ઉપર કર વગેરે. લાગતા વળગતા લોકો પાસેથી રાજય અમુક ભંડોળ સીધું એકત્ર કરતું. દા.ત. જુગારીઓએ તેમના જીતેલા હિસ્સામાંથી પાંચ ટકા રાજ્યને આપવા પડતા અને વેપારીઓએ તેમના માલનું વજન કરાય અને તેને ચકાસીને રાજ્યના અમલદારો પ્રમાણપત્રની મહોર મારે ત્યારે કર આપવો પડતો. રાજયનો અંકુશ લશ્કરી કાફલાનો ઉદ્યોગ મીઠાના વેપારને કારણે તેનું મહેસૂલ વધ્યું. રાજ્ય કટોકટી દરમિયાન પોતાની આવક વધારવા કર નાખવા અજિમાન હતું. મહેસૂલના એકત્ર કરેલા ભંડોળનો મોટો ભાગ કે જે રાજ્યની તિજોરીમાં જમા થતો તે લશ્કર , વહીવટ, પગાર, રાજા વગેરેના ખર્ચ સ્વરૂપે વપરાતો.

| મહેસૂલની જાવક<br>રાજાનો ખરચો | | |
|---|---|---|
| લશકર અને યુદ્ધને નભાવવું | રાજાની તિજોરી | બક્ષિસો |
| બાંધકામ | ધાર્મિક દાનો | અમલદારોના પગારો |
| | | જાહેર કામો |

**9.4.10 જાહેર કાર્યો**

મૌર્ય શાસકે જાહેર કામોમાં ઘણો રસ લીધો હતો મેગેચિનીસના અહેવાલો અને અર્થશાસ્ત્ર ના કામોની નોંધ કરે છે. જમીન મહેસૂલ રાજ્યની આવકનું મુખ્ય સાધન હોવાથી નહેરો, બંધ અને તળાવોનું નિર્માણ કરવામાં આવતું પાણીના ઉપયોગ માટે કેટલાક નિયમો હતા. જળાશય (તડાગ)ની રચનાની નોંધ છે ચંદ્રગુપ્તના સમયમાં તે (જળાશય) દર્શન કહેવાતું. આ સ્પષ્ટ રીતે પાણી પહોંચાડવાની સરળતા માટે બંધાયું હતું .

1. રાજ્ય તેની પ્રજાને કુદરતી આફત જેવી કે પૂર, દુકાળ વગેરે વખતે મદદ કરતું.
2. અર્થશાસ્ત્ર જણાવે છે કે રાજાએ અનાથો, વૃદ્ધ અસહાય સ્ત્રીઓ વગેરેનું ધ્યાન રાખવું જોઈએ.
3. જાહેર કામોના અગત્યના મુદ્દાઓમાં રસ્તાઓ બનાવવાં અને મરામત કરાવવા અને પથિકાશ્રમો ખોલવા એ પણ સ્વીકારાયેલું .

ઉપરથી આપણે કહી શકીએ કે રાજ્ય તેની મહેસૂલની આવકમાંથી અમુક કામ જાહેર કાર્યો માટે વાપરતું આ અશોકના સમય દરમિયાન વધ્યું હશે કારણ તે જાહેર કામો તેને સંબંધિત હતાં, તેની પ્રજા તરફ તેનું વર્તન પિતૃતૂલ્ય હતું.

પરીડિત ધમખાતાનો મંત્રી હતો. કોઠાગાર (કોઠાર, કોશ) નો મંત્રી સંનિધાત કહેવાતો. એ સિવાય મકર (ખાણ), સાદ,( નાકા), બસપટલ (દફતર), મુદ્રા ( સિક્કા), સરા (દારૂ), હસ્તી

(હાથી), પત્તી ( પાયદળ) અનું દિવાં ખાતાં પણ હતાં. જાસસ (ગૂચર) ખાતુ પણ મહત્ત્વનું હતું, જે બધા ખાતાની વસતિમાનું ધ્યાન રાખી, તે અંગેનો અહેવાલ રાજાને આપવાનું કાર્ય કરતું. આ ઉપરાંત શાસનતંત્રમાં યુવરાજનું પણ અગત્યનું સ્થાન હતું. તે (મહામંત્રી)ની તથા રાજાની ગેરહાજરીમાં રાજયનો વહીવટ કરતો, મહામંત્રી, પુરોહિત, સેનાની એ યુવરાજ રાજયના મોટા અધિકારીઓ હતા.

પ્રજાનું રક્ષણ કરવું, તેનું પાલનપોષણ કરવું તથા પ્રજાને આબાદ અને સુખી કરવાની રાજાની જવાબદારી હતી માટે રાજા પ્રધાનમંડળ અને નિયુક્ત અધિકારીઓનો સહયોગ સાધીને કુશળતાપૂર્વક વહીવટ સંભાળતો.

---

**9.5 પ્રાંતીય, પ્રાદેશિક તથા ગ્રામ્ય વહીવટ :**

---

પ્રાંતીય, પ્રાદેશિક તથા ગ્રામ્ય વહીવટ કેન્દ્રિય નિયંત્રણ હેઠળ મુકાયેલો હતો. એ માટે આખા સામ્રાજ્યને પ્રાંતોમાં, પ્રાંતોને તાલુકાઓમાં અને તાલુકાઓને ગ્રામ (ગામ) માં વહેંચવામાં આવ્યું હતું. સંભવતઃ પ્રાંતને મંડળ અથવા વિભાગ કહેવાતા અને તેના વડા અધિકારીઓ માંડલિક (સુબો રાજ્યપાલ) કહેવાતા. મોટે ભાગે આ પદ ઉપર રાજ કુમારોની નીમણુંક કરવામાં આવતી. જિલ્લો સ્થાનિય કહેવાતો અને તેનો વડો સ્થાનિક નામે ઓળખાતો. પ્રાંતો અને જિલ્લાથી નાનું એકમ તે તાલુકો, જેને ‘સંગ્રહણ' કહેતા. સંગ્રહણનો વડો ગોપ નામે ઓળખાતો. ગ્રામનો મુખ્ય અધિકારી ગ્રામણી કહેવાતો. આ બધા અધિકારીઓ પોતપોતાના વિસ્તાર પૂરતા વહીવટી, મહેસૂલી, ન્યાય વિષયક તેમજ અન્ય કાર્યો સંભાળતા. ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં ઉત્તરાપથ, અવંતિ અને સૌરાષ્ટ્ર એ ત્રણ ઉપરાંત કેટલાકના મત પ્રમાણે દક્ષિણાપથ નામે ચોથો પ્રાંત પણ હતો. અશોકના સમયમાં ચાર પ્રાંતો (વિભાગો) હતા : (1) ઉત્તરાપથ જેનું પાટનગર તક્ષશિલા (હાલમાં પાકિસ્તાનમાં) હતું. (2) પૂર્વપથ કલિંગ જેનું પાટનગર તોસલી હતું. (3) અવંતી, જેનું પાટનગર ઉજ્જૈન હતું. (4) દક્ષિણાપથ જેનું પાટનગર સુવર્ણગિરિ હતું. પાંચમા વિભાગ તરીકે સૌરાષ્ટ્રનો પણ સમાવેશ થતો હતો. ગિરિનગર (જૂનાગઢ) તેનું પાટનગર હતું. અશોક મૌર્યના સમયમાં ગિરિનગરનો સૂબો તુશાષ્પ નામે હતો.

**9.5.1 :લશ્કરી વહીવટ** :

‘ઈન્ડિકા’ના ઉલ્લેખ મુજબ લશ્કરી વહીવટ 30 સભ્યોની બનેલી લશ્કરી સમિતિને હસ્તક હતો. તેનો વડો સેનાની કહેવાતો. છતાં સર્વોચ્ચ વડો કે સર્વોચ્ચ સેનાપતિ રાજા ગણાતો. લશ્કરના કુલ છ જેટલા વિભાગો હતા. તેમાં પાયદળ, અશ્વદળ, ગજદળ, રથદળ, નૌકાદળ ઉપરાંત પુરવઠો અને સેવાદળ પણ હતાં. ‘ઇન્ડિકા’ના વર્ણન પ્રમાણે ચંદ્રગુપ્ત મૌર્યનું સૈન્ય 9 હજાર હાથીઓ, 8 હજાર રથ, 30 હજાર અશ્વ અને 6 લાખના પાયદળનું બનેલું હતું. જો કે આ આંકડા અતિશયોક્તિ ભરેલા જણાય છે.

મૌર્યયુગમાં ચંદ્રગુપ્ત મૌર્યના સમયનું લશ્કર મજબૂત અને શક્તિશાળી તથા સાધન-સુવિધાથી સજ્જ હતું, છતાં અશોકના સમયમાં તેની વિકસિત ધર્મભાવનાને કારણે તે શિથિલ બન્યું હોવાનો સંભવ હતો.

**9.5.2 : અમલદારો અને સિપાઈઓને રોકડ પગાર મળતો.**

એક સ્વતંત્ર વિભાગ લશ્કરી કાફલાની વિવિધતા અને દેખભાળ તેમ જ ઉત્પાદનની સંભાળ માટે હતો જેનો મુખ્ય આયુષાગારાધ્યક્ષ તરીકે જાણીતો હતો .

જુદા જુદ અધ્યક્ષોના કામનું પણ વિસ્તૃત વર્ણન છે જેમકે રથાધ્યક્ષને રથોની બાંધણીની પણ સંભાળ રાખવાની હતી અને હત્યાધ્યક્ષ હાથીદળની દેખરેખ રાખતા. કૌટીલ્ય અર્થશાસ્ત્ર ભરતી કરવા માટેની નીતિ , યુદ્ધના નકશા અને કિલ્લેબંધી વગેરેનો ઉલ્લેખ કરે છે.

રાજ્ય મોટા ભાગના મહેસૂલની આવક લશ્કરની દેખભાળ પાછળ ખરચતું તેમાં શંકા નથી, લાંબા ગાળે તેની તિજોરી ઉપર વિપરિત અસર થઈ હોય .

**9.5.3 : જાસૂસી**

મૌય વહીવટમાં જાસૂસી તંત્ર વ્યવસ્થિત રીતે ગૂંથાયેલું હતું. લગભગ બધા અગત્યના અમલદારો તેમ જ સામાન્ય લોકો ઉપર ચોકી રખાતી, ભરતી કરેલા જાસૂસોનું મુખ્ય કામ હતું.

- મંત્રીઓ ઉપર નજર રાખવી.
- સરકારી અમલદારોનો અહેવાલ તૈયાર કરવો.
- લોકોની લાગણીને લગતી અસર/છાપ એકત્ર કરવી.
- વિદેશી રાજકર્તાઓની ગુપ્ત બીના જાણવી વગેરે.

આ પ્રકારની પ્રવૃત્તિ માટે જુદા જુદા લોકોની મદદ લેવામાં આવતી, જેવા કે રસોઇયા, હજામો વગેરે. તેઓ તેમની જાતે માહિતી પ્રાપ્ત કરવાને માટે જુદા જુદા વેશ ધારણ કરતા, જેવા કે સાધુ, વિધાર્થી વગેરે. ચારેક અગત્યની બાબત હોય તો તેઓ જાતે સીધેસીધા રાજાને જાણ કરતા. ટૂંકમાં, અર્થશાસ્ત્ર સરસ ગૂંથાયેલી જાસૂસી જાળનો નિર્દેશ કરે છે .

**9.5.4 : ન્યાય અને શિક્ષા**

મૌર્યોના આશ્રયે સામાજિક ક્રમ જાળવવા અને તેની સરળ કામગીરી માટે વહીવટી પ્રથા અને મહેસૂલના પ્રધાઈ રાજ્યને મળે તે માટે વ્યવસ્થિત કાનૂની પદ્ધતિ દાખલ કરવામાં આવી હતી. અર્થશાસ્ત્ર વિવિધ પ્રકારનાં ગુનાઓની શિક્ષા માટે કાયદાની યાદીથી ભરેલું છે. તેમાં લગ્નના કાયદાનો ભંગ , છૂટાછેડા, ખૂન, ભેળસેળ, ખોટા વજન વગેરે અંગેના કાયદાઓની વિશાળ શ્રેણીનો સમાવેશ છે. વિવિધ પ્રકારની ન્યાય કચેરી કાયદાની ગુનેગારો અથવા વિવિધ સ્તરે ઝઘડાની પતાવટ માટે હતી. ગ્રામિકને ગ્રામ્ય કક્ષાએ અદાલતની સત્તા હતી. જનપદના અને કેન્દ્રના સ્તરે પણ ન્યાયની કચેરીઓ હતી અર્થશાસ્ત્ર બે પ્રકારની ન્યાયની કચેરીઓ ,અદાલતો બતાવે છે .

**9.6 : કેન્દ્રિય વહીવટ-2**

બીજાં કેટલાંક વહીવટનાં ક્ષેત્રો કેન્દ્રિય વહીવટની સીમા નીચે આવતાં હતાં.જો કે કેટલાંકમાં જાહેર કલ્યાણ ખાતાં, તેનો અમલ કેટલાક વિવિધ સ્થાનિક વહીવટના એકમો ઉપર આધાર રાખતો હતો.

**9.6.1 : લશ્કર**

નંદ રાજાઓ પાસે મજબૂત લશ્કર હતું અને એ રસપ્રદ છે કે નંદને હરાવવા જે લશ્કર કૌટિલ્ય અને ચંદ્રગુપ્ત કર્યું તેના સિપાઈઓ ભાડૂતી હતા. ગ્રીક અને ભારતના સાહિત્યના પુરાવાઓ એનો નિર્દેશ કરે છે, પછીથી ચંદ્રગુપ્તનું લશ્કરનું કદ અને તંત્ર ઘણું મોટું થયું. દાત. પ્લીનીના અહેવાલ પ્રમાણે તેમાં 9,000 હાથીઓ, 30,000 અશ્વો, અને 6,000 પાયદળ હતા. પ્લટાર્કનો અહેવાલ 6,000 હાથીઓ, 80,000 ઘોડાઓ, 20,000 પાયદળો અને 8,000 યુદ્ધ માટેના રથો હતા. જો કે આ અહેવાલ અતિશયોક્તિ ભરેલો હોઈ શકે પણ સેલ્યુક્સની પીછેહઠ, અર્થશાસ્ત્રમાં લશ્કરી વહીવટનો વર્ણનાત્મક અહેવાલ અને અશોકના સમયનું પ્રચંડ કલિંગ યુદ્ધ બતાવે છે કે મૌર્યોના આશ્રયે લશ્કરનું વ્યવસ્થા તંત્ર બરાબર ગોઠવાયેલું અને વિશાળ હતું . મેગેસ્થિનીસ પ્રમાણે લશ્કરની શાખાઓમાં નીચે પ્રમાણેનો સમાવેશ થતો હતો :

- પાયદળ
- અશ્વદળ
- હાથીઓ
- રથો
- વાહન વ્યવહાર (એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવા માટે)
- વહાણના કાફલાનો ઉપરી (નૌકાદળનો ઉપરી)

દરેક શાખાની પાંચ સભ્યોની સમિતિ દ્વારા સંભાળ લેવાતી. કૌટિલ્ય ચતુરંગ બલ (અર્થાતુ પાયદળ, અશ્વદળ, રથ અને હાથી) નો લશ્કરનાં મુખ્ય અંગો તરીકે ઉલ્લેખ કર્યો છે .

**9.6.2 : ન્યાય વ્યવસ્થા :**

રાજા સામ્રાજ્યમાં ન્યાયની સુંદર વ્યવસ્થા ગોઠવતો. પ્રજાને સાચો ન્યાય મળે તે માટે વિવિધ કાયદાઓ પસાર કરવામાં આવ્યા હતા. રાજા સર્વોચ્ચ ન્યાયાધીશ હતો, છતાં તેમાં સહાય માટે ન્યાયાધિશોની નિમણૂક કરવામાં આવતી. પ્રાંત અને તાલુકાઓમાં ન્યાયનું કાર્ય કરનાર અધિકારીઓ હતા. ન્યાય કાયદા અનુસાર અપાતો. ફોજદારી ગુના માટે આકરી સજાઓ હતી.

વહીવટીતંત્રનું મુખ્ય ધ્યેય પ્રજાની સુખસગવડ વધારનારું અને તેમનું કલ્યાણ કરનારું હોવું જોઈએ એ મુખ્ય વાત ચંદ્રગુપ્ત પોતે રાજ્યનો સર્વસત્તાધીશ રાજા હોવા છતાં ભૂલ્યો ન હતો. આપણે ઉપર જોઈ ગયા તે પ્રમાણે કાયદો, વ્યવસ્થા અને પ્રજાની જાહેર સલામતી અને સુખસગવડ માટે ચંદ્રગુપ્ત મૌર્ય સામ્રાજ્યના વિભાગો પાડી તે દરેક વિભાગના વહીવટ માટે વિચારપૂર્વકની વ્યવસ્થા ગોઠવી હતી. તેની આ વહીવટી વ્યવસ્થા તેની વહીવટી કુશળતા પુરવાર કરે છે. આમ તે એક ઉત્તમ વહીવટકાર પણ હતો. ચંદ્રગુપ્ત પછીના મૌર્ય રાજાઓ પણ તેમના વહીવટીતંત્ર માટે ચંદ્રગુપ્તને અનુસર્યા હતા.

**9.6.3 : પ્રાદેશિક અને સ્થાનિક એકમોનો વહીવટ**

આપણે જાણીએ છીએ કે મૌર્ય રાજયમાં બધી સતા રાજાને આપેલી હતી.અને રાજયના હાર્દ સમા પ્રદેશનું લક્ષણ કેન્દ્રની ઉચ્ચ કક્ષાની વહીવટી પદ્ધતિ હતા પણ સાથે સાથે મોટા વિશાળ સામ્રાજય માટે કોઈ વહીવટી અંકુશ અસરકારક ન નીવડે તો તેણે કેટલીક વહીવટી પદ્ધતિઓ પ્રાદેશિક અને સ્થાનિક કક્ષાએ ઉભી કરી હતી. આમ મગધ રાજયએ તેના પ્રાદેશિક વિસ્તાર પ્રાતીયને સ્થાનિક કક્ષાએ વહીવટ પર અંકુશ સ્થાપ્યો હતો.

**9.6.4 : પ્રાંતીય વહીવટ**

પ્રાંતીય વહીવટનો વડો કુમાર( રાજકુમાર) હતો અને તે રાજા પ્રતિનિધિ તરીકે પ્રાંતનો વહીવટ કરતો દા.ત. અશોક રાજા થયો  તે પૂર્વે ઉજ્જૈયિનીનો અને તક્ષિલાનો કુમાર હતો અને કુમારને મહામાત્યો અને મંત્રી પરિષદ મદદ કરતા. અશોકના શાસનમાંથી આપણને ચાર પ્રાંતીય રાજધાનીના નામ મળે છે. તોસલી (પૂર્વમાં) , ઉજ્જૈન (પશ્ચિમમાં), સુવર્ણગીરી (દક્ષિણમાં) અને તક્ષશિલા (ઉત્તરમાં) પ્રાંતની અંદરના કેટલાક પ્રદેશના સુબાઓ વહીવટ કરતા. તેઓ તે પ્રદેશ ના રાજકર્તાઓ હતા. મંત્રી-પરિષદ પ્રાંતીય કક્ષાએ કુમાર ઉપર અંકુશ રાખતી. તે ઉપરાંત તેઓને રાજા સાથે સીધાં સંપર્ક હતા.

જયેષ્ઠ અમલદારોમાં મહાપાત્રો હતા. અર્થશાસ્ત્ર તેમને મંત્રીઓ તરીકે બતાવે છે જેમાં અશોકના શાસનમાં તેમને ધમ્મ મહાપાત્રો જેઓ ધર્મવિષયક ધ્યાન રાખતા. તેમની નિમણુંક એમ લાગે કે રાજા તેમ જ કુમાર બને કરતા બીજી કક્ષા જયેષ્ઠ અમલદારની તે અમાત્યોની હતી. આ કક્ષાને ખાસ સત્તા આપવામાં આવતી તેમની મનમાની વર્તણુકને કારણે તક્ષશિલાના લોકોએ બિંદુસાર અને અશોકના રાજયકાળ દરમિયાન બળવા પોકાર્યો હતો.

**9.6.5 :જિલ્લા અને ગ્રામ કક્ષાએ વહીવટ**

વહીવટી એકમો જિલ્લા કક્ષાએ ગોઠવેલા જૂથનો સમાવેશ કરે છે. તેના સંખ્યાબંધ ગામડાઓનો સમાવેશ  કરે છે અને તે જ સમયે દરેક ગામડાને પોતાના વહીવટી એકમ હતા.

આ સમય દરમિયાન જિલ્લા કક્ષાએ અમલદારોની યાદીમાં પ્રદેષ્ટ, રાજુક અને યુક્તતા સમગ્ર જિલ્લાનો અધિકારી હતો. તેનાં કાર્યોનો નીચે પ્રમાણે સમાવેશ થતો

- જમીનની માપણી અને તેની આકારણી.
- પર્યટન અને તપાસ.
- મહેસૂલ એકત્ર કરવું.
- કાયદો અને વ્યવસ્થાની જાળવણી વગેરે.

કયારેક રાજા આ અમલદારોના સીધા સંપર્કમાં રહેતા. દા.ત. અશોકના ચોથા સ્તંભ શાસનમાં રાજકોને લોકોના કલ્યાણ તેની કેટલીક સૂચનાના પાલન માટે સ્વતંત્ર સત્તા આપે છે. આ ઉપરાંત તેઓને બીજી કેટલીક સતાઓ આપે છે જે તેઓને આ પહેલા ન હતી. યુકત તે ઉતરતા દરજ્જાનો અમલદાર હતો તે બીજા બે અમલદારોને મદદ કરતો. દરેક કક્ષાના અમલદારો ઉપર અંકુશ અને સત્તાની સમતુલા રહેતી.

અશોકના શાસનો ગ્રામ્ય કક્ષાના વહીવટ ઉપર વધુ પ્રકાશ ફેકતાં નથી. પરંતું અર્થશાસ્ત્રમાં આ એકમના વહીવટના ઉલ્લેખો છે. એમ જણાય છે કે આ કક્ષાના અમલદારો માટે સ્થાનિક

લોકો હતા જેમની નીમણુક ગ્રામ્યજનો કરતા અને તેમને મદદ પણ કરતા. આવા અમલદારો માટે ગ્રામિક સંજ્ઞા બતાવેલી છે. આ કક્ષાનું માળખું સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે બદલાતું રહેતું પણ ગોપ અને સ્થાનિક આ બે પ્રકારના અમલદારો જિલ્લા અને ગ્રામ્ય - કક્ષા વચ્ચેના વહીવટી એકમોમાં મધ્યસ્થી તરીકે વર્તતા તેમના કાર્યોમાં નીચે પ્રમાણે સમાવેશ થતો.

- ગ્રામ્ય સરહદની હદ નક્કી કરવી.
- વિવિધ કાર્યો માટે વપરાયેલી જમીનની નોંધ રાખવી.
- લોકોની આવક અને ખર્ચની નોંધ રાખવી.
- કર, મહેસુલ અને દંડ વગેરેની નોંધ રાખવી.

**9.6.6 : શહેરનો વહીવટ :**

મેગેસ્થિનીસે પાલિબોથ્રા (પાટલીપુત્ર) ના વહીવટનું તાર્દેશ વર્ણન આપેલું છે. શહેરના વહીવટ માટે છ પેટા સમિતિઓ હતી અને દરેક સમિતિમાં પાંચ સભ્યો હતા.

1. પહેલી સમિતિ ઉદ્યોગ અને હુન્નરોનુ ધ્યાન રાખતી. તેના કાર્યપ્રદેશ આવા કેન્દ્રોનું નિરીક્ષણ કરવાનું, સગવડ આપવાનું, રક્ષણ આપવું વગેરે નો સમાવેશ થતો હતો.
2. બીજી સમિતિ વિદેશીઓનું ધ્યાન રાખતી તેના કાર્યપ્રદેશમાં તેમના ખોરાક,રહેઠાણ અને સગવડ, રક્ષણ વગેરેની વ્યવસ્થા કરવામાં આવતી.
3. ત્રીજી સમિતિનું કાર્ય જન્મ અને મરણની નોંધ કરવાનું હતું.
4. ચોથી સમિતિ વેપાર અને વાણિજયનું સંભાળ રાખતી તે સમિતિ તોલમાપની તપાસણી, બજારને વશમાં રાખવા વગેરે કામગીરી બજાવતી.
5. પાંચમી સમિતિ તૈયાર થયેલા માલની દેખભાળ કરતી, તેના વેચાણ માટેની ગોઠવણ અને નવા અને જુના માલને જુદા પાડવાનું ધ્યાન રાખતી. વેચાયેલા માલ ઉપરનો કર એકત્ર કરતી જેનો દર 1 હતો. વધારે રસપ્રદ બાબત એ છે કે શહેરના વહીવટની યોજના અર્થશાસ્ત્રે સારી રીતે બતાવેલી છે છતાં પણ આવી સમિતિનો તેમાં ઉલ્લેખ નથી. છતાં પણ મેગેસ્થિનીસે જે કાર્યો બતાવ્યાં છે તે તમામ આપણે આ ગ્રંથમાં જોઈ શકીએ છીએ.

**તમારી પ્રગતિ ચકાસો**

**(ક) ટૂંકા પ્રશ્નો**

1. ચાણકય ના અન્ય નામો જણાવો.
2. મૌર્ય વહીવટતંત્રમાં ફોજદારી તથા દીવાની ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશને શું કહેવામાં આવતા હતા ?
3. સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય ના મુખ્ય સલાહકાર તથા ગુરુ કોણ હતા?

૪.મૌર્ય વહીવટતંત્ર વિશેની વિસ્તૃત માહિતી કયા ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે ?

૫.અર્થશાસ્ત્રમાં કેટલા અધિકરણો અને શ્લોકો આવેલા છે ?

6.મૌર્ય વહીવટીતંત્રમાં રાજકીય કોષ (ખજાના) ના મુખ્ય અધિકારીને શું કહેવામાં આવતો હતો ?

7.મૌર્ય વહીવટતંત્રમાં અંગરક્ષકોના પ્રધાનને શું કહેવામાં આવતો હતો ?

8.મૌર્ય વહીવટતંત્રમાં કૃષિ વિભાગના અધ્યક્ષને શું  કહેવામાં આવતો હતો?

9.મૌર્ય વહીવટતંત્રમાં ટંકશાળના અધ્યક્ષને ક્યાં નામથી ઓળખવામાં આવતો હતો ?

10.મૌર્ય વહીવટતંત્રમાં  ચલણ તરીકે કયો સિકકો વપરાતો હતો ?

11. મૌર્ય વહીવટતંત્રમાં  કોઈપણ વિભાગના સર્વોચ્ચ વડાને વેતન પેટે કેટલી રકમ આપવામાં આવતી હતી ?

12.મૌર્ય વહીવટતંત્રમાં  માપ-તોલ પર નિયંત્રણ રાખનાર અધિકારીને શું કહેવામાં આવતો હતો ?

13.મૌર્ય વહીવટતંત્રમાં વનોની ઉપજ ઉપર નિયંત્રણ રાખનાર અધિકારી શું કહેવાતો હતો ?

14.મૌર્ય વહીવટીતંત્રમાં સ્થાનિય' નામના કેટલા એકમમાં,સમાવેશ થતો હતો ?

15.મૌર્ય વહીવટીતંત્રમાં ચારસો (૪૦૦) ગામોના સમૂહને શું કહેવામાં આવતું હતું ?

16.મૌર્ય વહીવટીતંત્રમાં 'ખર્વટિક' નામના એકમમાં કેટલાં ગામોને સમાવેશ થતો હતો ?

17. મૌર્ય વહીવટીતંત્રમાં 'પૌર' નામના અધિકારીનું શું કાર્ય રહેતું હતું ?

18. મૌર્ય વહીવટીતંત્રમાં ધાર્મિક અનુષ્ઠાનોનો મંત્રી કોણ હતો ?

19. મૌર્ય વહીવટીતંત્રમાં ક્યાં વિભાગમાં રાજ્યના અન્ય વિભાગોના રેકોર્ડ અથવા તો નોંધ રાખવામાં આવતી હતી ?

20. મૌર્ય વહીવટીતંત્રમાં વેપાર સંબંધિત કરોને ઉઘરાવવાનું કાર્ય કોણ કરતું હતું ?

21. મૌર્ય વહીવટીતંત્રમાં કારખાના તથા ખાણોની કામગીરી ઉપર ધ્યાન રાખનાર અધિકારી કોણ હતો ?

22.મૌર્ય વહીવટીતંત્રમાં રાજમહેલ તથા તેની સાથે સંબંધિત કાર્યોનો મંત્રી દ્વારિક કોણ હતો ?

23. મૌર્ય વહીવટીતંત્રમાં શાસન વ્યવસ્થામાં સૌથી નાનું એકમ કર્યું હતું ?

24. મૌર્ય વહીવટીતંત્રમાં સિક્કાઓના પરીક્ષણનું કાર્ય કરનાર અધિકારીને શું કહેવામાં આવતો હતો ?

**(ખ) સવિસ્તાર પ્રશ્નો** :

1. મૌર્ય વહીવટીતંત્રનાં મુખ્ય લક્ષણો જણાવી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
2. મૌર્ય વહીવટીતંત્રનાં મુખ્ય લક્ષણો જણાવી તેનું સ્વરૂપ સ્પષ્ટ કરો.
3. મૌર્ય વહીવટીતંત્રની રૂપરેખા આપો.
4. મૌર્ય વહીવટીતંત્રનાં મુખ્ય પાસાંઓ ઉપર ચર્ચા કરો.
5. મૌર્ય વહીવટીતંત્ર ઉપર વિસ્તૃત નોંધ લખો.

| | |
|---|---|
| મૌર્ય સામ્રાજ્ય 322 બીસીઇ -180 બીસીઇ | |
|  | |
| મૌર્ય સામ્રાજ્યની મહત્તમ હદ, જેમ કે ઘણા આધુનિક નકશામાં બતાવ્યા પ્રમાણે | |
| મૂડી | પાટલીપુત્ર (હાલના પટણા , બિહાર ) |
| ભાષાઓ | માગધી પ્રાકૃત |
| ધર્મ | હિંદુ ધર્મ બૌદ્ધવાદ જૈનિઝમ |
| સરકાર | ચાણક્યના અર્થશાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે સંપૂર્ણ રાજાશાહી |
| સમ્રાટ | |
| 322-298 બીસીઇ | ચંદ્રગુપ્ત |
| 298-272 બીસીઇ | બિંદુસર |
| 268-232 બીસીઇ | અશોક |
| 232-224 બીસીઇ | દશરથ |
| 224-215 બીસીઇ | સંમ્પારી |
| 215-202 બીસીઇ | શાલિશુકા |
| 202-195 બીસીઇ | દેવવર્મન |
| 195-187 બીસીઇ | શતાધવન |
| 187-180 બીસીઇ | બૃહદથ |
| ઐતિહાસિક યુગ | પ્રાચીનકાળમાં |
| સ્થાપના | 322 બીસીઇ |
| વિસ્થાપિત | 180 બીસીઇ |
| વિસ્તાર | |
| 250 બીસીઇ | 5,000,000 કિમી 2 (1,900,000 ચો માઈલ) |
| ચલણ | પનાસ |
| દ્વારા અનુસરાય | દ્વારા સફળ |
| નંદ સામ્રાજ્ય | શુગા સામ્રાજ્ય |

| | |
|---|---|
| મહાજનપદા | સતવાહન રાજવંશ |
| મગધ | મહેમઘાવહાના રાજવંશ |
| મેસેડોનિયન સામ્રાજ્ય | ઈન્ડો-સિથિયનો |
| સેલ્યુસિડ એમ્પાયર | |
| પૌરોવો | |
| ટેક્સિલા | |

## 9.7 સારાંશ

મૌર્યોનું વહીવટીતંત્ર કેન્દ્રિય કક્ષાએ ઉચ્ચકોટિનું વ્યવસ્થિત તંત્ર હતું. બધી સત્તાઓ રાજા પાસે હોવા છતાં મંત્રી પરિષદ જુદી જુદી બાબતોમાં રાજાને મદદ કરતી. જુદા જુદા અમલદારોની સત્તા અને કાર્યપ્રદેશ સ્પષ્ટ કરેલાં હતાં. અર્થશાસ્ત્ર તેમની લાયકાત પણ બતાવે છે. અશોકના સમયનું અદ્વિતીય લક્ષણ તે રાજાનો પ્રજા પ્રત્યે પિતાતુલ્ય વહેવાર હતો અને વિવિધ પ્રકારનાં જાહેર કામો રાજ્ય દ્વારા હાથમાં લેવાતાં. રાજ્ય માત્ર કૃષિશેષ પેદાશ ઉપર ધ્યાન આપવાને બદલે તે શેષને વિનિયોગ કરવાની સફળ તરકીબો પણ વ્યવસ્થિત કરી હતી. પ્રાંતીય, શહેર કે ગ્રામ્ય કક્ષાએ વહીવટી એકમ પણ આ યોજનાનો એક ભાગ હતું. કરપદ્ધતિ ખૂબ વ્યવસ્થિત હતી પરંતુ રાજ્ય પોતાની આવકનો મોટો ભાગ લશ્કર અને જુદા જુદા અમલદારોના પગાર પાછળ ખર્ચતું . જો કે મૌર્યોએ પોતાની વહીવટી પદ્ધતિ વધારે જૂની વહીવટી પદ્ધતિને આધારે ગોઠવી હતી છતાં તેઓએ સામ્રાજ્યને મજબૂત કરવા માટેના કેટલાક નવા વ્યવહારિક તત્વો ચોક્કસપણે દાખલ કર્યા હતા.

## 9.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

### (ક) ટૂંકા પ્રશ્નો

જવાબ:૧ ચાણકયનું મૂળનામ 'વિષ્ણુ ગુપ્ત' હતું તથા તેઓ કૂટનીતિના પ્રખર જાણકાર રાજનીતિશાસ્ત્રના વિદ્વાન હોવાથી ' કૌટિલ્ય' ના નામે પણ પ્રસિદ્ધ હતા.

જવાબ :૨ મૌર્ય વહીવટતંત્રમાં ફોજદારી તથા દીવાની ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશને પ્રદષ્ટા તથા દીવાની ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશને વ્યવહારિક કહેવામાં આવતા હતા.

જવાબ :3 સમ્રાટ ચંદ્રગુપ્ત મૌર્ય ના મુખ્ય સલાહકાર તથા ગુરુ ' ચાણકય' હતા.

જવાબ :૪ મૌર્ય વહીવટતંત્ર વિશેની વિસ્તૃત માહિતી 'કૌટીલ્ય'ના અર્થશાસ્ત્ર માથી પ્રાપ્ત થાય છે.

જવાબ :૫ કૌટીલ્યના અર્થશાસ્ત્રમાં ૧૫ અધિકરણો એટલે પ્રકરણો આવેલા છે,તથા તેમાં કુલ મળીને 6000 શ્લોકો આવેલા છે.

જવાબ :૬મૌર્ય વહીવટીતંત્રમાં રાજકોશી કોષ કે ખજાના ના મુખ્ય અધિકારીને સન્નિધાતા કહેવામાં આવતો હતો.

જવાબ :૭ મૌર્ય વહીવટતંત્રમાં અંગરક્ષકોના પ્રધાનને આંતવર્શિક કહેવામાં આવતો હતો.

જવાબ :૮ મૌર્ય વહીવટતંત્રમાં કૃષિ વિભાગના અધ્યક્ષને સીતાધ્યક્ષ તરીકે ઓળખવામાં આવતો હતો.

જવાબ :૯મૌર્ય વહીવટતંત્રમાં ટંકશાળના અધ્યક્ષને લક્ષણાધ્યક્ષ તરીકે ઓળખવામાં આવતો હતો.

જવાબ :૧૦ મૌર્ય વહીવટતંત્રમાં ચલણ તરીકે 'પણ' નામનો સિકકો વપરાતો હતો.

જવાબ :૧૧ મૌર્ય વહીવટતંત્રમાં કોઈપણ વિભાગના સર્વોચ્ચ વડાને વેતન પેટે 48,000 પણ વાર્ષિક જેટલી રકમ આપવામાં આવતી હતી.

જવાબ : ૧૨ મૌર્ય વહીવટતંત્રમાં માપ-તોલ પર નિયંત્રણ રાખનાર અધિકારીને પોતવાધ્યક્ષ કહેવામાં આવતો હતો.

જવાબ : મૌર્ય વહીવટતંત્રમાં વનોની ઉપજ ઉપર નિયંત્રણ રાખનાર અધિકારી કુપ્યાધ્યક્ષ તરીકે ઓળખાતો હતો.

જવાબ :૧૪ મૌર્યવહીવટીતંત્રમાં 'સ્થાનિય' નામના એકમમાં 800 (આઠસો) ગામડાઓનો સમાવેશ થતો હતો.

જવાબ :૧૫ મૌર્ય વહીવટીતંત્રમાં ચારસો (400) ગામોના સમૂહને 'દ્રોણમુખ કહેવામાં આવતું હતું.

જવાબ : ૧૬ મૌર્ય વહીવટીતંત્રમાં 'ખાર્વટિક' નામના એકમમાં 200 (બસો) ગામોનો સમાવેશ થતો હતો.

જવાબ :૧૭ મૌર્ય વહીવટીતંત્રમાં 'પૌર' નામના અધિકારીએ નગર રક્ષણનું કાર્ય કરી કોટવાળ જેવી કામગીરી સંભાળવાની રહેતી હતી.

જવાબ :૧૮ મૌર્ય વહીવટીતંત્રમાં ધાર્મિક અનુષ્ઠાનોનો મંત્રી 'પુરોહિત' હતો.

જવાબ :૧૯ મૌર્ય વહીવટીતંત્રમાં અદ્વૈપટલ' નામનો વિભાગ રાજ્યના અન્ય વિભાગોની રેકોર્ડ અથવા તો નોંધ રાખવામાં આવતી.

જવાબ :૨૦ મૌર્ય વહીવટીતંત્રમાં 'શુલ્કાંધ્ય' નામનો અધિકારી વેપાર સંબંધિત કરોને ઉઘરાવવાનું કાર્ય કરતો હતો.

જવાબ :૨૧ વહીવટીતંત્રમાં કારખાનાઓ તથા ખાણોની કામગીરી ઉપર ધ્યાન રાખનાર. અધિકારી 'કમોતિક' (કર્માન્તિક) હતો.

જવાબ :૨૨ મૌર્ય વહીવટીતંત્રમાં રાજમહેલ તથા તેની સાથે સંબંધિત કાર્યોનો મંત્રી ' દેવારિક ' હતો.

જવાબ :૨૩ મૌર્ય વહીવટીતંત્રમાં શાસનવ્યવસ્થાનું સૌથી નાનું એકમ 'ગ્રામ' (ગામડું) હતું.

જવાબ : ૨૪ મૌર્ય વહીવટીતંત્રમાં સિક્કાઓના પરીક્ષણનું કાર્ય કરતા અધિકારીને 'રૂપદર્શક' કહેવામાં આવતો હતો.

**9.9 સંદર્ભગ્રંથો** :

૧.જયસ્વાલ કે.આર.,હિંદુ રાજ્ય વ્યવસ્થા,ગુજરાત વારનાકયુલર સોસાયટી,અમદાવાદ,૧૯૩૩.

૨.સોમપુરા કે.એફ.,હિંદુ રાજ્ય પદ્ધતિઓ નો ઈતિહાસ,યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ,૧૯૬૨.

૩.શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ ભોજે વિદ્યાભવન અમદાવાદ,૧૯૯૭.

૪.જહા,ડી.એન.મોર્યોતર ઓંર ગુપ્તકાલીન રાજ્ય વ્યવસ્થા,રાધાકૃષ્ણ પ્રકાશન નવી દિલ્હી.

| | |
|---|---|
|  |  |
| સારનાથમાં અશોક સ્તંભ. સીએ. 250 બીસીઇ. | અશોક (238 બી.સી.ઈ.) ના 6 ઠ્ઠી પિલ્લરની રચના , બ્રહ્મી , સેંડસ્ટોન, બ્રિટિશ મ્યુઝિયમમાં ટુકડો |
|  |  |
| વૈશાલી ખાતે અશોક સ્તંભ. | મૌર્ય યુગની મૂર્તિઓ |
|  |  |
|  |  |

# એકમ -10 મૌર્ય સામ્રાજયનું વિઘટન

રૂપરેખા
10.0. ઉદ્દેશો
10.1 પ્રસ્તાવના
10.2 અશોકના ઉત્તરાધિકારીઓ
10.3 વિઘટન માટેનાં બીજા રાજકીય કારણો
10.4 અશોક અને તેની નીતિઓ
10.5 આર્થિક સમસ્યાઓ
10.6 સ્થાનિક રાજયતંત્રોનો વિકાસ
10.7 મોટાં રાજયો
10.8 સ્થાનિક રાજયો
તમારી પ્રગતિ ચકાસો
10.9 સારાંશ
10.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
10.11 ચાવીરૂપ શબ્દો
10.12 સંદર્ભગ્રંથો

## 10.0 ઉદ્દેશો :

આ એકમ વાંચ્યા પછી તમે નીચેની બાબતો સમજી શકશો.

- અશોકના ઉત્તરાધિકારીઓ સામ્રાજયના પતન માટે કેટલે અંશે જવાબદાર ગણાય.
- મૌર્ય સામ્રાજયને નબળું પાડવા અન્ય રાજકીય પરિબળોનો ફાળો.
- મૌર્ય સામ્રાજયની પડતી માટે અશોકની નીતિઓ સામાન્ય રીતિ જવાબદાર ગણાવી શકાય.
- ઉત્તર અને દક્ષિણ ભારતમાં સ્થાનિક રાજબંધારણનો ઉદ્દભવ.

## 10.1 પ્રસ્તાવના :

મૌર્યોનું શાસન એ ભારતમાં મોટા સામ્રાજયના સારનો પ્રથમ અનુંભવ હતો ચંદ્રગુપ્ત મૌર્યલબિંદુસાર અને અશોક અનેક જનપદો અથવા રાજયો પર મૌર્ય સામ્રાજયની સત્તા સ્થાપવામાં સફળ રહયા હતા. અને તેઓ મોટા પ્રદેશના શાસનમાં એક નવો ખ્યાલ દાખલ કરી શકયા હતા.અશોકના મૃત્યુ સાથે મૌર્ય સમ્રાજયની સત્તા નબળી પડવા માંડી અને ઇ.સ.પૂર્વે ૧૮૦માં મૌર્ય સામ્રાજયનું પતન થયું. આમ મૌર્ય સામ્રાજયના વિઘટનમાં એક કરતાં વધારે પરિબળોએ ભાગ ભજવ્યો હતો.જેમાં મોર્ય સામ્રાજયના શાશક સમ્રાટ

અશોકનાઉતરાધિકારીઓ઼ અશોકની નીતિઓ઼મૌર્ય સામ્રાજયની આર્થિક સમસ્યાઓ તથા મૌર્ય સામ્રાજયના વહીવટી પતનની ચર્ચા કરીશું.

## 10.2 અશોકના ઉતરાધિકારીઓ :

સામાન્ય રીતે એમ મનાય છે કે ઇ.સ.પૂ.૨૩૨ માં અશોક મૃત્યુ પામ્યો જોકે઼ તેના મૃત્યું પછી લગભગ અડધા સૈકા સુધી મૌર્ય રાજયકર્તાઓએ રાજય કરવાનું ચાલુ રાખ્યુ. કેટલાક સાહિત્યગ્રંથો પુરાણોના વર્ણન મુજબ એમ કહેવાય છે કે અશોકના મૃત્યુ પછી મૌર્ય સામ્રાજય તેના પુત્રોમાં વહેંચાઇ ગયું હતું. જેમ કે કુણાલ઼઼ દશરથ઼ સાંપ્રતિ઼ સલિશુક઼ દેવવર્મન઼ સતભન્વન અને બૃહદ્રથ આમ અશોક પછી તેના સામ્રાજયના વિવિધ ભાગો ટુકડાઓ થઇ ગયા હતા. અને રાજય કર્તાઓ એક પછી એક ક્રમશ બદલાતા ગયા હતા. રાજય કર્તાઓ બદલાવાને કારણે વહીવટ ઉપરનો રાજાઓનો પ્રભાવ નબળો પડયો હતો.

શરૂઆતના ત્રણ રાજાઓ ચંદ્રગુપ્ત઼ બિંદુસાર અને અશોકે વહીવટ એવી રીતે ગોઠવ્યો હતો કે તેના ઉપર કડક નિરીક્ષણની જરૂર પડે. રાજાઓ એક પછી એક ઝડપથી બદલાવાને કારણે કોઇ પણ રાજય કર્તાને બરાબર સ્થિર થવામાં અને તેઓને કઇ પણ બાબતને વશમાં લેવામાં મુશ્કેલ બન્યું. આ સાથે સંકળાયેલ હકીકત એ છે કે વંશપરંપરાનુંગત સામ્રાજય રાજયકર્તાઓની શકિત ઉપર વિશેષ આધાર રાખે છે.આ બાબતમાં અશોકના ઉતરાધિકારીઓ નિષ્ફળ નીવડયા. તેમાંના દરેક રાજાઓ ટૂંકા સમય દરમિયાન રાજય કર્યુ તેથી તે રાજય અમલ માટે નવી નીતિઓ ઘડી શકયા નહીં અને જૂની નીતિઓને જાળવી પણ ન શકયા. આમ અશોકના મૃત્યુ પછી એકાએક વિભાજનની પ્રક્રિયા શરૂ થઇ.

## 10.3 વિઘટન માટેનાં બીજા રાજકીય કારણો :

અશોકના મૃત્યુ પછી વહીવટી તંત્રમાં જે અવ્યવસ્થા સર્જાઈ તે મૌર્ય સામ્રાજય છિન્ન ભિન્ન થવાનાં કેટલાંક કારણોમાંનુ મહત્વનું એક કારણ ગણાવી શકાય. અશોકના ઉત્તરાધ્યાયી માટે તાત્કાલિક પ્રશ્ન એ હતો કે ધમ્મની નીતિ અને તેમનું સરકારમાંનું પ્રાબલ્ય ચાલુ રાખવા કે કેમ઼ ખરી રીતે આ વહીવટી લોકસંમત પ્રથા પ્રમાણે ન હતો અને સરકારના કાર્યને સરળ રીતે સમજી શકાય તેવો ન હતો. અશોક સફળ થયો હતો કારણ તેની પાસે સમાજની આંટીઘુંટીવાળા સામાજિક પ્રશ્નો સમજવાની અનન્ય દષ્ટિ હતી અને તેણે ધમ્મના સિધ્ધાંતને ચારે બાજુએથી તેની અગત્ય સ્વીકારી હતી. તે સ્પષ્ટ થતું નથી કે અશોકના વ્યકિતગત ઉપદેશો હોવા છતાં પણ તેના ઉત્તરાધિકારીઓએ ધમ્મને તે જ પ્રકારે અગત્યતા આપી હતી કે કેમ઼ બીજું અગત્યનું સંબંધિત લક્ષણ એ છે કે ધમ્મના રાજકીય અગત્યને કારણે રાજયમાં મોટા પ્રમાણમાં અમલદારોનું અસ્તિત્વ હતું જેઓ ધમ્મ મહામતો કહેવાતા. કેટલાક ઈતિહાસકારો સુચન કરે છે કે અશોકના શાસનના ઉત્તરાર્ધમાં તેઓ વધારે શકિતશાળી અને ઝુલમી બન્યા હતા. અશોક પોતે તેના અલગ શાસનમાં જે ધવલી અને જોગડમાં મૂકેલા માટે મહામાતો માટેના શાસનમાં કહે છે઼ જુલમ સામે ખાતરી આપો અને ન્યાયી તેમ જ દયાળુ

બનો.જોકે એ બાબતમાં શંકાને સ્થાન નથી કે અશોકનો વહીવટ ઉપર સખત દાબ હતો. આ બાબત પછીના રાજાઓ માટે કહી શકાય નહીં.

આ માત્ર ધમ્મ મહામતો સાથેના સીધા સંબંધનો પ્રશ્ન નહોતો કે તેઓને ખાતરી આપવાની કે તેઓ સત્તાનો દુરુપયોગ નહીં કરેલ પણ સમગ્ર મૌર્યોની અમલદારશાહીને અંકુશમાં રાખવી તે અગત્યનું હતું . મૌર્ય શાસન પધ્ધતિ એવી હતી કે તેને શકિતશાળી રાજાની જરૂરિયાત હતી. એ એવી પધ્ધતિ હતી કે જેમાં રાજાએ રાજયનાં બધાં કાર્યોનો સીધા સંપર્કમાં રહેવું જરૂરી હતું. આ બધાં કાર્યો છેવટે જેના કેન્દ્રમાં રાજા હતો એવા સત્તાતંત્રથી ભેગા રાખવાના હતા. એક વખત રાજા જો નબળો પડે તો સ્વાભાવિક છે કે સમગ્ર વહીવટ નબળો પડે. એક વખત કેન્દ્ર નબળું પડે તો પછી બધા પ્રાંતો તુટવાની શરૂઆત થાય.

રાજયના અમલદારોને રાજા પોતે પસંદ કરતો અને તે ફકત રાજાને વફાદાર રહેતા. એક વખત નબળા રાજકર્તા આવે અને તેઓ ખુબ ટૂંકા સમય માટે રાજયનો અમલ કરે તેના પરિણામે સતત નવા અમલદારો ઊભા થતા જાય અને તેઓ પોતાની વફાદારી તે રાજા તરફ રાખે અને રાજય તરફ નહીં. વ્યકિતગત વફાદારીના નિયમનુ જોખમ એ હતું કે અમલદારો કાં તો નવા રાજાને તાકાત સાથે ટેકો આપે અથવા તેની સામે થાય. પછીના મૌર્ય રાજાઓએ કદાચ આ પરિસ્થિતિનો સતત સામનો કરવો પડતો.

હકીકતમાં સ્થાનિક રાજકર્તાઓ અને રાજકુમારોને આવા અગત્યનાં કેન્દ્રો તરીકે પ્રણાલિકાગત સત્તાને ટેકો આપવાનું સરળ જણાયું. ઉત્તરકાલીન મૌર્યોની નીચેના પ્રાંતીય સરકારો કેન્દ્રની સતાને વારંવાર પડકારતા. કોઈ એવો તર્ક પણ ન કબુલે કે મૌર્ય રાજયનો અંકુશ તૂટી પડતાં લોકપ્રિય બળવો થયો હતો. કોઈ મકકમતાથી સુચવી શકાય કે મૌર્યોના અમલદારોના તંત્રનો પાયો મોટા દબાણ હેઠળ હતો અને એ તાણને પરિણામે વહીવટ બિનકુશળ બનતાં સામાન્ય સામાજિક વ્યવસ્થા જાળવી ન શકયું.

જયારે પહેલા ત્રણ મૌર્યોના આશ્રયે જાસૂસોની અત્યંત પદ્ધતિ હતી. ભૂલ કરતા અમલદારોની માહિતી પહોંચાડવા માટે નીમવામાં આવ્યા હતા. તેઓએ કુશળતાપુર્વક કામ કર્યું હતું . પરંતુ પછીના મૌર્યોમાં તે વ્યવસ્થા તૂટી પડી. તેઓની પાસે કોઈ સાધન ન હતું કે જેથી રાજાઓ સામ્રાજયમાં જાહેર અભિપ્રાયનું માપદંડ કાઢી શકે અથવા કેન્દ્રમાં સત્તા ઉપર રહેલા નબળા રાજકર્તાઓને લીધે અનિવાર્ય રીતે આવતા લાંચ ને અંકુશમાં રાખી શકે. લશ્કરનો અંકુશ મૌર્ય રાજાઓએ ગુમાવ્યો તે બાબત કેટલાક વિધાનો તેમની પડતી માટે રાજકીય કારણ સૂચવે છે. આ બાબતમાં અશોકે લીધેલા સભાન નિર્ણય કારણભૂત છે એમ મનાય છે. તે અંગે આપણે બીજા વિભાગમાં ચર્ચા કરીશું. આ કક્ષાએ આપણે ભારપૂર્વક કહેવું જરૂરી છે કે મગધ સામ્રાજયની પડતીને આપણે સંતોષકારક રીતે સમજાવી ન શકીએ. માત્ર એટલું કહી કે ઉત્તરાધિકારીઓ નબળા હતા અથવા લશ્કર પ્રમાદી હતું. અથવા કે લોકપ્રિય બળવો હતો. આ બધાં કારણો મૂળભૂત રીતે એકબીજા સાથે સંકળાયેલાં હતાં. ખાસ કરીને મૌર્યોના રાજાશાહીના અમલદારોની સત્તાનું માળખું અને તે એક વખત ભાંગવાની શરૂઆત થાય એટલે સમગ્ર રાજકીય માળખું જોખમમાં મુકાય.

## 10.4 અશોક અને તેની નીતિઓ:

ઘણા વિદ્વાનોનો અભિપ્રાય છે કે અશોકના રાજકીય નિર્ણયો અથવા આ નિર્ણયોની અસરો મૌર્ય સામ્રાજયના છિન્ન ભિન્ન માટે જવાબદાર હતા. સામન્ય રીતે તેમની દલીલો અશોકની ધાર્મિક નિતિની ખામીઓ પર કેન્દ્રિત હોય છે. આ દલીલોને બે બાજુ છે

1.કેટલાક વિદ્ધવાનો માને છે કે છેલ્લા મૌર્ય સમ્રાટનો વધ કરનાર પુષ્પમિત્ર શુંગ એ અશોકની બૌધ્ધ-તરફી અને તેના ઉત્તરાધિકારીઓની જૈન-તરફી નીતિ સામેની બ્રાહમણોની સખત પ્રતિક્રિયાનું પ્રતિનિધિત્વ કરે છે. ઉપરાંત દખ્ખણમાં જે સાતવાહનો સત્તા પર આવ્યા તે પણ બ્રાહમણ હતા. આ વિદ્ધવાનો અશોકે કરેલાં કૃત્યોની શ્રેણીબધ વિગતો ટાંકે છે જેમને કારણે બ્રાહમણો નારાજ થયા હતા. દા.ત. પશુયજ્ઞો પર પ્રતિબંધ સામે ખાસો અણગમો હતો કારણ કે આ પગલું એક શુદ્ર રાજાએ લીધું(પુરાણોમાં મૌર્યને શુદ્રો ગણવામાં આવ્યા છે.)તેઓ જણાવે છે કે ધમ્મ માટે અશોકે ધમ્મમહામત અમલદારોની નિમણૂક કરી જેથી બ્રાહમણોની પ્રતિષ્ઠા નાશ પામી. આ અમલદારો એ બ્રાહમણોની પ્રણાલિગત કાયદા પ્રમાણેની શિક્ષાઓ અને સ્મૃતિગ્રંથ પ્રમાણેના નિષેધો નામંજૂર કર્યા હતા.

જોકે ઉપરની દલીલોને સમર્થન કરતા કોઈ સીધા પુરાવાઓ નથી. આ બધાં સ્થૂળ અનુમાનો છે અને તેમને પડકારી પણ શકાય. દા.ત. અશોકના શિલાલેખોમાં સ્પષ્ટ કહેલું છે કે ધમ્મમહામતોએ બ્રાહમણ અને શ્રવણોને સરખી રીતે માન આપવું. પણ શકય છે કે આ અમલદારો પછીનાં વર્ષોમાં લોકોમાં અપ્રિય થઈ પડયા હોય. બોદ્ધ પુરાવાઓમાં વાર્તાના આધારે અનુમાન કરી શકાય. જેમ કે અમલદારો જેઓ ધમ્મ માટે મુકાયેલા હતા તેઓને નિઃસંદેહ રીતે ખાસ સત્તા અને રાજાની પરવાનગી આપવામા આવી હતી અને તેથી લોકો તેમનાથી ગભરાતા હતા. એક વખત તેઓએ સખત કાબુ રાખવા માંડયો. તેથી અશોકનો લોકો સાથેનો સંપર્ક અટકી ગયો હોય. પણ તેનો અર્થ એવો ન થાય કે આ અમલદારો ખાસ કરીને બ્રાહમ્રણો દુશ્મનો  હતા. એમ દલીલ થઈ શકે કે અશોકની નીતિને કારણે બ્રાહ્મણોના હિતને નુકશાન થયું હતું અને બ્રાહ્મણ સરદાર પુષ્યમિત્રે બળવો કર્યો તે પણ સ્વીકારી શકાય. તેનું સીધેસીધું કારણ એ જ કે અશોકની નીતિ એટલી હદે નુકસાનકારક હોત તો તેના મૃત્યુ પછી તરત જ બળવો થયો હોત. અશોક અથવા તેના ઉત્તરાધિકારીઓએ જાણે બ્રાહ્મણ વિરોધી નીતિને અપનાવી એમ જોવા કરતાં રાજાની સતાનું નબળાપણું જાણીને બરાબર મોકો જોઈને કરેલ કપટવધ એવું પુષ્યમિત્રના કૃત્યનું મૂલ્યાંકન કરવું જોઈએ.

2.વિદ્વાનોનું બીજું જૂથ માને છે કે મૌર્યોની પડતી માટે અશોકની ઠંડી નીતિ પર ખાસ ભાર આપવો જોઈએ. તેઓ માને છે કે સામ્રાજયની શકિતને નબળી પાડવામાં એ જવાબદાર હતી. આ સમજૂતી અશોકની અહિંસાની નીતિ પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. આ નીતિની અસર એટલે પ્રાંતોના જુલમ હતા જેના પર નિયંત્રણ જરૂરી હતું દિવ્યાવદાનમાંથી બૌદ્ધ કથાઓમાંથી ઉદાહરણો ટાંકી આ દલીલ કહે છે કે રાજયો ગ્રીક આક્રમણ સામે ટકી શકયા નહીં. રાજાને પક્ષે અહિંસાનો અર્થ એમ થાય કે પ્રાંતોમાં પણ બળવાઓ થતા હતા.

ઉપર આપેલ અશોકનુ ચિત્ર સત્યથી વેગળુ છે. જેમ અશોકના શાસન દરમિયાન બ્રાહ્મણ વિરોધી પ્રવૃતિને મોર્યના પતન માટે જવાબદાર સિધ્ધાંતને આપણે કાઢી નાખ્યો તે પ્રમાણે

અશોક વધુ પડતો શાંતિપ્રિયલ શકિત અને નિશ્ચય વગરનો હોવાની છાપ પણ કાઢી નાંખવી જોઈએ. એ સત્ય છે કે અશોક અહિંસાને ધમ્મ માટે આવશ્યક માનતો. જોકે એ અંગે કોઈ છેડાની પરિસ્થિતિ ન હતી. ખોરાક અને યજ્ઞ માટે પશુઓને મારવાનો અણગમો રાજનીતિ છે. ખોરાક માટે નાના પાયે પશુઓ મારવાનું ચાલુ રાખવાની નીતિ વિરોધી ન હતી. વળી રાજયમાં અને અપરાધીઓના ન્યાયમાં પણ દેહાતદંડની સજાને નાબુદ કરી શકાય પણ તેમ થયું ન હતું. વધારામાં આપણી પાસે લશ્કરને વિખેરી નાખ્યાના કોઈ પુરાવા નથી. તેમ જ એક સુચન પણ શિલાલેખોમાં આવી નીતિના ઈરાદા વિશે નથી. માત્ર એક પુરાવો કલિંગની સામે લડાઈનો હતો. તે નિર્દયતાભર્યા પરાજયમાં પાછળથી પરિણમ્યો. જો અશોક શાંતિમાં માનનારો હોત તો કલિંગની સ્થાપના ફરીથી કરી હોત પરંતુ વ્યવહારુ રાજકર્તા તરીકે તેણે તેના ઉપર મગધની સર્વોપરી સત્તા જાળવી રાખી. આ ઉપરાંત પણ બીજા ઘણાં લક્ષણો અશોકના સામ્રાજયના લોકો ઉપરના દાબના પ્રમાણે ખાસ કરીને ટોળીઓને તેની ચેતવણીના મળી આવે છે. તેણે ઘણી સ્પષ્ટતા કરી છે કે તેના સામ્રાજયમાં રહેતી ટોળીઓનો દુર્વ્યવહાર અમુક હદ સુધી ચલાવી લેવાશે અને તે પછી ચલાવી લેવાશે નહીં. આ બધાં પગલાં અશોકે લીધાં હતા કે જેથી સામ્રાજયને સુરક્ષિત રાખી શકાય.

આ પ્રમાણે સમાપનમાં કહી શકાય કે અહિંસાની નીતિએ કોઈ પણ રીતે મૌર્ય સામ્રાજયના વહીવટી તંત્ર અને લશ્કરને નબળું પાડયું ન હતું. પુષ્યમિત્ર પણ છેવટે મૌર્યના લશ્કરનો સરદાર હતો. અશોક પછી છેક અડધી સદી બાદ પણ એણે ગ્રીકોને મધ્ય પ્રદેશમાં પ્રવેશતા અટકાવ્યા હતા. રોમીલા થાપર પ્રમાણે સમાધાનકારી એવી સમગ્ર પેઢી પણ સામ્રાજયને નબળું ન કરી શકે અને વિઘટન તરફ ન લઈ જઈ શકે. સામ્રાજયનાં ઉદ્ભવ અને વિનાશ માટે યુદ્ધો અને પ્રદેશોની પ્રાપ્તિ એકલાં જવાબદાર નથી. સાથોસાથ બીજી દિશામાં પણ કારણો શોધવાં જોઈએ.

## 10.5 આર્થિક સમસ્યાઓ :

ડી.ડી.કોસામ્બી મૌર્યોને સામનો કરવા પડેલા આર્થિક પ્રશ્નોના ઉપર ભાર મુકે છે. મૌર્ય સામ્રાજયની પડતી માટે આ કારણોનો ઘણો ફાળો છે. તેમની દલીલો બે બાબતોની આસપાસ વીંટળાયેલી છે. મૌર્યોનો આંતરિક વહીવટ આર્થિક દબાણ હેઠળ હોવાનુ બતાવે છે.

1.રાજયને કર વધારવા માટે જુદી જુદી વસ્તુઓ ઉપર વધારે પગલાં લીધાં અને

૨. આ સમયની આહત મુદ્રાઓ ચલણી નાણાંની ભેળસેળના પુરાવા બતાવ્યા છે.

આ બીજી દલીલ આ સમયના આહતમુદ્રાના આંકડાકીય પૃથ્થકરણના ઉપર આધારિત છે.

કૌસામ્બીના કેટલાક વિચારો તે મગધ સામ્રાજયમાં મોટા ફેરફારો માટે અને અંતે પતન માટે જવાબદાર છે એમ સામાન્ય રીતે સ્વીકારાયા છે. તે મત નીચે મુજબ છે

૧.એમ સુચવાયું છે કે રાજયે ધાતુ ઉપરની એકહથ્થુ સત્તા ધીરે ધીરે ગુમાવી હતી. લોખંડની માંગ ખેતીવિષયક અર્થવ્યવસ્થા માટે કસોટી કરે તેવી હતી અને તે મગધ એકલાથી લાંબો વખત થઈ શકે તેમ ન હતું. ટુંકમાં દખ્ખણમાં નવાં સ્થળો શોધવાલ વિકસાવવાના પ્રયત્નો થયા હતા. જોકે આવા કાચા લોખંડના પોલાણો આંધ્ર અને કર્ણાટકમાં મળી આવ્યાં હતાં. આ

પોલાણમાંથી લોખંડ કાઢવાનુ કાર્ય મગધ રાજયને વધારે ખર્ચાળ લાગ્યું . આ સંબંધમાં તેમને સામનો કરવા પડેલા ઘણા પ્રશ્નોમાની ખાણના પ્રદેશના રક્ષણનો સ્થાનિક સરદારોના પગપેસારાનો પ્રશ્ન પણ હતો.

ર.બીજો મુદ્દો છે ખેતીનો ફેલાવો લ જંગલના લાકડાનો મોટા પાયે ઉપયોગ અને જંગલોના નાશને કારણે પુર અને દુકાળ શરૂ થયાં તે .મૌર્ય સમયમાં ઉત્તર બંગાળમાં ભયંકર દુકાળનો પુરાવો છે .આ પ્રમાણે ઘણાં કારણો એકબીજા સાથે સંકળાયેલા કે જેનાથી રાજયની મહેસૂલની આવક સખત રીતે નીચી ગઈ. દુકાળના સમયમાં રાજય પાસે ઘણા પ્રમાણમાં મદદ પહોંચાડવાની આશા રખાતી.

કેન્દ્રિય વહીવટી પદ્ધતિમાં પરંતુ મહેસુલ નહીં હોવાને પ્રશ્ને ઘણા બીજા આકરાં વિઘ્નો ઊભા કર્યા. મહેસૂલ વધારવા અર્થશાસ્ત્ર સુચવે છે કે અભિનેતાલ વારાંગના વગેરે ઉપર કર નાંખવા જોઈએ. જેની ઉપર કર નાખી શકાય તે તમામ ઉપર કર નાંખવાલ તિજોરીએ વધારે આવકની જરૂરિયાતમાંથી આ પ્રથા ઊભી થઈ અથવા ફુગાવાને કારણે ચલણી નાણું પણ હલકું થયું હતું. અર્થશાસ્ત્રે કટોકટીના સમયે અપનાવવામાં આ પગલા આ રીતે જોવાં જોઈએ. પછીના મૌર્ય રાજયકર્તાઓની ખાલી તિજોરીની જરૂરિયાતને પહોંચવા માટે આહતમુદ્રામાં ચાંદીની માત્રા ઘટાડવામા આવી. ખર્ચાનો ભાર પણ વધવા માંડયો હતો. અશોક જાહેર કામો માટે જે રીતે ખુબ ધનરાશિ ખર્ચવા માંડી તેમાંથી એ જોઈ શકાય છે. વળી તેનો પ્રવાસ તેમ જ તેના અમલદારોનો પ્રવાસ જે કાંઈ પુરાંત જયાંથી પણ મળી શકે તેમ હતી તે વાપરવા માંડી. પ્રારંભમાં રાજયના વશમાં જે કડક પગલાં તેનાં નાણાં ઉપરના હતાં તે આ રીતે અશોકના રાજય દરમિયાન પણ બદલાવા માંડયાં.

રોમિલા થાપરે આ પ્રશ્નો ઉપર ટીકા કરી છે. તેના પ્રમાણે સિકકાઓનો ઘટાડો તે સામાન્ય અર્થવ્યવસ્થા ઉપરનું જરૂરી દબાણ હોઈ શકે નહીં છતાં એ કહેવું મુશ્કેલ છે કે ક્યાં અને કયારે નાણાં ઉપરનો ઘટાડો શરૂ થયો. તેઓ ચોખ્ખા શબ્દોમાં દલીલ કરે છે કે ભારતના ઉપદ્રીપકલ્પના ઘણાં ભાગોમાં ભૌતિક પુરાવાઓના આધારે અર્થવ્યવસ્થાનું સામાન્ય ચિત્ર સુધારો બતાવે છે. આપણે ખાસ કરીને સારા ગુણવત્તાવાળાં સાધનોના ઉપયોગમાં જોઈ શકાય છે એ તેની વિશિષ્ટ પ્રગતિ બતાવે છે. કદાચ નાણાં પદ્ધતિમાં ઘટાડો હોઈ શકે પણ રોમીલા થાપરના અભિપ્રાયે સાધનોની ગુણવત્તા ઘટવાને કારણે નહીં પણ અત્યંત રાજકીય ગૂંચવણલ ખાસ કરીને ગંગાખીણના પ્રદેશમાં આથી વેપારી વર્ગોએ નાણાંનો સંગ્રહ શરૂ કર્યો હોય અને તેથી નાણાં પદ્ધતિમાં ઘસારો જણાયો. અંતે તે કહે છે કે મૌર્ય સામ્રાજયની રાજકીય પડતીની સાથે આર્થિક સમૃધ્ધિ વધી તેમાં શંકાને સ્થાન નથી.

---

## 10.6 સ્થાનિક રાજયતંત્રોનો વિકાસ :

---

જો દેશની સાધનસામગ્રી અને ટેકનોલોજી મૌર્યોની રાજકીય પડતીથી અટકી ન હોય તો એમ કહી શકાય કે ઘણા સ્થાનિક રાજયોનો ભૌતિક પાયો મજબૂત થઈને અનુમૌર્યકાળમાં નવી તાકાત સાથે બહાર આવ્યો. મૌર્યોએ મગધને કેન્દ્રમાં રાખીને માત્ર સામ્રાજયના મુખ્ય વિશાળ પ્રદેશનો સીધો વહીવટ કર્યો. સંભવ છે કે તેના સુબાઓ-અમલદારો હાર્દ સમા પ્રદેશોનો હતા

અને તેઓ રાજાના પ્રતિનિધિઓ ઉપર દાબ રાખતા. આગળ જણાવ્યું તે પ્રમાણે આ અમલદારોની રાજકીય વફાદારી રાજાશાહી માળખું ચાલુ રહે તે માટે કડક હતી. રાજાનો ફેરફાર એટલે કે આ વફાદારીની પુનર્રચના આમ વારંવાર અશોક પછીના સમયમાં થયું છે અને મૂળભૂત નબળાઈઓ અનિવાર્ય રીતે અંદર દાખલ થતી અને આખા તંત્રને અસફળ સાબિત કરતી. અશોક પછી ગાદીએ આવનાર લગભગ અડધો ડઝન રાજાઓએ (પહેલા ત્રણ મૌર્યોએ રાજયની સંચાલનની નીતિ જે સ્વીકારી હતી તેમાં) કોઈ મૂળભૂત ફેરફાર કર્યા નહી. એમ પણ સૂચન થયું છે કે આ રાજાઓમાંના કેટલાંક કદાચ વધારે કે ઓછા સામ્રાજયોના કેટલાક ભાગો ઉપર એક સાથે રાજય કરતા આ બતાવે છે કે મૌર્યોના આશ્રયે પણ સામ્રાજયના ભાગલા પાડયા.

---

## 10.7 મોટાં રાજયો :

---

મૌર્ય સામ્રાજયના ભાગલા પાડવાને કારણે ભારતમાં વિવિધ ભાગોમાં ઘણાં રાજયો ઉભાં થયાં. મૌર્યો પછી તરત જ પુષ્યમિત્રે શુગવુશની સ્થાપના કરી. મૌર્ય સામ્રાજયનો પહેલાનો જે ભાગ હતો તેને જ માત્ર શુંગો અંકુશમાં રાખી શકયા. શુંગ કુટુંબને પશ્ચિમ માલવામાં ઉજ્જૈયિની ખાતે અથવા પૂર્વ માળવામાં વિદીશાની આસપાસનો પ્રદેશ જે મૌર્યોના આશ્રયે હતો ત્યાં સુબાગીરી હતી. શુંગે વેદની રીતો અને યજ્ઞોને ફરી સજીવન કરવા પ્રયત્ન કર્યા કારણ નવા આક્રમણકારો લ ગ્રીકો સામે સામનો કરવા માટે તે જરૂરી હતું . અને તેમના પહેલા રાજાએ ગાદી પચાવી પાડી પછી તેમની તાકાતની સ્થાપનાની જરૂર હતી. શુંગોના અલ્પકાલીન રાજય પછી કણ્વોનું રાજય આવ્યું. સમય જતાં ગમે તે રીતે ગ્રીકો ઉત્તર-પશ્ચિમ ભારતના ઘણા ભાગોમાં સફળ થયા. તેમના વહીવટનો અંત શકો જયારે સિંધુ આગળ સ્થિર થયા ત્યારે આવ્યો. પાર્થિયનો કે પહેલવીઓએ ઉત્તર-પશ્ચિમ ભારતમાં આક્રમણ કર્યું. પણ સૌથી વધુ સફળ પરદેશીઓની ઘુસણખોરી ઈ.સ.ના પહેલા સૈકાના પૂર્વાર્ધમાં કુશાન સામ્રાજયની સ્થાપના સાથે થઈ હતી.

ગંગાખીણલરાજસ્થાનલ પૂર્વ ભારત અને દખ્ખણમાં ઘણાં રાજકર્તા કુટુંબો સત્તામાં આવ્યાં એટલું ચોકકસ છે કે મૌર્યોના વખતમાં વધારેમાં વધારે ગામડાંની વસાહતો ગંગાની ખીણમાં હતી. આસામ અને બંગાળની ટેકરીઓ અને મેદાનો હજુ ખુલ્લા રહયાં હતા. તે જ પ્રમાણે દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ ભારતને મગધ સામ્રાજય સાથે સંબંધ હતો. પરંતુ મોટા પાયે જમીનવિષયક અર્થવ્યવસ્થા આ પ્રદેશો માટે બાકી હતી. મૌર્ય રાજયની પડતી પછી ઘણા સ્થાનિક રાજયકર્તાઓએ પ્રદેશો જેવા કે વિદર્ભ , પૂર્વ દખ્ખણ લ કર્ણાટક અને પશ્ચિમ મહારાષ્ટ્રમાં રાજયસત્તા ચલાવવાનું શરૂ કર્યું હતું. ધીરે ધીરે સાતવાહોનોના કુટુંબે ઘણાં સ્થાનિક કેન્દ્રોને એકત્ર કરીને દખ્ખણમાં સામ્રાજ્ય બાંધ્યુ હતું.

લગભગ આ જ સમયે પ્રારંભના સાતવાહનો જયારે પોતાને સ્થિર કરતા હતા ત્યારે કલિંગનો રાજા ખારવેલ મહાનદી પ્રદેશમાં શકિતશાળી રાજા તરીકે બહાર આવ્યો. તેના રાજયકાળ દરમિયાન લખેલા ભૂવનેશ્વર પાસેની ઉદયગિરિ ટેકરીની હાથી ગુફાની મળી આવેલ શિલાલેખમાં ખારવેલ દાવો કરે છે કે કલિંગના કુટુંબ મહામેદાનનો તે ત્રીજો રાજકર્તા હતો.

આ કુટુંબ તે પ્રાચીન ચેદી કુટુંબની શાખા હતી. એમ કહેવાય છે કે દેશના મોટા ભાગમાં જેમાં મગધ અને સાતવાહન અને પાંડવ દેશોના સમાવેશ થાય છે તેના ઉપર તેણે ઓચિંતો હલ્લો કર્યો હતો. તે જૈન ધર્મનો ઉત્સાહી અનુયાયી હતો.

છેક દક્ષિણમાં ત્રણ અગત્યના સરદારો મૌર્ય સમયથી આગળ પડતા થવા લાગ્યા હતા. ચેર એ મલાવાર પ્રદેશ ઉપર કાબુ જમાવ્યોલ ચૌલોએ દક્ષિણ-પશ્ચિમ કિનારો અને કાવેરીની ખીણ ઉપર સતા જમાવી હતી. અને પાંડુઓએ દ્વિપકલ્પના છેડાની આસપાસ તેમની સત્તા કેન્દ્રિત કરી હતી. આ સમયના સંગમગ્રંથો આ ત્રણ રાજયોમાં રાજય કરતા હતા. તે પ્રદેશોની અર્થવ્યવસ્થાની સમાજલ પર્યાવરણ અને રાજબંધારણ વિચારવા લાયક માહિતી આપણને આપે છે. ઉપરની આછી રૂપરેખા ભૌગોલિક પ્રદેશો અને મુખ્ય વિદેશી અને દેશી રાજયોના રાજકીય બંધારણના મિશ્રણની ચર્ચા કરે છે જેઓ અનુમૌર્યકાળમાં તરત જ જુદા જુદા સમયે વધારે શકિતશાળી થયા.

## 10.8 સ્થાનિક રાજયો :

ઘણી સ્થાનિક અથવા ઉપ-પ્રાદેશિક સત્તાઓ કાં તો વધારાની ભૂમિવિષયક અર્થવ્યવસ્થાના ઉત્તેજનાર્થ અથવા કેટલાક પ્રદેશો વેપારના ઉત્તેજનાર્થ આ સમયમાં ઉદ્દભવેલ. કેટલાક ભારતીય સાહિત્યના પુરાવાઓ જેવા કે નાગલ ગર્દભીલ અને આભીર બતાવે છેલ તેમના રાજાઓ વડે તેમનું રાજય ચાલતું હતું. અનુમૌર્યકાળના રાજાઓના નામોની યાદીમાં ચાર નાગ રાજાઓલ સાત ગર્દભીલ રાજાઓ લ તેર પુષ્યમિત્રો અને દસ આભીર રાજાઓ છે. ગર્દભીલો કદાચ મધ્ય અને પશ્ચિમ ભારતનાં જંગલોની મોટી ભીલોની ટોળીમાંથી ઉદ્દભવ્યા. કેટલાક આભીરો આહિર જાતિમાંથી  અને તેમાના કેટલાક ખેતીમાં જાણીતા હતા. આ બધાની સાથે બીજી ટોળીઓ આ સમય દરમિયાન જેનો ફેરફાર થયો તેઓ તેમના સિકકાથી જાણીતા થયા છે. તેઓએ તેમના નામથી અથવા તેમના જનપદોના નામથી સિકકા છાપ્યા. યૌધેયો પાણિનિના સમયમાં ધંધાદારી લડવૈયા તરીકે જાણીતા હતા. આ સમય દરમિયાન કહેવાય છે કે શક રાજા રુદ્રદામનથી દબાઈ દેવામાં આવ્યા હતા. તેમના મુલકમાં સતલજ અને યમુના વચ્ચેની જમીનનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે મથુરાના દક્ષિણ-પૂર્વ તરફ અર્જુનયે તેમની આપખુદી સત્તા શુંગ રાજયના અંત સમયે સ્થાપી હતી.

પંજાબમાં રાવી અને બીઆસ વચ્ચેની જમીન ઉદુમ્બરોએ પડાવી લીધી હતી તે આપણે બતાવી ગયા. કુનિન્દો શૈવાલિક ટેકરીઓની તળેટીની આસપાસ બિયાસ અને યમુનાની વચ્ચે જાણીતા થયા હતા બીજી પ્રજાસતાક રાજયની ટોળીઓ આ સમય દરમિયાન જાણીતી થયેલી તે શિબિ , માલવ,ત્રિગર્તા વગેરે આ જનપદો ભારતના ઉત્તર અને ઉત્તર પશ્ચિમના પ્રદેશોમાં પથરાયા હતા. અને તે જ વખતે સ્વતંત્ર ઉપરાજયો જેવાં અયોધ્યા લ કૌશામ્બી અને મથુરા તથા અહિચ્છતા જેઓ પહેલાં મૌર્યોને તાબે થયાં હતાં તેઓએ તેમની સતા ફરીથી સ્થાપન કરી.

દખ્ખણ માટેની માહિતી જોકે તે મુખ્યત્વે ઘણાં ગૌણ સ્થાનિક રાજયકર્તાઓ અને તેમના કુટુંબીઓ કે જેમના ઉપર સાતવાહનો તેમનું આધિપત્ય સ્થાપી શકયા હતા તેમના સિકકાને

આધારે આપણી પાસે કેટલીક માહિતી છે. દા.ત. મહારથી લ કુર અને અનાર્દનાં કુટુંબો મહારાષ્ટ્રલ કર્ણાટક અને આંધ્રમાં જાણીતા છે. ઉપરાંત ઘણા દખ્ખણના સ્થાનિક સરદારોએ આ સમય દરમિયાન સિકકાઓ બહાર પાડયા હતા. છેક દક્ષિણમાં આપણે જાણીએ છીએ કે સરદારોએ ત્રણ અમલદારો નાના સરદારો કે જેઓના પ્રદેશ ઓછો વિકસિત હતો તેઓની સાથે સતત લડતા રહેતા. દા.ત.વેલીર આગેવાનો ઘણા પ્રખ્યાત હતા કારણલ તેઓએ રોમન વેપારના અગત્યના દક્ષિણ-પૂર્વ કિનારાના બારાંને અંકુશમાં લીધાં હતાં.

જોકે અનુમૌર્યકાળમાં જુદા જુદા વંશોએ સામ્રાજય ઉભા કરવા પ્રયત્નો કર્યા હતા. તેના ઘણા દાખલાઓ છે કે દરેક એક બીજા સામે લડતા રહેતા. વધારામાં પેટા-પ્રદેશોની સત્તા પુરેપરી દબાવી શકાઈ ન હતી. એક બાજુએ મૌર્યોની રાજકીય પડતીને કારણે આમાંની ઘણી સ્થાનિક સત્તાઓને ઉભા થવાની પરિસ્થિતિ ઉભી થઈ. તો બીજી બાજુએ મૌર્યોએ આર્થિક વૃદ્ધિ મૌર્ય સમયમાં સતત એકસરખી ચાલી રહી. મૌર્યોના સામ્રાજયની કટોકટી વ્યવસ્થા અને તેનાં સાધનો ઉપરના નિયંત્રણ અંગેની હતી નહીં કે તેના અભાવની.

**તમારી પ્રગતિ ચકાસો**

**(ક) નીચેનાં કયાં વિધાનો સાચાં કે ખોટાં છે તેની નિશાની કરો.**

1. રાજકર્તાઓના ઝડપથી બદલાતા ઉતરાધિકારીઓએ રાજાશાહીનો અંકુશ નબળો કર્યો.
2. મૌર્ય રાજય છુટછવાયું હતું અને તેથી તેના ઉપર અંકુશ રાખવો સરળ હતો.
3. મૌર્યોના અમલદારો તેમની રાજા પ્રત્યેની વફાદારીના આધારે પસંદ કરવામાં આવતા.
4. મૌર્ય રાજયના અંકુશને તોડવા માટે લોકપ્રિય બળવા થયા હતા.

**(ખ) ત્રણ કે ચાર લીટીમાં જવાબ લખો**

1. અશોકના ઉત્તરાધિકારીઓને તાત્કાલિક ક્યાં વહીવટી પ્રશ્નોનો સામનો કરવો પડયો હતો"
2. મૌર્યની વહીવટી પધ્ધતિમાં કયા પ્રશ્નો ગૂંચવાડાભર્યા હતા કે જેથી પછીના રાજાઓની છિન્નભિન્નતાનું કારણ બન્યુ "
3. અશોકની નીતિ મૌર્યોની પડતી માટે જવાબદાર છે એવી દલીલ કરનારા વિદ્વાનોના મત બતાવો.
4. અનુમૌર્ય સમયમાં ઉતર અને દક્ષિણ ભારતના મુખ્ય રાજકીય ફેરફારોની રૂપરેખા લગભગ સો શબ્દોમાં લખો.

**(ગ) નીચેનાં વિધાનો ખરાં છે અથવા ખોટાં તે જણાવો.**

1. બ્રાહ્મણો દ્વારા બળવા માટે સ્થિતિ પૂરી પાડવામાં અશોક સફળ થયો હતો.
2. અશોકની કોઈ પણ નીતિ શાંતિની તરફદારી કરતી ન હતી.
3. પછીના મૌર્ય આહત મુદ્રાઓમાં ચાંદીની માત્રા વધી હતી.
4. પછીના મૌર્યોના આશ્રયે સિકકાઓનો સંઘરો તેના ઘસારાને ખેંચી લાવ્યો હોવો જોઈએ.
5. પુષ્યમિત્ર શુંગ કદાચ મૌર્યોના આશ્રયે ઉજ્જૈયિનીનો સુબો હતો.
6. અયોધ્યા, કૌસામ્બીલ મથુરાલ અહિચ્છના ટોળીના લોકશાસનના હતા.

**(ઘ) નીચે આપેલી શબ્દસંજ્ઞામાંથી મૌર્યોની પડતીના ઘણા અગત્યના ત્રણ કારણો ઓળખાવો.**

1. બ્રાહ્મણોનો બળવો
2. રાજય અંકુશ નબળો થવો.
3. રાજકીય ખર્ચમાં વધારો
4. વિદેશી સત્તાઓનાં આક્રમણો
5. અસરકારક સાધનો ઉભા કરવાની અશકિત
6. લશ્કરનુ નિરુદ્દ્યમીપણું

**10.9 સારાંશ :**

આ એકમમાં આપણે મૌર્ય સામ્રાજયના છિન્ન ભિન્ન થવાના અને સ્થાનિક સતાઓ ઉભી થવાના વિવિધ કારણોનું પૃથ્થકરણ કયું. અશોક પાસેથી વારસામા મેળવેલા સામ્રાજયને અશોકના ઉત્તરાધિકારીઓ જાળવવામાં નિષ્ફળ ગયા. અશોક પછી સામ્રાજયના ભાગલા અને રાજકર્તાઓના એક પછી એક બદલાતા ઉત્તરાધિકારીઓછે નિઃશંક રીતે સામ્રાજયનો પાયો નબળો કર્યો.પણ વધારે અગત્યનું એ છે કે મૌર્ય રાજાશાહીના માળખામાંના આંતરિક વિરોધે કટોકટી વધારી .ઉચ્ચ કક્ષાની કેન્દ્રિય અમલદારશાહીની વફાદારી રાજા પ્રત્યે હતી પણ રાજયને કારણે અશોક પછી વહીવટમાં ઘણી વિપરીત અસર થઈ.

આપણે જોયું કે જૂના વિદ્ધાનોના કેટલાંક વિચારો પ્રમાણે અને તેની નીતિઓ મૌર્યોની પડતી માટે જવાબદાર હતી પરંતુ સમકાલીન પુરાવાના આધારે આ માન્યતા સ્વીકારી શકાય તેમ નથી. મૌર્યોના સામ્રાજયનુ છિન્ન ભિન્ન થવું તેમાં તેના આર્થિક પ્રશ્નોને પણ ગણતરીમાં લીધા છે તેમ કેટલાક વિદ્રાનો માને છે છેવટે આપણે ઉત્તર  અને દક્ષિણ ભારતમાં સ્થાનિક રાજયતંત્રોના વિકાસ અને તેના પાસાં પણ જોયાં છે અને તેણે મૌર્ય સામ્રાજયની વિઘટનની પ્રક્રિયાની ગતિ વધારી.




મૌર્ય યુગ સામ્રાજયનો નકશો







| મૌર્ય યુગના સિકકાઓ | મૌર્ય યુગ દરમિયાન યુધ્ધનુ ચિત્ર |
|---|---|

## 10.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**(ક)**

૧.ખરુ

૨.ખોટું

૩.ખરુ

૪.ખરુ

**(ગ)**

૧. ખોટુ

૨. ખરુ

૩. ખોટુ

૪.ખરુ

૫. ખોટુ

## 10.11 ચાવીરૂપ શબ્દો :

- અમલદારી :સતાને જવાબદાર અમલદારો વડે ચાલતી સરકારની વ્યવસ્થા.
- પ્રાદેશિકઃ અમુક પ્રકારની લાક્ષણિકતા નગરની જમીનને અથવા પ્રદેશને અથવા જિલ્લાને લાગુ પડતું.
- રાજયતંત્રઃ રાજકીય વ્યવસ્થાનું સ્વરૂપ -કેટલાક રાજાશાહી અથવા પ્રજાસતાક અથવા વર્ણ આધારિત
- શોષણ : બીજાના ખર્ચ પોતાના સ્વાર્થી કામ માટે કરાતુ કૃત્ય.
- શાંતિપ્રિયઃ યુદ્ધના વિરોધી અથવા બધાં યુદ્ધો ખોટાં છે તેમ માનનારા.

  સ્થાનિકઃ વિશિષ્ટ પ્રદેશ કે સ્થાનને લગતું.

## 10.12 સંદર્ભગ્રંથો

1.જયસ્વાલ કે.આર.,હિંદુ રાજ્ય વ્યવસ્થા,ગુજરત વારનાકયુલર સોસાયટી,અમદાવાદ,૧૯૩૩.
2..સોમપુરા કે.એફ.,હિંદુ રાજ્ય પદ્ધતિઓ નો ઈતિહાસ,યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ,અમદાવાદ,૧૯૬૨.
3.શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર ગુજરાતનો રાજકીય અને સંસ્કૃતિક ઈતિહાસ ભોજે વિદ્યાભવન અમદાવાદ,૧૯૯૭.
૪.જહા,ડી.એન.મોર્યોતર ઓંર ગુપ્તકાલીન રાજ્ય વ્યવસ્થા,રાધાકૃષ્ણ પ્રકાશન નવી દિલ્હી.

નોંધ :

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-89909-01-2